અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૫ સપ્ટેમ્બર ૨૦૨૫, શુક્રવાર
વિક્રમ સંવત ૨૦૮૧, ભાદરવો સુદ ૧૨
વર્ષ : ૧૭
અંક : ૬૬
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ‘દરેક ભારતીયો માટે દિવાળી ગિફ્ટ...’

# GST સ્લેબમાં ફેરફાર અંગેના નિર્ણયને PM મોદીએ ગણાવ્યો ઐતિહાસિક

## કેન્દ્ર સરકારના આ નિર્ણયથી રોજિંદા વપરાશની વસ્તુઓ સસ્તી થશે અને જીવનરક્ષક દવાઓને સંપૂર્ણપણે કરમાંથી મુક્તિ આપવામાં આવી છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

બુધવારે GST કાઉન્સિલની ૫૬મી બેઠકમાં ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા, જેનાથી સામાન્ય લોકો તેમજ ઉદ્યોગપતિઓને સીધી રાહત મળશે. બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે હવે ફક્ત બે GST સ્લેબ રહેશે, 5% અને 18%. એટલે કે, ૧2% અને 28% સ્લેબ નાબૂદ કરવામાં આવશે. કેન્દ્ર સરકારના આ નિર્ણયથી રોજિંદા વપરાશની વસ્તુઓ સસ્તી થશે અને જીવનરક્ષક દવાઓને સંપૂર્ણપણે કરમાંથી મુક્તિ આપવામાં આવી છે. આ નિર્ણયને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઐતિહાસિક ગણાવ્યું અને કહ્યું કે આગામી પેઢીના GST સુધારા સામાન્ય માણસનું જીવન સરળ બનાવશે અને અર્થતંત્રને વધુ મજબૂત બનાવશે. પીએમ મોદીએ એક X પોસ્ટમાં કહ્યું, ‘‘મારા સ્વતંત્રતા દિવસના ભાષણ દરમિયાન, મેં GSTમાં આગામી પેઢીના સુધારા લાવવાના અમારા ઈરાદા વિશે વાત કરી હતી. કેન્દ્ર સરકારે વ્યાપક GST દરો અને પ્રક્રિયાગત સુધારાઓને તર્કસંગત બનાવવા માટે એક વિગતવાર પ્રસ્તાવ તૈયાર કર્યો હતો, જેનો હેતુ સામાન્ય માણસનું જીવન સરળ બનાવવા અને અર્થતંત્રને મજબૂત બનાવવાનો છે.’’ તેમણે વધુમાં કહ્યું, ‘‘મને જણાવતા આનંદ થાય છે કે કેન્દ્ર અને રાજ્યોનો સમાવેશ કરતી GST કાઉન્સિલ GSTના દર ઘટાડા અને સુધારાઓ પર કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરાયેલા પ્રસ્તાવો પર સામૂહિક રીતે સંમત થઈ છે, જેનાથી સામાન્ય માણસ, ખેડૂતો, MSME, મધ્યમ વર્ગ, મહિલાઓ અને યુવાનોને ફાયદો થશે. વ્યાપક સુધારાઓ આપણા નાગરિકોના જીવનમાં સુધારો કરશે અને બધા માટે, ખાસ કરીને નાના વેપારીઓ અને વ્યવસાયો માટે વ્યવસાય કરવાની સરળતા સુનિશ્ચિત કરશે.’’

### કઇ વસ્તુઓ સસ્તી થશે અને કઇ વસ્તુઓ મોંઘી થશે

**દૈનિક જરૂરિયાતની ચીજવસ્તુઓ થશે સસ્તી**
હેયર ઓઈલ, શેમ્પૂ, ટૂથપેસ્ટ, સાબુ, ટૂથબ્રશ, શેવિંગ ક્રીમ 18% થી 5%
માખણ, ઘી, ચીઝ અને અન્ય ડેરી ઉત્પાદનો 12% થી 5%
પ્રી-પેકેજ્ડ નમકીન અને ચવાણું 12% થી 5%
વાસણો 12% થી 5%
ફીડિંગ બોટલ, બાળકોના નેપકિન્સ અને ડાયપર 12% થી 5%
સીવણ મશીન અને તેના ભાગો 12% થી 5%

**આરોગ્ય ક્ષેત્રે રાહત**
હેલ્થ અને લાઈફ ઈન્સ્યોરન્સ ૧૮% થી શૂન્ય
થર્મોમીટર 18% થી 5%
મેડિકલ ગ્રેડ ઓક્સિજન 12% થી 5%
ગ્લુકોમીટર અને ટેસ્ટ સ્ટ્રીપ્સ 12% થી 5%
ચશ્મા 12% થી 5%

**સ્ટેશનરી વસ્તુઓ ટેક્સ ફ્રી**
નકશા, ચાર્ટ અને ગ્લોબ્સ 12% થી શૂન્ય
પેન્સિલ, શાર્પનર્સ, ક્રેયોન્સ-પેસ્ટલ્સ કલર્સ 12% થી શૂન્ય
પાઠ્ય પુસ્તકો અને નોટબુક્સ 12% થી શૂન્ય
ઈરેઝર 5% થી શૂન્ય

**ખેડૂતોને રાહત**
ટ્રેક્ટર 12% થી 5%
ટ્રેક્ટર ટાયર અને ભાગો 18% થી 5%
જંતુનાશકો અને સૂક્ષ્મ પોષકતત્ત્વો 12% થી 5%
જમીન ખેડવા, લણણી અને થ્રેશિંગ માટેના મશીનો 12% થી 5%

**વાહનો થશે સસ્તા**
પેટ્રોલ, LPG અને CNG કાર (1200 CC અને 4000 MM સુધીના) 28% થી 18%
ડીઝલ કાર (1500 CC અને 4000 MM સુધીના) 28% થી 18%
થ્રી-વ્હીલર વાહનો 28% થી 18%
350 CC સુધીના બાઈક 28% થી 18%
માલ પરિવહન માટેના વાહનો 28% થી 18%

**ઈલેક્ટ્રોનિક ઉપકરણો પર ટેક્સ ઘટાડો**
એર કંડિશનર 28% થી 18%
32 ઈંચથી મોટા ટીવી 28% થી 18%
મોનિટર અને પ્રોજેક્ટર 28% થી 18%
ડીશ વોશિંગ મશીન 28% થી 18%

**શું મોંઘું થયું?**
લકઝરી વસ્તુઓ, લકઝરી કાર-બાઈક, તંબાકુ ઉત્પાદન, સિગારેટ, ફાસ્ટફૂડ અને કોલ્ડ ડ્રીંક્સને 40%ના સ્પેશિયલ સ્લેબ હેઠળ GST વસૂલવામાં આવશે.

### ન્યૂઝ બ્રિફ

#### ઝારખંડના પલામુમાં ઉગ્રવાદીઓ સાથે ભીષણ અથડામણમાં ૨ જવાન શહીદ

। (એજન્સી) રાંચી, તા.૪ ।

ઝારખંડના પલામુમાં ઉગ્રવાદીઓ અને ભારતીય સૈન્ય વચ્ચે ભયાનક અથડામણ સર્જાઈ હતી. જેમાં બે જવાનો શહીદ થઈ ગયા હતા. શહીદ થનારા સૈનિકોને ઓળખ સંતમ કુમાર અને સુનીલ રામ તરીકે થઈ હતી. જ્યારે આ એન્કાઉન્ટરમાં ઈજાગ્રસ્ત થનારા જવાનની ઓળખ રોહિત કુમાર તરીકે થઈ છે.આ કેસની માહિતી આપતાં ડીઆઈજી નૌશાદ આલમે જણાવ્યું હતું કે, પોલીસને સૂચના મળી હતી કે આ વિસ્તારમાં કર્મા પૂજાનું આયોજન થઈ રહ્યું છે અને આ સમય દરમિયાન પ્રતિબંધિત સંગઠન ટીએસપીસીના નક્સલીઓ આતંક ફેલાવવાનો પ્રયાસ કરી શકે છે. માહિતીના આધારે, એસપીના નેતૃત્વમાં પોલીસકર્મીઓએ પોતાને બે ટીમોમાં વહેંચી દીધા અને સર્ચ ઓપરેશન શરૂ કર્યું. આ દરમિયાન, હુમલામાં બે જવાન શહીદ થયા છે.વધુ માહિતી આપતા તેમણે કહ્યું કે, જવાનો પહાડી માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા કે તરત જ છૂપાયેલા માઓવાદીઓએ અચાનક ગોળીબાર શરૂ કરી દીધો. પોલીસે પણ વળતો જવાબ આપ્યો, પરંતુ એન્કાઉન્ટરમાં બે જવાન સંતન કુમાર મહેતા અને સુનીલ રામ શહીદ થયા હતા, આ સિવાય રોહિત કુમાર ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

### યે રિશ્તા ક્યા કહેલાતા હૈથી જાણીતો થયો

## ટીવી અભિનેતા આશિષ કપૂરની દુષ્કર્મ કેસમાં ધરપકડ કરાઈ

। (એજન્સી) મુંબઈ, તા.૪ ।



પોપ્યુલર ટીવી અભિનેતા આશિષ કપૂર પર દુષ્કર્મનો આરોપ લાગ્યો છે, જેનાથી ચાહકો ચોંકી ગયા છે. અભિનેતાની પુણે પોલીસે ધરપકડ કરી લીધી છે. પીડિતાએ ઓગસ્ટમાં દિલ્હીમાં એક હાઉસ પાર્ટી દરમિયાન આશિષ કપૂર પર બાથરૂમમાં દુષ્કર્મ કરવાનો આરોપ લગાવ્યો છે. દિલ્હીના સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશનમાં આશિષ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. આશિષ કપૂર ટીવી જગતનો એક જાણીતો ચહેરો છે. ટીવી ઉપરાંત તેણે ફિલ્મોમાં પણ કામ કર્યું છે. તે ઈન્સ્ટાગ્રામ પર પણ એક્ટિવ છે અને તેની સારી ફેન ફોલોઈંગ છે. જોકે, હવે આ એકાઉન્ટ બંધ કરી દેવામાં આવ્યું છે. આશિષ કપૂર સરસ્વતીચંદ્ર, લવ મેરેજ યા અરેન્જ્ડ મેરેજ, ચાંદ છુપા બાદલ મેં, શ્શ્શ... ફિર કોઈ હૈ, સસુરાલ સિમર કા ૨, સાત ફેરે-સલોની કા સફર, દેખા એક મો ખ્વાબ, મોલક્કી રિશ્તો કી અગ્નિપરીક્ષા, યે રિશ્તા ક્યા કહેલાતા હૈ, વો અપના સા અને બંદિની જેવા ટીવી શોમાં નજર આવી ચૂક્યો છે. તેણે ટેબલ નંબર ૨૧ અને કુર્બાન જેવી ફિલ્મો પણ કામ કર્યું છે. આશિષને ટીવી શો દેખા એક ખ્વાબમાં ઉદયવીર સિંહના પાત્રથી લોકપ્રિયતા મળી હતી. ટીવીની દુનિયામાં આવતા પહેલા આશિષ કપૂરે ઈન્ટિરિયર ડિઝાઈનર તરીકે પણ કામ કર્યું હતું. તેણે ટીવી શો શ્શ્શ... કોઈ હૈ થી એક્ટિંગ ડેબ્યૂ કર્યું હતું. આશિષ કપૂર પોતાની પર્સનલ લાઈફને લઈને પણ ખૂબ ચર્ચામાં રહ્યો છે. તે પહેલા કો-સ્ટાર પ્રિયલ ગૌરને ડેટ કરી રહ્યો હતો, પરંતુ બાદમાં તેમનું બ્રેકઅપ થઈ ગયું. બ્રેકઅપ પછી પણ તેમની મિત્રતા ચાલુ રહી. બાદમાં આશિષે અલ્બેનિયન મોડેલ ઈલ્ડા ક્રોનીને ડેટ કરી. આ સંબંધ પણ તૂટી ગયો. આશિષ કપૂરે એપ્રિલ ૨૦૨૧માં ટીવી પ્રોડ્યૂસર પર્લ ગ્રે સાથે સગાઈ કરી હતી. બંનેએ મેચિંગ ટેટૂ પણ બનાવ્યા હતા. પર્લ ગ્રે અને આશિષની મુલાકાત ટીવી શો મન કી આવાઝ પ્રતિજ્ઞા ૨ ના સેટ પર થઈ હતી. જોકે, માત્ર એક જ વર્ષમાં તેમની સગાઈ તૂટી ગઈ.

### મણિપુરમાં શાંતિ સ્થાપિત થવાના એંધાણ

## કુકી સમુદાય સાથે કેન્દ્ર અને મણીપુર સરકારે કરી ડીલ

#### તમામ પક્ષે રાજ્યની ક્ષેત્રીય અખંડિતતા જાળવી રાખવા માટે નેશનલ હાઈવે-૨ શરૂ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

કેન્દ્ર અને મણિપુર સરકારે ગુરૂવારે (૪ સપ્ટેમ્બર, ૨૦૨૫) કુકી-ઝો કાઉન્સિલ (KZC) સાથે એક નવા સમાધાન પર હસ્તાક્ષર કર્યા છે. જે હેઠળ તમામ પક્ષે રાજ્યની ક્ષેત્રીય અખંડિતતા જાળવી રાખવા માટે નેશનલ હાઈવે-૨ શરૂ કરવા સહમતિ દર્શાવી છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના અધિકારીઓ અને KZCના એક પ્રતિનિધિમંડળ વચ્ચે બેઠકો યોજાયા બાદ આ કરાર કરવામાં આવ્યો છે. ત્રણેય પક્ષોએ મણિપુરમાં સ્થાયી શાંતિ અને સ્થિરતા લાવવા માટે વાતચીતના માધ્યમથી સમાધાન પર ભાર મૂકવા સહમતિ વ્યક્ત કરી હતી. ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે, કેઝેડસીએ રાજ્ય માટે જીવન રેખા સમાન એનએચ-૨ પર શાંતિ જાળવા માટે કેન્દ્ર સરકાર તરફથી તૈનાત સુરક્ષાદળો સાથે સહયોગ સાધવા આશ્વાસન આપ્યું છે.

### પોલીસથી બચવા માટે ઘરના માળિયામાં છુપાઈ ગયા નેતાજી

। કન્નૌજ, તા.૪ ।

કન્નૌજના બાલા પીર મોહલ્લામાં પોલીસે સમાજવાદી પાર્ટીના પૂર્વ ખજાનચી કેશ ખાનને શોધી રહી હતી. પહેલાં પોલીસે તેના પોતાના ઘરમાં તપાસ કરી, પરંતુ તે ત્યાં ન મળ્યો. પછી પોલીસ તેના ભાઈના ઘરે ગઈ, જ્યાં અચાનક પોલીસની નજર એક રૂમના માળિયા પર પડેલા એક મોટા અને વિચિત્ર પડદા પર પડી, જેથી તેને શંકા ગઈ. સૌના શ્વાસ થંભી ગયા. પોલીસે પડદો હટાવ્યો તો માત્ર એક ગાદલું પડ્યું હતું.

### શિખર ધવન પણ EDની રડારમાં

## સટ્ટાબાજી એપ કેસમાં શિખર ધવનની પણ પૂછપરછ કરાશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।



ગેરકાયદેસર સટ્ટાબાજી એપ વન એક્સ બેટ સંબંધિત મની લોન્ડરિંગના સંદર્ભમાં પૂછપરછ માટે પૂર્વ ભારતીય ઓપનર શિખર ધવનને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા સમન્સ મોકલવામાં આવ્યું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે તેમને ૪ સપ્ટેમ્બરના રોજ પૂછપરછ માટે પોતાની ઓફિસમાં આવવા કહ્યું છે. અગાઉ ભૂતપૂર્વ ભારતીય વિસ્ફોટક બેટ્સમેન સુરેશ રૈના પણ સટ્ટાબાજીના કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની રડારમાં આવ્યો હતો. ધવન પણ ટૂંક સમયમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) ઓફિસ પહોંચશે. જો મીડિયા રિપોર્ટ્સ અનુસાર, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ શિખર ધવનની પૂછપરછ કરશે અને વન એક્સ બેટ સટ્ટાબાજી એપ સંબંધિત તપાસમાં (PMLA) હેઠળ તેમનું નિવેદન રેકોર્ડ કરશે. એવું માનવામાં આવે છે કે ભૂતપૂર્વ ભારતીય ઓપનર શિખર ધવન કેટલીક જાહેરાતો દ્વારા આ સટ્ટાબાજી એપ સાથે સંકળાયેલો હતો.

### પંજાબના તમામ જિલ્લાઓ પૂરગ્રસ્ત જાહેર

## પંજાબમાં ભયાવહ પૂરનું સંકટ : ૩૭ લોકોનાં મોત

#### પંજાબમાં ભારે વરસાદને પગલે ખેતરોમાં પણ પાણી ભરાઈ જતા ૧.૪૮ લાખ હેક્ટરમાં પાક નષ્ટ થયો હોવાનું જણાયું છે

। (એજન્સી) ચંડીગઢ/હરિયાણા, તા.૪ ।

પંજાબમાં અવરિત વરસાદ તથા ઉપરવાસમાંથી છોડવામાં આવેલા પાણીને પગલે ભયાવહ પૂરની સ્થિતિ નિર્માણ પામી છે. પંજાબમાં ૧૯૮૮ પછીનું આ સૌથી ખતરનાક પૂર ગણવામાં આવે છે. તંત્ર દ્વારા રાજ્યના તમામ ૨૩ જિલ્લાને પૂરગ્રસ્ત જાહેર કરાયા છે. પ્રાપ્ત વિગતો મુજબ વરસાદ અને પૂર સંલગ્ન ઘટનાઓમાં પંજાબમાં ૩૭ લોકોનાં મોત થયા છે જ્યારે ૩.૫ લાખ લોકો પ્રભાવિત થયા છે. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને જણાવ્યું કે, જ્યારે દેશ પર સંકટ આવ્યું છે ત્યારે પંજાબ હંમેશા પડખે ઊભું રહ્યું છે.આજે પંજાબ પર સંકટ આવ્યું છે ત્યારે દેશે તેને મદદ કરવી જોઈએ. ફીરોઝપુરમાં પૂરની સ્થિતિનું નિરક્ષણ કર્યા બાદ સીએમ માને ઉમેર્યું કે, વિશેષ સર્વે બાદ લોકોને નુકસાનનું વળતર ચૂકવવામાં આવશે. સતલજ, બિયાસ અને રાવિ ઉપરાંત રાજ્યમાં આવેલા તમામ નદી-નાળા છલકાઈ જતા ૧,૬૫૫ ગામોમાં જળ ત્યાં સ્થળ જોવા મળે છે. હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીર પર ભારે વરસાદથી જળબંબોળ થયા છે. દિલ્હીમાં પણ યમુના નદીના પાણી બજારો અને ઘરોમાં ઘૂસતાં લોકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. પંજાબમાં ભારે વરસાદને પગલે ખેતરોમાં પણ પાણી ભરાઈ જતા ૧.૪૮ લાખ હેક્ટરમાં પાક નષ્ટ થયો હોવાનું જણાયું છે. રાજ્યની તમામ શાળા, કોલેજ અને યુનિવર્સિટીઓમાં ૭ સપ્ટેમ્બર સુધી રજા જાહેર કરાઈ છે. હરિયાણામાં પણ વરસાદ અને પૂર સંલગ્ન અલગ અલગ બનાવોમાં ૭ લોકોનો ભોગ લેવાયો હતો.

### GST મુદ્દે કોંગ્રેસનો દાવો

## એનડીએ સરકારે રાહુલ ગાંધીની વાત માનવી પડી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST)માં ઘટાડો કરવા મુદ્દે કોંગ્રેસે કેન્દ્ર સરકાર પર કટાક્ષ કર્યા છે. તેમણે કહ્યું છે કે, કેન્દ્ર સરકારે વર્ષોથી રાહુલ ગાંધીની સલાહને અવગણી. સરકારે GST કાઉન્સિલને ઔપચારિકતા સુધી મર્યાદિત કરી દીધુ છે. અંતે એનડીએએ રાહુલ ગાંધીની વાત સ્વીકારી પડી. કોંગ્રેસે કહ્યું કે, અમે લાંબા સમયથી GST ૨.૦ ની હિમાયત કરી રહી છે, જેથી GST દર ઘટાડવામાં આવે, મોટા પાયે વપરાશમાં લેવાતા માલ-સામાન પર જીએસટી ઘટાડવામાં આવે. કરચોરી અને ખોટી કેટેગરી સંબંધિત વિવાદો ઘટાડી શકાય. વધુમાં આઉટપુટ કરતાં ઈનપુટ પર વસૂલાતા વધુ પડતાં ટેક્સ નાબૂદ કરવાની પણ માગ કરી હતી. વધુમાં MSME પર નિયમોનો બોજ ઘટાડવા અને GSTનો વ્યાપ વધારવા ભલામણ કરી હતી. પરંતુ એનડીએ આ માગણીઓને અવગણી રહી હતી. કોંગ્રેસના મુખ્ય સચિવ અને રાજ્યસભા સાંસદ જયરામ રમેશે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતાં જીએસટી કાઉન્સિલની ભૂમિકા પર સવાલો કર્યા હતા.

## સરકારના બેઠેલા પિતા નીતિ બનાવે છે અને તેમના પુત્રો કમાણી કરે છે : કોંગ્રેસ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

કોંગ્રેસે ગુરુવારે કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી પર ગંભીર ભ્રષ્ટાચારના આરોપો લગાવ્યા છે. કોંગ્રેસનો દાવો છે કે, ગડકરીના પુત્રોની ઈથેનોલ ઉત્પાદક કંપનીઓએ સરકારની નીતિઓનો લાભ લઈને ઝડપી મસમોટો નફો કમાવ્યો છે. તેમણે ગડકરીના બંને પુત્રોની કંપનીઓની કમાણીનો પણ ઉલ્લેખ કર્યો છે અને કેન્દ્ર સરકાર પર પણ આકરા પ્રહારો કર્યા છે. કોંગ્રેસના પ્રવક્તા પવન ખેડાએ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, નિખિલ ગડકરી અને સારંગ ગડકરી નિતિશ ગડકરીના પુત્રો છે. બંને પુત્રોની કંપનીઓ (Cian Agro Industries & Infrastructure Ltd અને Manas Agro Industries And Infrastructure Ltd) ઈથેનોલનું ઉત્પાદન કરે છે. સરકારના બેઠેલા પિતા પોલિસી બનાવી રહ્યા છે અને તેમના પુત્રો કમાણી કરી રહ્યા છે. તેમણે કહ્યું કે, નિખિલ ગડકરીની કંપની ક્રૈફ્રહ છપ્પ્રિએ જૂન-૨૦૨૪માં ૧૮ કરોડ રૂપિયાની કમાણી કરી હતી, ત્યાર પછી આ કમાણી જૂન-૨૦૨૫માં વધીને ૭૨૩ કરોડ રૂપિયા પર પહોંચી ગઈ છે. કંપનીના શેરની કિંમત જાન્યુઆરી-૨૦૨૫માં ૩૭ રૂપિયા હતી, હવે શેરની કિંમત વધીને ૬૩૮ રૂપિયા પર પહોંચી ગઈ છે. છેલ્લા ૧૧ વર્ષના ઈતિહાસમાં કોઈ પણ યોજના નિર્ધારિત સમયગાળામાં પૂરી થઈ નથી, પરંતુ ૨૦ ટકા ઈથેનોલ મિશ્રણનો ટાર્ગેટ ૨૦૨૫ના નિર્ધારિત સમયગાળ પહેલાં પૂરો કરી દેવાયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નીતિન ગડકરીએ જૂન-૨૦૨૪માં કહ્યું હતું કે, મ્યુનિસિપલ કચરામાંથી બનેલા ઈથેનોલના કારણે પેટ્રોલ ૫૫ રૂપિયા લીટર અને ડીઝલ ૫૦ રૂપિયે લીટર મળશે.

### ટ્રેડ ડીલ માટે ભારતે ઝીરો ટેરિફની ઓફર આપી હોવાનો ટ્રમ્પનો દાવો

## ભારત પર વધુ પ્રતિબંધો લાદવાની ડોનાલ્ડ ટ્રમ્પની ચીમકી

। (એજન્સી)વોશિંગ્ટન, તા.૪ ।

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ૫૦ ટકા ટેરિફ ઝીંકી હોવા છતાં ભારતે સહેજ પણ મચક આપી નથી. ભારતના આ વલણથી સમસમી ઊઠેલા ટ્રમ્પે ફરી એક વાર ચીમકી આપી છે. ટ્રમ્પે ભારત પર તબક્કાવાર પ્રતિબંધો ઝીંકવાની ચીમકી આપતા કહ્યું હતું કે, ૫૦ ટકા ટેરિફ ઝીંક્યા પછી પણ કોઈ અસર ના થઈ હોય તો હવે બીજા અને ત્રીજા તબક્કાની કાર્યવાહી થશે. ભારતે અમેરિકાની કાર્યવાહીથી બચવું હોય તો રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવાનું બંધ કરવું પડશે. ભારતને આપેલી જૂની ચેતવણી યાદ કરાવતા ટ્રમ્પે કહ્યું હતું કે, રશિયન ઓઈલ ખરીદવાનું બંધ ન થાય તો ભારત માટે મોટી મુસીબત ઊભી થવાની આશંકા વ્યક્ત કરેલી જ હતી. રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવાનું બંધ કરે તે માટે ૨૫ ટકા એડિશનલ ટેરિફ લગાવી છે. આ ટેરિફથી રશિયાને સેંકડો અબજ ડોલરનું નુકસાન થયું છે. આ પગલાને પણ નક્કર કાર્યવાહી સમજવામાં ન આવે તો બીજા અને ત્રીજા તબક્કાનું આયોજન તૈયાર છે.

## અંકલેશ્વરમાં બે અલગ અલગ અકસ્માતમાં બે વ્યક્તિઓના મૃત્યુ

। (એજન્સી) અંકલેશ્વર, તા.૪ ।

અંકલેશ્વરમાં બે અલગ અલગ અકસ્માતમાં બે વ્યક્તિઓના મૃત્યુ થયા છે. અંકલેશ્વરના ત્રણ રસ્તા શાકમાર્કેટથી શાકભાજી લઈ જતા ઝગડિયાના બે લોકોની બાઈક નેશનલ હાઈવે પર કીચડને લીધે ફસાઈ ગઈ હતી અને સ્લીપ થતાં અકસ્માત થયો. હોટલ ઈન પાસે બનેલા બનાવમાં એકનું મોત થયું અને એક ઘાયલ થયો. જુના હરિપુરા ગામ ખાતે બાઈક ચાલક પુર્વપાટ વીજ પોલ સાથે અથડાતા ગંભીર ઈજાના કારણે સ્થળ પર જ મોત નીપજ્યું.ઝગડિયાના નાના સાંજા ગામના અર્જુન વસાવા અને ગંભીર વસાવા નોકરી પરથી છૂટીને અંકલેશ્વર ત્રણ રસ્તા સર્કલ પર શાકભાજી લેવા આવ્યા હતા. ખરીદી કર્યા બાદ તેઓ પરત નેશનલ હાઈવે નં. ૪૮ પર નાના સાંજા ગામ તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન હોટલ ઈન પાસે કીચડને કારણે બાઈક સ્લીપ થઈ ગઈ અને બંને રોડ પર પટકાયા. અર્જુન ભાઈને પગમાં ઈજા પહોંચી હતી જ્યારે ગંભીર ભાઈને માથામાં ગંભીર ઈજા થઈ, જેને ૧૦૮ દ્વારા સારવાર માટે ખસેડવામાં આવ્યા જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યો. ઘટના અંગે અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ અને વધુ તપાસ શરુ કરી હતી.

## નશામાં ધૂત ટેક્સી ડ્રાઈવરે સર્જ્યો ભયાનક અકસ્માત

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

અમદાવાદના શ્યામલ વિસ્તારમાં ફરી રફતારના રાક્ષસનો કહેર જોવા મળ્યો છે. શ્યામલમાં બેફામ કાર ચાલકે અકસ્માત સર્જી અન્ય લોકોના જીવ જોખમમાં મૂકયા હતા. શ્યામલ ચાર રસ્તા પાસે અકસ્માતની ઘટના બની છે, જેમાં ફુલ સ્પીડમાં જઈ રહેલી કારે અન્ય કારને ટક્કર મારતા કારને નુકસાન પહોંચ્યું છે, ઘટનાની જાણ થતાની સાથે જ લોકોના ટોળેટોળા ઉમટી પડયા હતા અને કાર ચાલકને કારની બહાર કાઢયો હતો, કાર એટલી સ્પીડમાં હતી કે જો અન્ય વાહનો પણ રોડ પર જતા હોત તો તેને પણ અડફેટે લઈ લીધા હોત. મળતી માહિતી મુજબ, આયુષ ભાઈલાલ પરમાર નામનો ટેક્સી ડ્રાઈવર સોલા વિસ્તારનો રહેવાસી છે. તે રાત્રે તેના પેસેન્જરને લઈને જીવરાજ બ્રિજ પરથી શિવરંજની તરફ જઈ રહ્યો હતો. આ દરમિયાન શ્યામલ ચાર રસ્તા પાસે તેની સ્વીફ્ટ કારે માણેકબાગથી આનંદનગર તરફ જઈ રહેલી એક બલેનો કારને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે બંને કારને ભારે નુકસાન થયું હતું. બન્ને કારને આગળના એટલે કે બોનેટના ભાગે નુકસાન પહોંચ્યું છે, અને ટ્રાફિક પોલીસે સમગ્ર ઘટનાને લઈ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે,

# કારના ૯૦ હજારની લેતીદેતીમાં જસદણના યુવકની હત્યા, ત્રણ આરોપીની ધરપકડ

## આરોપીઓએ મોટરકારના બાકી રહેતા રૂપિયા ૯૦,૦૦૦ની ઉઘરાણી માટે યુવકનું અપહરણ કરી હત્યા કરી હતી

। રાજકોટ, તા.૪ ।



રાજકોટ જિલ્લાના જસદણમાં આરોપીઓએ મોટરકારના બાકી રહેતા રૂપિયા ૯૦,૦૦૦ની ઉઘરાણી માટે યુવકનું અપહરણ કરી હત્યા કરી હતી. જસદણના કાળાસર ગામના રહેવાસી ધર્મેશભાઈ ધીરુભાઈ મકવાણાએ આટકોટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. તેમણે ફરિયાદમાં જણાવ્યું કે, તેમના નાના ભાઈ લાલજીભાઈ મકવાણા (ઉંમર ૨૮)નું અપહરણ કરી હત્યા કરવામાં આવી છે. આ ગુનામાં આરોપી તરીકે અલ્લુ અમરૂ જબલીયા, અજય મંગળુ ભોજક અને સિદ્ધરાજ અલ્લુ ગીડાના નામ આપવામાં આવ્યા હતા. પોલીસે આ ત્રણેય આરોપીઓની ધરપકડ કરી છે.પોલીસ તપાસમાં સામે આવ્યું કે, આલ્કુ અમરુભાઈ જેબલીયાએ એક વર્ષ પહેલાં મૃતક લાલજી મકવાણા પાસેથી રૂપિયા ૧.૪૦ લાખમાં એક ઈકો કાર ખરીદી હતી. તે સમયે તેણે લાલજીને ૯૦,૦૦૦ રૂપિયા આપ્યા હતા અને બાકીની રકમ કાર તેના નામે થયા પછી આપવાનું નક્કી થયું હતું. જો કે બાદમાં ખબર પડી કે આ કાર લાલજીના નામે નહીં પરંતુ જીતેન્દ્ર વાઘેલાના નામે છે. આથી તેણે કાર તેના મૂળ માલિકને પરત આપી દીધી હતી. ત્યારબાદ આલ્કુ જેબલીયાએ લાલજી પાસે પોતાના આપેલા રૂપિયા ૯૦,૦૦૦ પરત માંગ્યા હતા. પરંતુ લાલજી રૂપિયા પરત કરતો ન હતો. આથી, ૨૯/૦૮/૨૦૨૫ના રોજ વહેલી સવારે આલ્કુ જેબલીયા અને અજય ભોજકે તેનું અપહરણ કરી તેને વીરનગરની સીમમાં અજય ભોજકની વાડીએ લઈ ગયા હતા. ત્યાં તેમણે લાલજીને ઝાડ સાથે બાંધી કેબલ વાયરથી માર માર્યો મારીને પત્ની કિંજલબેનને ફોન કરાવી ૨૦,૦૦૦ની માંગણી કરી હતી. આરોપી સિદ્ધરાજ ગીડા લાલજીના ઘરે જઈને તેની પત્ની પાસેથી ૨૦,૦૦૦ લઈ આવ્યો હતો. થોડા સમય બાદ આલ્કુ જેબલીયા અને સિદ્ધરાજ ગીડા ફરીથી વાડીએ ગયા ત્યારે તેમણે જોયું કે લાલજીનું મૃત્યુ થઈ ચૂક્યું હતું. બાદમાં તેમણે લાલજીની લાશને મોટરસાયકલ પર લઈ જઈને એક નિર્જન જગ્યાએ ફેંકી દીધી હતી.

### વારંવારની રજૂઆતો બાદ પણ કોઈ કાર્યવાહી ન થતાં આખરે લોકોએ કંટાળીને રોડ પર ઉતરીને વિરોધ પ્રદર્શન કરવાનો નિર્ણય લીધો

# સરસપુરમાં પ્રાથમિક સુવિધાના અભાવે સ્થાનિકોનો રોષ ફાટ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

અમદાવાદના સરસપુર વિસ્તારમાં પ્રાથમિક સુવિધાના અભાવે સ્થાનિકોનો રોષ ફાટી નીકળ્યો છે. અરવિંદ મિલ પાસે વારંવાર ઉભરાતી ગટરો અને ગંદકીથી કંટાળીને સ્થાનિકોએ રોડ પર ઉતરીને વિરોધ પ્રદર્શન કર્યું હતું. લોકોએ બંને તરફનો રસ્તો બ્લોક કરી દેતા વાહનવ્યવહાર ખોરવાયો હતો અને ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, સરસપુરમાં ગટર ઉભરાવાનો પ્રશ્ન ઘણા સમયથી ચાલી રહ્યો છે. આ અંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) અને સ્થાનિક કોર્પોરેટરોને અનેકવાર રજૂઆતો કરવામાં આવી હતી, તેમ છતાં સમસ્યાનું કોઈ નિરાકરણ આવ્યું ન હતું. વારંવારની રજૂઆતો બાદ પણ કોઈ કાર્યવાહી ન થતાં આખરે લોકોએ કંટાળીને રોડ પર ઉતરીને વિરોધ પ્રદર્શન કરવાનો નિર્ણય લીધો હતો. ઉલ્લેખનીય છે કે અવાર-નવાર ગટરો ઉભરાતી હોવાથી ગંદકી અને મચ્છરનો ઉપદ્રવ વધતાં રોગચાળાની ભિતિ સતત રહે છે. નરોડા અરવિંદ મિલ પાસે સ્થાનિકોએ રસ્તાની વચ્ચે ઉભા રહીને ટ્રાફિક બ્લોક કરી દીધો હતો. જેના કારણે આસપાસના રસ્તાઓ પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી અને વાહનચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. આ વિરોધ પ્રદર્શનને કારણે જનજીવન પ્રભાવિત થયું હતું. ઘટનાની ગંભીરતા જોતા AMCના અધિકારીઓ અને પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

# ગુજરાતમાં આવતું ૯૨ ટકા પનીર ડુપ્લિકેટ છે, મીઠાઈ-ફરસાણ એસોસિએશનના પ્રમુખનો ઘટસ્ફોટ

। (એજન્સી) ડાકોર, તા.૪ ।

ગુજરાત મીઠાઈ ફરસાણ એસોસિએશનની પ્રથમ બેઠક ડાકોર ખાતે યોજાઈ હતી, જેમાં રાજ્યભરના વેપારીઓ ભેગા થયા હતા. આ બેઠકમાં મુખ્યત્વે ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ અને તેનાથી ગ્રાહકોના સ્વાસ્થ્યને થતા નુકસાન પર ચર્ચા થઈ હતી. પ્રમુખ કિશોરભાઈ શેઠે જણાવ્યું હતું કે અમદાવાદ સહિતની હોટેલોમાં લોકો જે પનીર હોંશે હોંશે ખાય છે, તે મોટા ભાગે નકલી હોય છે. તેમણે કહ્યું કે, મીઠાઈ-ફરસાણનો ધંધો ૩૫ થી ૪૦ ટકા જેટલો નફાકારક હોવા છતાં, કેટલાક લોકો માત્ર પૈસાની લાલચમાં ભેળસેળ કરે છે, જે ખૂબ જ દુઃખદ બાબત છે. બેઠકમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગને વિનંતી કરવામાં આવી હતી કે ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરનારાઓ સામે સખત પગલાં લેવામાં આવે. એસોસિએશને માંગ કરી છે કે આવા ગુનેગારોને પાસા (Prevention of Anti-Social Activities Act) હેઠળ કાર્યવાહી કરીને જેલભેગા કરવા જોઈએ. આ ઉપરાંત, તેમણે એક મહત્વનો મુદ્દો ઉઠાવ્યો કે જો કોઈ ખાદ્ય પદાર્થનો નમૂનો નિષ્ફળ જાય, તો તેની સજા દુકાનદારને બદલે સીધા વેપારીને થવી જોઈએ જે આ માલનો પુરવઠો કરે છે. કિશોરભાઈ શેઠે પનીર ઉપરાંત ઘીમાં થતી ભેળસેળ વિશે પણ વાત કરી. તેમણે જણાવ્યું કે ખાસ કરીને બનાસકાંઠા જેવા વિસ્તારોમાં મોટા પ્રમાણમાં ઘીમાં ભેળસેળ જોવા મળે છે, જે ગ્રાહકો માટે ચિંતાનો વિષય છે. આ બેઠકના અંતે, ગુજરાતમાંથી આવેલા વેપારીઓએ ડાકોરના પ્રખ્યાત મંદિર પર ધજા ચઢાવી હતી અને રાજભોગની પ્રસાદીનો લાભ લીધો હતો. આ બેઠકનો મુખ્ય હેતુ ખાદ્ય સુરક્ષા અને ગ્રાહકોના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો હતો.

### ઉધના-રકસૌલ સાપ્તાહિક ટ્રેનની મુદત લંબાવવાનો નિર્ણય

## તહેવારો નિમિત્તે વટવા-રકસૌલ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

પશ્ચિમ રેલ્વે આગામી તહેવારો નિમિત્તે ઘસારાને પહોંચી વળવા અને મુસાફરોની સુવિધા હેતુ વટવા અને રકસૌલ વચ્ચે વિશેષ ભાડા પર સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન દોડાવશે. જ્યારે ઉધના-રકસૌલ સાપ્તાહિક ટ્રેનની મુદત લંબાવવાનો નિર્ણય લીધો છે. વટવા-રકસૌલ સ્પેશિયલ ટ્રેન દર બુધવારે વટવાથી રાત્રે ૧૧:૩૦ કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે એટલે કે શુક્રવારે સાંજે ૪ વાગ્યે રકસૌલ પહોંચશે. આ ટ્રેન ૧૭ સપ્ટેમ્બરથી ૩૧ ડિસેમ્બર સુધી દોડશે. તેવી જ રીતે રકસૌલ-વટવા સ્પેશિયલ ટ્રેન દર મંગળવારે રકસૌલથી સવારે ૧૧:૨૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે સાંજે ૮ વાગ્યે વટવા પહોંચશે. આ ટ્રેન ૧૬ સપ્ટેમ્બરથી ૩૦ ડિસેમ્બર સુધી દોડશે. આ ટ્રેનો આણંદ, છાયાપૂરી, ગોધરા, દાહોદ, રતલામ, ઉજ્જૈન, સતના, મુજફ્ફરપુર સહિતના સ્ટેશનો ઉપર બંને દિશામાં રોકાશે. જ્યારે ઉધના-રકસૌલ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનની મુદત ૫ ઓક્ટોબરના બદલે હવે ૨૮ ડિસેમ્બર સુધી લંબાવી છે. તેવી જ રીતે રકસૌલ-ઉધના સ્પેશિયલ ટ્રેનની મુદત ૪ ઓક્ટોબરના બદલે ૩ ડિસેમ્બર સુધી લંબાવી છે. આ ટ્રેનોનું બુકિંગ આજથી તમામ પીઆરએસ કાઉન્ટર તથા આઈઆરસીટીસી પર થઈ શકશે. જ્યારે ઉધના-રકસૌલ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનની મુદત ૫ ઓક્ટોબરના બદલે હવે ૨૮ ડિસેમ્બર સુધી લંબાવી છે. તેવી જ રીતે રકસૌલ-ઉધના સ્પેશિયલ ટ્રેનની મુદત ૪ ઓક્ટોબરના બદલે ૩ ડિસેમ્બર સુધી લંબાવી છે. આ ટ્રેનોનું બુકિંગ આજથી તમામ પીઆરએસ કાઉન્ટર તથા આઈઆરસીટીસી પર થઈ શકશે.

### આંકલાવ પોલીસે POCSO હેઠળ દુષ્કર્મ અને હત્યાનો ગુનો દાખલ કરી આ મામલે વધુ તપાસ હાથ ધરી છે

# બાળકી સાથે દુષ્કર્મ આચર્યા બાદ તેની હત્યા કરી દીધી, આણંદ બાળકી હત્યા કેસમાં નવો વળાંક

। આણંદ, તા.૪ ।




આણંદના આંકલાવમાંથી શનિવારે (૩૧ ઓગસ્ટ) તાંત્રિક વિધિ માટે પાંચ વર્ષની બાળકીનું અપહરણ બાદ હત્યા નિપજાવી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી હતી. જોકે, હવે આ મામલે નવો વળાંક સામે આવ્યો છે. જેમાં આરોપીએ ખુદ સ્વીકાર્યું છે કે, તેણે બાળકી સાથે દુષ્કર્મ આચર્યા બાદ તેની હત્યા કરી દીધી હતી. નોંધનીય છે કે, આણંદ જિલ્લાના નવાલખ ગામમાં ૫ વર્ષની માસૂમ દીકરીની હત્યાના ગાંભીર મામલે આરોપી અજય પઢિયારે દુષ્કર્મની કબૂલાત કરી છે. તેણે સ્વીકાર્યું કે, દુષ્કર્મ બાદ બાળકીનું ગળું દબાવી તેની હત્યા કરી મૃતદેહને મીની નદીમાં ફેંકી દેવામાં આવ્યો હતો. આરોપીની કબૂલાત બાદ આંકલાવ પોલીસે POCSO હેઠળ દુષ્કર્મ અને હત્યાનો ગુનો દાખલ કરી આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, આંકલાવ તાલુકાની પાંચ વર્ષની બાળકી શનિવારે (૩૦ ઓગસ્ટ) મંદિરે જવાનું કહીને ઘરેથી નીકળી હતી. જોકે, ઘણા સમય બાદ પણ બાળકી ઘરે ન આવતા પરિવારે મંદિર અને તેની આસપાસના વિસ્તારોમાં શોધખોળ કરી હતી. પરંતુ ક્યાંય મળી ન આવતા પરિવારે અંતે આંકલાવ પોલીસમાં જાણ કરી હતી. સમગ્ર મામલે પોલીસે તપાસ હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં પહેલા તાંત્રિક વિધિ કરાઈ હોવાનો ઘટસ્ફોટ થયો હતો. જેને લઈને પોલીસને બાળકીના સંબંધી અજય પઢિયાર પર શંકા જતાં તેની પૂછપરછ કરી હતી. જેમાં અજયે જણાવ્યું હતું કે, 'હું તાંત્રિક વિધિ માટે ભુવા પાસે ગયો હતો. જેમાં ભુવાએ તાંત્રિક વિધિ કરવા માટે બાળકીની બલિ આપવાનું કહ્યું હતું.' જોકે, બાદમાં તેણે બાળકી સાથે દુષ્કર્મ કર્યો હોવાની પણ કબૂલાત કરી હતી.

## અમદાવાદમાં આજે વધુ રૂ.૧૨૦૦ ઉછળી સોનું ઓલટાઈમ હાઈ

। (એજન્સી) મુંબઈ, તા.૪ ।

વૈશ્વિક પડકારો વચ્ચે કિંમતી ધાતુમાં રોકાણ વધી રહ્યું છે. સોનું રોજ નવી ટોચે નોંધાવી રહ્યું છે. વૈશ્વિક કિંમતી ધાતુ બજારમાં તેજીના પગલે સ્થાનિક સ્તરે પણ સોનાનો ભાવ સળંગ ત્રણ દિવસથી નવી સર્વોચ્ચ ટોચ નોંધાવી રહ્યો છે. એમસીએક્સ સોનાએ પણ રૂ. ૧૦૬૪૪૪ પ્રતિ ૧૦ ગ્રામની ઐતિહાસિક ટોચ નોંધાવી હતી. અમદાવાદમાં આજે સોનું વધુ રૂ. ૧૨૦૦ મોંઘુ થઈ નવી ઓલટાઈમ હાઈ સપાટીએ પહોંચ્યું છે. સોનાની કિંમત આજે રૂ. ૧૨૦૦ ઉછળી રૂ. ૧૦,૯૨૦૦ પ્રતિ ૧૦ ગ્રામ નોંધાઈ છે. છેલ્લા ત્રણ દિવસમાં સોનાની કિંમત રૂ. ૨૫૦૦ વધી છે. ગઈકાલે રૂ. ૧૦૮૦૦ પ્રતિ ૧૦ ગ્રામ અને સોમવારે રૂ. ૧૦૭૪૦૦ પ્રતિ ૧૦ ગ્રામની રેકોર્ડ સપાટીએ નોંધાયો હતો. સોના અને ચાંદીમાં મબલક તેજી જોવા મળી છે. સોના કરતાં પણ ચાંદીની રોકાણ ઉપરાંત ઔદ્યોગિક માગ વધતાં કિંમતમાં અનેકગણો વધારો નોંધાયો હતો. ગઈકાલે અમદાવાદમાં ચાંદી અત્યારસુધીની સર્વોચ્ચ સપાટી રૂ.૧,૨૫,૦૦૦ પ્રતિ કિગ્રાએ પહોંચી હતી.

## વિશેષ

### ઉત્કૃષ્ટ કામગીરી કરનારા પોલીસ કર્મીઓનું ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે સન્માન કરાયું

# ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં અમદાવાદ શહેર પોલીસ દ્વારા 'તેરા તુજકો અર્પણ' અને 'સાયબર સાથી ચેટબોટ'નું લોકાર્પણ

। (માહિતી) અમદાવાદ ।






ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં અમદાવાદ શહેર પોલીસ દ્વારા આયોજીત 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અને "સાયબર સાથી- ચેટબોટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે અમદાવાદ શહેરમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનારા પોલીસ કર્મીઓનું સન્માન કરાયું હતું. વધુમાં વિવિધ ગુન્હાઓના ભોગ બનેલા નાગરિકોનો મુદ્દામાલ મંત્રીશ્રીના હસ્તે સન્માનભેર પરત કરાયો હતો.

આ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ અમદાવાદ શહેરની પોલીસ પર વિશ્વાસ રાખવા બદલ નાગરિકોને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું કે, સુરત શહેરમાં 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમની પહેલ કરનાર પોલીસ અધિકારી શ્રી અજયકુમાર તોમરને અભિનંદન પાઠવી જણાવ્યું કે, આજે ગુજરાતભરમાં આવા કાર્યક્રમોનું સફળતાપૂર્વક આયોજન કરી નાગરિકોનો મુદ્દામાલ પરત કરવામાં આવે છે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કોઈપણ નાગરિકોનો મોબાઈલ ચોરી, ઘર-ફોડ ચોરી, સોના ચાંદીના દાગીના કે સાયબર ક્રાઈમ જેવી ઘટનાઓમાં અમદાવાદ શહેર પોલીસ ત્વરિત પગલાં લઈ નાગરિકોને ન્યાય અપાવે છે. જે અંતર્ગત છેલ્લા એક માસમાં ૨૬ કરોડથી વધુનો મુદ્દામાલ નાગરિકોને પરત આપવાની સુચારું કામગીરી થઈ છે.

સાયબર ચેટબોટ વિશેની વાત કરતાં મંત્રીશ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, આજે ગુજરાત પોલીસની સાયબર ક્રાઈમ ટીમ દ્વારા આધુનિક સોફ્ટવેર થકી અનેક ગુન્હાઓ ઉકેલી તેનું ઝડપથી નિરાકરણ લવાયું છે.

આ તકે મંત્રીશ્રીએ નાગરિકોને કોઈપણ ફરિયાદ માટે ૧૧૨ નંબર પર સંપર્ક કરવા અપીલ કરી હતી. આ પ્રસંગે ડૉ શ્રી વિકાસ સહાયે ગુજરાત પોલીસ જવાનોની પ્રજાલક્ષી કામગીરી બિરદાવતા કહ્યું કે, છેલ્લા સાત મહિનામાં ૪૬૦૦થી વધુ કાર્યક્રમોના માધ્યમથી રૂ.૧૨૭ કરોડથી વધુનો મુદ્દામાલ પીડિત નાગરિકોને પરત સોંપાયો છે. કાર્યક્રમના પ્રારંભે અમદાવાદ શહેર પોલીસ કમિશનર શ્રી જી.એસ.મલિક દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મેયર શ્રીમતી પ્રતિભા બહેન જૈન, સાંસદો શ્રી નરહરિ અમીન, શ્રી દિનેશ મકવાણા, શ્રી હસમુખભાઈ પટેલ અને સ્થાનિક ધારાસભ્યશ્રીઓ તથા પોલીસ કર્મીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે અમદાવાદ શહેર પોલીસ કમિશનર શ્રી જી.એસ.મલિક દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મેયર શ્રીમતી પ્રતિભા બહેન જૈન, સાંસદો શ્રી નરહરિ અમીન, શ્રી દિનેશ મકવાણા, શ્રી હસમુખભાઈ પટેલ અને સ્થાનિક ધારાસભ્યશ્રીઓ તથા પોલીસ કર્મીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

દિલ્હીના અનેક વિસ્તારો જળબંબાકાર

# ઘર, શેરી, ખેતરો અને ગામના ગામ... યમુનાનું રૌદ્ર સ્વરૂપ!

## ભારે વરસાદના કારણે યમુના નદીમાં મોટા પ્રમાણમાં પાણીની આવક થતાં અનેક ગામો જળબંબાકારની સ્થિતિ વણસી રહ્યા છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૦૪ ।

યમુના નદી દિલ્હીની ઓળખ છે, જ્યારે તે શાંત હોય છે, ત્યારે તે ખૂબ જ સુંદર લાગે છે, પરંતુ જ્યારે તે રૌદ્ર સ્વરૂપ ધારણ કરે છે, ત્યારે તે બધું જ નષ્ટ કરી નાખે છે. હાલ ઉપરવાસમાં ભારે વરસાદના કારણે યમુનાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. નદીનું પાણીનું સ્તર ૨૦૬.૯૩ મીટર સુધી પહોંચી ગયું છે, જે ભયાનક સપાટીની ઉપર પહોંચી ગયું છે. જણાવી દઈએ કે, દ્વઝઈના જે વિસ્તારો યમુનાની આસપાસ છે, તે વિસ્તારોમાં પાણી ભરાઈ ગયું છે. આજે બુધવારે, દિલ્હીમાં યમુના નદીના કિનારે આવેલો રહેણાંક વિસ્તાર, મયુર વિહાર, જૈતપુર પુષ્ટ, શ્યામ ઘાટ અને યમુના બજારનું દ્રશ્ય ખૂબ જ ભયાનક હતું. ચારે બાજુ કાદવવાળું પૂરનું પાણી ભરાઈ ગયું છે, જેમાં ખાટલા તરતા જોવા મળી રહ્યા છે. લોકો ઘૂંટણ સુધી પાણીમાં પસાર થઈ રહ્યા હતા. ઘરોની અંદર પાણી પહોંચી ગયું હતું. લોકો માથા પર જરૂરી વસ્તુઓ લઈને સુરક્ષિત સ્થળો તરફ જઈ રહ્યા હતા. પૂરની સૌથી વધુ અસર ખેડૂતો પર પડી છે. મદનપુર ખાદર જેવા પૂરગ્રસ્ત વિસ્તારોમાં ખેડૂતોના પાકનો નાશ થયો છે. ખેડૂત રામશંકરે પોતાની પીડા વ્યક્ત કરતા કહ્યું કે, તેમના કાકાએ પાક ઉગાડવા માટે ખૂબ મહેનત કરી હતી, પરંતુ બધું બરબાદ થઈ ગયું છે. તેમણે વધુમાં કહ્યું કે, પાણીનું સ્તર દર કલાકે વધી રહ્યું છે, જેના કારણે તેમના ખેતરો સંપૂર્ણપણે ડૂબી ગયા છે. બીજા ખેડૂત વિકાસે જણાવ્યું કે, તેમના પરિવારની આજીવિકા સંપૂર્ણપણે ખેતી પર નિર્ભર છે અને હવે અડધાથી વધુ ખેતરો પાણીમાં ડૂબી ગયા છે. પૂરે માત્ર પાક અને ખેતરો જ નહીં, પરંતુ લોકોના ઘરો પણ ડૂબી ગયા છે. ઘણા લોકોને તેમના ઘર છોડવાની ફરજ પડી છે. મદનપુર ખાદરના એક રહેવાસીએ જણાવ્યું કે, ખેતરોની સાથે તેમના ઝૂંપડા પણ પાણીમાં ડૂબી ગયા છે. તેમણે ફરિયાદ કરી કે, પોલીસ તેમને ત્યાંથી ખસેડવા માટે કહી રહી છે, પરંતુ તેમના માટે રહેવા માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી. યમુના નદી પારના વિસ્તારોમાં, રાતે પડેલા વરસાદને કારણે, ઘરોમાં પાણી ભરાઈ ગયા હતા, જેના કારણે ફર્નિચરથી લઈને જરૂર વસ્તુઓ ભીની થઈ ગઈ હતી અને લોકોને ખૂબ જ તકલીફ પડી હતી. ‍ૈજીમ્ નજીકનું મઠ બજાર અને આસપાસના રહેણાંક વિસ્તારો પણ પાણીથી ભરાઈ ગયા હતા. મઠનું લદ્દાખ બુદ્ધ વિહાર મંદિર પણ પાણીમાં ડૂબી ગયું હતું. પાણીના સ્તરમાં વધારો થવાને કારણે નિગમ બોધ ઘાટ અને યમુના બજાર જેવા અન્ય વિસ્તારો પણ પ્રભાવિત થયા હતા. યમુના બજાર લગભગ ૧૦ ફૂટ સુધી પાણીથી ભરાઈ ગયું છે. વહીવટીતંત્રે પરિસ્થિતિને ગંભીરતાથી લીધી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, હરિયાણામાં હાથિનીકુંડ બેરેજ અને અન્ય બેરેજમાંથી પાણી છોડવાને કારણે પરિસ્થિતિ વધુ વણસી ગઈ છે. બોટમાંથી જાહેરાત કરીને, નદી કિનારે રહેતા લોકોને સલામત સ્થળોએ જવા માટે વિનંતી કરવામાં આવી રહી છે.

---

**ન્યૂઝ બ્રિફ**

### અભિનેતા શાહરુખ ખાનની દીકરી સુહાના કાનૂની કેસમાં ફસાઈ

। (એજન્સી) મુંબઈ, તા.૦૪ ।

અલીબાગના થલ ગામમાં ખેડૂતો માટે ફાળવેલી જમીન ખરીદવા બદલ શાહરૂખ ખાનની પુત્રી સુહાના ખાન કાયદાકીય મુશ્કેલીમાં મુકાઈ છે. કાગળો અને પરવાનગી વગર ખરીદેલી રૂ.૧૩ કરોડની આ જમીન સુહાના ખાને રૂ.૭૭ લાખ સ્ટેમ્પ ડ્યુટી ભરીને પોતાના નામે કરાવી હતી. આ જમીનની કિંમત આશરે ૧૩ કરોડ રૂપિયા છે, જે સુહાનાએ મુંબઈના એક બિઝનેસમેન પાસેથી ખરીદી હતી. જમીનનું ટ્રાન્સફર ૩૦ મે, ૨૦૨૩ના રોજ સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક દ્વારા કરવામાં આવ્યું હતું. હાલમાં, આ મામલો તપાસ હેઠળ છે અને અલીબાગના મામલતદાર પાસેથી આ અંગે રિપોર્ટ મંગાવવામાં આવ્યો છે. સુહાના ખાને વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૨ કરોડ રૂપિયાની કુલ કિંમતના ૨ પ્લોટ ખરીદ્યા હતા.

### સેન્ટ્રલ ઝોનના કેપ્ટન ધ્રુવ જુરેલને ડેન્ગ્યુ થયો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૦૪ ।

સેન્ટ્રલ ઝોનના કેપ્ટન ધ્રુવ જુરેલ બીમાર હોવાથી ૪ સપ્ટેમ્બરથી વેસ્ટ ઝોન સામેની સેમિફાઈનલ મેચનો ભાગ હશે નહીં. ટૂર્નામેન્ટ શરૂ થયા પહેલા ટીમનો કેપ્ટન બનાવવામાં આવેલ વિકેટકીપર-બેટ્સમેન કમરના દુખાવાના કારણે ક્વાર્ટર ફાઈનલમાં ભાગ લીધો નહોતો. હવે જુરેલ ડેન્ગ્યુના કારણે લાંબા સમય સુધી મેદાનની બહાર રહેવાની ધારણા છે. તમને જણાવી દઈએ કે જુરેલ છેલ્લે રિષભ પંતની ઈજાને કારણે ઈંગ્લેન્ડના પ્રવાસ પર વિકેટકીપિંગ કરતો જોવા મળ્યો હતો. રિપોર્ટ મુજબ, વિદર્ભ અને સેન્ટ્રલ ઝોનના મુખ્ય કોચ ઉસ્માન ઘાનીએ જણાવ્યું હતું કે જુરેલ ડેન્ગ્યુથી પીડિત છે અને તેથી તે દુલીપ ટ્રોફી સેમિફાઈનલમાં ભાગ લઈ શકશે નહીં. તેણે કહ્યું કે વિકેટકીપર-બેટ્સમેનની જગ્યાએ અક્ષય વાડકરને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે.

### છત્તીસગઢમાં ગણપતિ વિસર્જન કરવા જતા ભક્તોની ભીડને અજાણ્યા વાહને કચડ્યાં

। (એજન્સી) જશપુર, તા.૦૪ ।

છત્તીસગઢના જશપુર જિલ્લાના બગીચામાં ગણેશ વિસર્જન ઉત્સવયાત્રા દરમિયાન એક વાહનની અડફેટે આવતા મહિલા સહિત ત્રણ લોકોના મોત અને અંદાજે ૨૨ જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ ઘટના મંગળવારે રાત્રે અંદાજે ૧૨ વાગ્યે બગીચા ચરઈડાંડ સ્ટેટ હાઈવે પર મંગળવારે મોડી રાત્રે અંદાજે ૧૨ વાગ્યે બની હતી. જ્યાં એક બોલેરોએ બેકાબૂ થઈને સામેથી આવી રહેલા શ્રદ્ધાળુઓને કચડીને ચાલી ગઈ હતી. પ્રત્યક્ષદર્શી કેશવ યાદવે જણાવ્યું કે, બોલેરો રાયકેરા વિસ્તારથી આવી રહી હતી અને ગણેશજીના વિસર્જન ઉત્સવયાત્રામાં ૧૫૦થી પણ વધુ લોકો સામેલ હતા. આ ઘટના બાદ અફરા-તફરીનો માહોલ મચી ગયો હતો. ગુસ્સે ભરાયેલા ટોળાએ બોલેરોના ડ્રાઈવરને સ્થળ પર જ માર માર્યો અને બોલેરોમાં સવાર અન્ય લોકો ત્યાંથી ભાગી ગયા હતા.

---

હાર્દિકની નજીક પહોંચ્યો નબી

## ICC રેન્કિંગમાં સિકંદર બન્યો નંબર ૧ વન ડે ઓલરાઉન્ડર

### ઝિમ્બાબ્વેના અનુભવી ઓલરાઉન્ડર સિકંદર રઝા નંબર વન વનડે ઓલરાઉન્ડર બની ગયો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૦૪ ।

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) દ્વારા બુધવારે જાહેર કરવામાં આવેલા ખેલાડીઓના રેન્કિંગમાં ફેરફાર કરાયો છે. ઝિમ્બાબ્વેના અનુભવી ઓલરાઉન્ડર સિકંદર રઝા નંબર વન વનડે ઓલરાઉન્ડર બની ગયો છે. તેના ખાતામાં હાલમાં ૩૦૨ રેટિંગ પોઈન્ટ છે. રઝા અફઘાનિસ્તાનના ઓલરાઉન્ડર મોહમ્મદ નબી (૨૯૨ પોઈન્ટ) અને અજમતુલ્લાહ ઉમરજાઈ (૨૯૬ પોઈન્ટ)ને પછાડી ટોચના સ્થાને પહોંચ્યો છે. નબી ત્રીજા અને ઉમરજાઈ બીજા સ્થાને છે. રઝાએ હાલમાં જ શ્રીલંકાની સામે બે વન-ડે મેચમાં સિરીઝમાં ૯૨ અને ૫૯ રનની ઈનિંગ રમી હતી. તેણે એક વિકેટ પણ લીધી હતી. ૩૯ વર્ષીય રઝા હવે બેટ્સમેનના રેક્કિંગમાં નવમાં સ્થાનથી ૨૨માં સ્થાને પહોંચ્યો છે. ઝિમ્બાબ્વેની સામે હરારે



સ્પોર્ટસ ક્લબમાં બંને વન-ડે જીતનાર શ્રીલંકાના ખેલાડીઓએ પણ છલાંગ લગાવી છે. પથુમ નિસાંકા (૬૫૪ પોઈન્ટ) બેટિંગ રેટિંગમાં સાતમાં સ્થાનેથી ૧૩માં સ્થાને પહોંચ્યો. તેણે સિરીઝમાં ૧૨૨ અને ૭૬ રનોની ઈનિંગ રમી છે. જનિથ લિયાનાગે ૧૩ સ્થાનેથી ૨૯માં સ્થાને પહોંચ્યો. બોલિંગ રેક્કિંગમાં અસિથ ફર્નાંડો ૩૧ રેક્ક ૫૨ અને દિલશાન મદુશંકા ૫૨માં સ્થાને પહોંચ્યા. દક્ષિણ આફ્રિકાના સ્પિનર બોલર નંબર ૧ વનડે બોલર છે.

---

સુપ્રીમ કોર્ટે આપ્યા જામીન

## ૧૭ વર્ષ બાદ જેલથી બહાર આવ્યો ગેંગસ્ટર "ડેડી"

### હત્યાના કેસમાં જેલમાં ૧૭ વર્ષ વિતાવ્યા પછી ગેંગસ્ટર અરુણ ગવળી નાગપુરની સેન્ટ્રલ જેલથી બહાર આવ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૦૪ ।

વર્ષ ૨૦૦૭માં હત્યાના એક કેસમાં જેલમાં ૧૭ વર્ષ વિતાવ્યા પછી ગેંગસ્ટર અરુણ ગવળી બુધવારે નાગપુરની સેન્ટ્રલ જેલથી બહાર આવ્યો છે. સુપ્રીમ કોર્ટે અરુણ ગવળીની જામીન મંજૂર કરી છે. લોકો અરુણ ગવળીને ડેડીના નામથી પણ ઓળખે છે. નોંધનીય છે કે મુંબઈના ઘાટકોપરના નગરસેવક કમલાકર જામસાંદેકરની હત્યાના કેસમાં તેને આજીવન કારાવાસની સજા ફટકારવામાં આવી હતી. જસ્ટિસ એમ.એમ. સુંદરેશ



અને જસ્ટિસ એન. કોટિશ્વર સિંહની બેન્ચે કહ્યું કે, ગવળીની જામીન અરજી મંજૂર કરવામાં આવી છે. એક અધિકારીએ જણાવ્યું કે, જેલની બધી કાયદેસરની ફોર્મેલિટી પૂર્ણ કર્યા પછી, ગવળી બપોરના લગભગ ૧૨:૩૦ વાગ્યે જેલથી બહાર આવ્યો. તેના પરિવારના સભ્યો અને સમર્થકોએ તેનું સ્વાગત કર્યું. ગવળી પર મહારાષ્ટ્ર સંગઠિત અપરાધ નિયંત્રણ અધિનિયમ (મકોકા)ની જોગવાઈ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. હાઈકોર્ટે ગવળીને નીચલી અદાલત દ્વારા લગાવેલા નિયમો અને શરતો હેઠળ જામીન આપી છે. ગવળીએ બોમ્બે હાઈકોર્ટના ૯ ડિસેમ્બર, ૨૦૧૯ના એ નિર્ણયને પડકાર આપ્યો હતો. જેમાં નીચલી અદાલત દ્વારા આપવામાં આવેલી આજીવન કારાવાસની સજા જાળવી રાખવામાં આવી હતી. અરુણ ગવળીએ મુંબઈના ભાયખલા

---

## મરાઠા અનામત અંગે ફડણવીસ સરકાર બરાબરની ફસાઈ ગઈ

### ભુજબળે કહ્યું કે, આ સંદર્ભે અમે કાયદાકીય સલાહ લઈ રહ્યા છીએ : આ પ્રકારના નિર્ણયની અમને અપેક્ષા ન હતી

। (એજન્સી) મુંબઈ, તા.૦૪ ।

મહારાષ્ટ્ર સરકાર માન્ય મરાઠાઓને કુણબી જાતિનું પ્રમાણ પત્ર આપવા તૈયાર છે. જો કે, આ મામલે હવે સરકારમાં આંતરિક વિખવાદ સર્જાવાની શક્યતા વધી છે. એનસીપીના મંત્રી છગન ભુજબળે સરકારના નિર્ણયનો વિરોધ કરતાં કેબિનેટ બેઠકનો બહિષ્કાર કર્યો હોવાની જાહેરાત કરી છે. જ્યારે વિપક્ષ ગઠબંધનમાં સામેલ કોંગ્રેસે આ સંદર્ભે છ સપ્ટેમ્બરના રોજ ઓબીસી નેતાઓની બેઠક બોલાવી હતી. ઓબીસી નેતા ભુજબળે કહ્યું કે, આ સંદર્ભે અમે કાયદાકીય સલાહ લઈ રહ્યા છીએ. આ પ્રકારના નિર્ણયની અમને અપેક્ષા ન હતી. જેથી મે કેબિનેટ બેઠકનો બહિષ્કાર



કરવાનો નિર્ણય લીધો છે. હું સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા પ્રસ્તાવનો અભ્યાસ કરી રહ્યા છે. હું અને મારી ટીમ આ પ્રસ્તાવનો અભ્યાસ કરી કાયદાકીય સલાહ લઈ રહ્યા છીએ. વિસ્તૃત અભ્યાસ બાદ આ મુદ્દે વિચારો વ્યક્ત કરીશ. ભુજબળ ઓબીસી કેટેગરીમાં મરાઠાઓને અનામત આપવાનો વિરોધ કરી રહ્યા છે. મરાઠા જાતિના કાર્યકર મનોજ જરાંગેએ જણાવ્યું કે, ભુજબળનો વિરોધ દર્શાવે છે કે, સરકાર તરફથી જાહેર જીઆરમાં કોઈ ભૂલ નથી. જીઆરમાં કોઈ સમસ્યા નથી. તે યોગ્ય છે. વિરોધ પ્રદર્શન સ્થળ પર ઉપસ્થિત હાઈકોર્ટમાંથી ઓછામાં ઓછા ૫૦ વકીલો અને નિષ્ણાતોએ આ જીઆર પર સહમતિ દર્શાવી છે. અમુક લોકો સમુદાયને ગેરમાર્ગે દોરી રહ્યા છે. જો જીઆરમાં કોઈ ભૂલ હશે, તો સરકાર જરૂરિયાત મુજબ તેમાં ફેરફારો કરી શકશે. રાષ્ટ્રીય ઓબીસી મહાસંઘના અધ્યક્ષ બબનરાવ તાવડેએ જણાવ્યું હતું કે, જીઆર અર્થાત સરકારી પ્રસ્તાવથી ઓબીસી ક્વોટામાં કોઈ અસર થશે નહીં. લોકોના જુદા-જુદા વિચાર હોઈ શકે છે. પરંતુ જ્યાં સુધી મને જાણકારી અને સમજણ છે, તો આ પ્રસ્તાવથી ઓબીસી ક્વોટા પર કોઈ અસર થશે નહીં. ઓબીસી સમુદાય કશુ ગુમાવશે નહીં. પરંતુ અમે આ મામલે કાયદાકીય સલાહ લેવા તૈયાર છે. જો જરૂર પડી તો આ પ્રસ્તાવને કોર્ટમાં પડકારીશું. વરિષ્ઠ કોંગ્રેસ નેતા અને ઓબીસી સમુદાયના વિજય વડેટ્ટીવારે જણાવ્યું કે, ઓબીસી નેતાઓની બેઠક બોલાવવામાં આવી છે. મહારાષ્ટ્ર સરકારે મંગળવારે એક પેનલની રચના કરી હતી. આ પેનલ મરાઠા સમુદાયના લોકો કુણબીના વારસાનો ઐતિહાસિક પુરાવો રજૂ કરવામાં સફળ રહેતા લોકોને કુણબી પ્રમાણપત્ર આપશે. અગાઉ રાજ્યના મંત્રીઓ અને મરાઠા અનામતના કાર્યકર જરાંગે વચ્ચે ગહન ચર્ચા થઈ હતી.

---

આગ્રામાં પકડાયું વધુ એક ધર્માંતરણ કેન્દ્ર

## હિન્દુમાંથી ખ્રિસ્તી બનેલો યુવક ચલાવી રહ્યો હતો નેટવર્ક

### યુપીના આગ્રાના શાહગંજ સ્થિત કેદાર નગર કોલોનીમાં એક ધર્મ પરિવર્તન કેન્દ્ર કાર્યરત હતું : આરોપીઓમાં ત્રણ મહિલા

। (એજન્સી) આગ્રા, તા.૦૪ ।

યુપીના આગ્રાના શાહગંજની કેદાર નગર કોલોનીમાં એક ધર્માંતરણનો અડ્ડો પકડાયો છે. દર રવિવારે અહી પ્રાર્થના સભાના નામ પર ભીડ એકઠી થતી હતી. પોલીસે અડ્ડાના સંચાલક સહિત ૮ લોકોની ધરપકડ કરી છે. આરોપીઓમાં ૩ મહિલાઓ સામેલ છે. તમામને સોમવારના રોજ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવ્યા હતા. અન્ય આરોપીઓની શોધખોળ હાલ પોલીસ કરી રહી છે. શાહગંજ વિસ્તારના સુનીલ કરમચંદાની અને ધનશ્યામ હેમલાનીએ ધર્માંતરણ વિશે શિક્ષા મંત્રી યોગેન્દ્ર ઉપાધ્યાયને ફરિયાદ કરી હતી. તેમણે આ વિશે પોલીસ દીપક કુમારને જણાવ્યું હતુ. જેના નિર્દેશ પર શાહગંજ પોલીસ કેદાર નગરના રાજકુમાર લાલવાનીના ઘર પર નજર રાખી રહી હતી. દર રવિવારે આયોજિત થાનારી આ પ્રાર્થના સભા વિશે જાણકારી એકઠી કરી રહી હતી.

---

એક RTI દ્વારા રહસ્યમય કિસ્સો બહાર આવ્યો

## ૨૫ લાખના ખર્ચે બનેલુ તળાવ હકીકતમાં અસ્તિત્વમાં જ નથી

### આ ઘટનાથી રોષે ભરાયેલા ગ્રામજનો તળાવને શોધવા માટે પોલીસ, પ્રશાસન અને મુખ્યમંત્રી સુધી પહોંચ્યા છે

। (એજન્સી) રીવા, તા.૦૪ ।

મધ્યપ્રદેશના રીવા જિલ્લામાં એક અનોખી ઘટના બની છે. અહીં ચોરી થઈ છે, પણ સોના-ચાંદી, હીરા-મોતી કે પૈસાની નહીં પણ આખું તળાવ જ ગાયબ થઈ ગયું છે. એક ઇૈં દ્વારા આ રહસ્યમય કિસ્સો બહાર આવ્યો છે, જેમાં જાણવા મળ્યું કે ૨૫ લાખના ખર્ચે બનેલુ તળાવ હકીકતમાં અસ્તિત્વમાં જ નથી. આ ઘટનાથી રોષે ભરાયેલા ગ્રામજનો તળાવને શોધવા માટે પોલીસ, પ્રશાસન અને મુખ્યમંત્રી સુધી પહોંચ્યા છે, પણ હજુ સુધી તળાવનો કોઈ પત્તો મળ્યો નથી. હવે, થાકીને ગામના લોકોએ ઢોલ વગાડીને, તળાવ શોધી આપનારને ઈનામ આપવાની પણ જાહેરાત કરી છે. આ મામલાની ગંભીરતા જોતાં કલેક્ટરે તાત્કાલિક તપાસના આદેશ આપ્યા છે. આ ઘટના રીવા જિલ્લાના ચાકઘાટની છે. ઇૈં કાર્યકર્તા લલિત મિશ્ર પાસેથી મળેલી માહિતી મુજબ, અમૃત સરોવર તળાવ ?૨૪.૯૪ લાખના ખર્ચે ૯ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ બનાવવામાં આવ્યું હતું. તે પૂર્વા મનીરામ ગામના કઠૌલી વિસ્તારમાં બનાવવામાં આવ્યું હતું, જે સરકારી દસ્તાવેજોમાં જમીન નંબર ૧૧૭ પર નોંધાયેલ છે. પૂર્વા મનીરામ ધીરેન્દ્ર તિવારી, જે હાલમાં સરપંચ છે, તે ભાજપના રાયપુર મંડળના ઉપાધ્યક્ષ પણ છે. પણ હકીકતમાં, તે જગ્યાએ કોઈ તળાવ બનાવવામાં જ નથી આવ્યું. ગામના સરપંચે ફક્ત એક નાળા પર નાનો બંધ બાંધીને પોતાની ખાનગી જમીન (જમીન નંબર ૧૨૨) પર પાણી ભેગું કર્યું અને તેને તળાવ જેવું બતાવીને ?૨૪.૯૪ લાખની સરકારી રકમ ઉપાડી લીધી. આની ફરિયાદ થતાં, રીવા જિલ્લા પંચાયતના મુખ્ય કાર્યપાલક અધિકારીએ એક અઠવાડિયાની અંદર સરપંચ પાસેથી આખી રકમ પાછી વસૂલવાના આદેશ આપ્યા. પરંતુ સરપંચે સરકારને ગેરમાર્ગે દોરવા માટે પોતાની ખાનગી જમીનનો એક નાનો ટુકડો સરકારને દાનમાં આપી દીધો. ચાકઘાટના પોલીસ ઈન્સ્પેક્ટર ઘનશ્યામ તિવારીએ જણાવ્યું કે અમને તળાવ ચોરીની ફરિયાદ મળી છે અને આ એક ગેરરીતિનો મામલો છે. કલેક્ટર પ્રતિભા પાલે આ મામલે તપાસ કરીને કાર્યવાહી કરવાના આદેશ આપ્યા છે.

---

## પાકિસ્તાનના પીએમ શરીફ ઈન્ટરનેશનલ બેઇજ્જતી

। (એજન્સી) શાંઘાઈ, તા.૦૪ ।

પાકિસ્તાનના વડા પ્રધાન મિયાં શાહબાઝ શરીફ હાલમાં ચીનના પ્રવાસે છે. ત્યાં તેમનું ફરી એકવાર આંતરરાષ્ટ્રીય સ્તરે અપમાન થયું છે. શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) સમિટ દરમિયાન રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે મુલાકાત દરમિયાન પાકિસ્તાનના વડા પ્રધાનને શરમનો સામનો કરવો પડ્યો હતો. બન્યું એવું કે આ વાતચીત દરમિયાન, શાહબાઝ શરીફ વારંવાર ઈયરફોન પહેરવાનો પ્રયાસ કરતા જોવા મળ્યા, જ્યારે તેમની સામે બેઠેલા રશિયન રાષ્ટ્રપતિ તેમને ઈશારા દ્વારા ઈયરફોન પહેરવાનું કહેતા રહ્યા હતા. મોટી વાત એ છે કે આ બીજી વખત છે, જ્યારે રાષ્ટ્રપતિ પુતિનની સામે પાકિસ્તાનના વડા પ્રધાનની ઈન્ટરનેશનલ બેઈજ્જતી થઈ છે. ત્રણ વર્ષ પહેલા, જ્યારે બંને નેતાઓ ઉઝબેકિસ્તાનમાં મળ્યા હતા, ત્યારે પણ શાહબાઝ શરીફને આવી જ શરમજનક ઘટનાનો સામનો કરવો પડ્યો હતો. હવે આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વાયરલ વીડિયોમાં દેખાય છે કે શાહબાઝ શરીફને ઈયરફોન હેડસેટ કાનમાં લગાવવાનો પ્રયાસ કરવા છતાં વારંવાર કામ બની રહ્યું નહોતુ. આ દરમિયાન પુતિન શાહબાઝ શરીફને થોડીક સેકન્ડો માટે સંઘર્ષ કરતા જોઈ શકાય છે. વૈશ્વિક મંચ પર શરમથી બચાવવા માટે, રશિયન નેતાએ તેમનો ઈયરફોન ઉપાડ્યો અને પાકિસ્તાની રાષ્ટ્રપતિને તેને કેવી રીતે લગાવવો તે બતાવ્યું હતું. સોશિયલ મીડિયા યુઝર્સ આ ઘટના પર શાહબાઝ શરીફની મજાક ઉડાવી રહ્યા છે. એક ભૂતપૂર્વ યુઝરે ઈયરફોનની ખામીનો વીડિયો શેર કર્યો અને લખ્યું કે બેઈજિંગમાં શાહબાઝ શરીફનો ઈયરફોન લપસી જાય છે.

---

ભારત અને જર્મની એક જ ટીમમાં રમી રહ્યા છે

## જયશંકરે જર્મનીના વિદેશ મંત્રી સાથે કરી મુલાકાત

### ભારત યુરોપિયન યુનિયન સાથે પોતાના સંબંધોને વધુ ગાઢ બનાવવા અને મુક્ત વેપાર કરાર પર ચર્ચાને વેગ આપવા જર્મનીનો સહયોગ ઈચ્છે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૦૪ ।

ભારત અને જર્મની વચ્ચે છેલ્લા લાંબા સમયથી બહુપક્ષીય સહયોગ છે, વિદેશ મંત્રી એસ. જયશંકરે આ સહયોગ પર ભાર મૂકતાં કહ્યું કે, હું જર્મનીના વિદેશ મંત્રી જોહાન વાડેફૂલ સાથે દ્વિપક્ષીય સહયોગના વિવિધ પાસા પર ચર્ચા-વિચારણા કરવા ઉત્સુક છું. આજે યોજાનારી બેઠકમાં બંને દેશો વચ્ચે બહુપક્ષીય સહયોગને વેગ આપવામાં આવશે. બુધવારે વાડેફૂલ સાથે પોતાની બેઠક પહેલાં એસ જયશંકરે નિવેદન આપ્યું હતું કે, ભારત યુરોપિયન યુનિયન સાથે પોતાના સંબંધોને વધુ ગાઢ બનાવવા અને મુક્ત વેપાર કરાર પર ચર્ચાને વેગ આપવા જર્મનીનો સહયોગ ઈચ્છે છે. અમે ૨૫ વર્ષથી રાજકીય સંબંધો, ૫૦ વર્ષના વિજ્ઞાની સહયોગ, ૬૦ વર્ષથી સાંસ્કૃતિક સહયોગ અને દાયકા જૂના વેપાર સંબંધોની ઉજવણી કરી રહ્યા છીએ. તેમણે વધુમાં કહ્યું, આજે, હું આપણા દ્વિપક્ષીય સહયોગના વિવિધ પાસા પર ઊંડાણપૂર્વક ચર્ચા કરવા માટે ઉત્સુક છું. જે બંને દેશોના સંબંધોને વધુ ગાઢ બનાવશે. મહત્વપૂર્ણ વૈશ્વિક અને પ્રાદેશિક મુદ્દાઓ પર જર્મનીનો દૃષ્ટિકોણ શું છે તે જાણવું આપણા માટે ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે. યુરોપિયન યુનિયન સાથેના આપણા સંબંધોને વધુ ગાઢ બનાવવા અને મુક્ત વેપાર કરારની વાટાઘાટોને વેગ આપવા માટે અમે તમારા સમર્થન પર વિશ્વાસ રાખીએ છીએ. ભારત અને જર્મની વચ્ચે બહુપક્ષીય સહયોગનો મજબૂત ઈતિહાસ છે અને મને વિશ્વાસ છે કે આજની અમારી વાતચીત તેને વેગ આપશે. જર્મનીના વિદેશ મંત્રી તરીકે ભારતની તેમની પ્રથમ મુલાકાત પર જયશંકરે જોહાન વાડેફુલનું સ્વાગત કર્યું હતું. જયશંકરે આગળ કહ્યું કે, મારું માનવું છે કે આ મુલાકાત પોતે જ એક સંદેશ છે, કારણ કે તે મે મહિનામાં મારી બર્લિનની મુલાકાતના થોડા મહિના પછી જ થઈ રહી છે. યુરોપની બહાર આ અમારી પહેલી મુલાકાત છે અને અમે તમારા ભારત આવવા બદલ ખૂબ આભારી છીએ. ગઈકાલે વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જોહાન વાડેફુલનું ભારતમાં સ્વાગત કરતાં કહ્યું હતું કે, બેંગલુરુ અને દિલ્હીમાં આ મુલાકાત બંને દેશો વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવશે.

## તંત્રી લેખ...


# સસ્તા ઓઈલની સાથે S400 ની ઝડપી ડિલીવરી કરશે રશિયા

અમેરિકાની ધમકીઓ વચ્ચે ભારત અને રશિયા વચ્ચે ભાગીદારી વધુ મજબૂત થતી દેખાય છે. હવે એવા અહેવાલો છે કે રશિયા ભારતને વધુ જી-૪૦૦ મિસાઈલ સિસ્ટમ મોકલવાનું વિચારી રહ્યું છે. બંને દેશો વચ્ચે સપ્લાય વધારવા માટે પણ વાતચીત ચાલી રહી છે. પહેલા એવું કહેવામાં આવી રહ્યું હતું કે ભારતને રશિયન ઓઈલ મામલે વધુ ડિસ્કાઉન્ટ મળી શકે છે.

અહેવાલ અનુસાર રશિયન અધિકારી દિમિત્રી શુગાયેવે એક ન્યૂઝ એજન્સી સાથેની વાતચીતમાં કહ્યું હતું કે, ''ભારત પાસે પહેલાથી જ અમારી જી-૪૦૦ સિસ્ટમ્સ છે. આ ક્ષેત્રમાં પણ અમારા પરસ્પર સહયોગને વિસ્તૃત કરવાની શક્યતાઓ છે. તેનો અર્થ એ છે કે નવી ડિલિવરી. હાલમાં, અમે વાતચીત કરી રહ્યા છીએ.'' ભારતે ૨૦૧૮ માં ૫.૫ બિલિયન ડોલરમાં ૫ જેટલી જી-૪૦૦ મિસાઈલ સિસ્ટમ્સ માટે સોદો કર્યો હતો. અત્યાર સુધી રશિયા દ્વારા ત્રણ સિસ્ટમ્સ આપવામાં આવી છે. જોકે, બાકીના બેની ડિલિવરીમાં વિલંબ થયો છે. એવી શક્યતા છે કે રશિયા ૨૦૨૬ અને ૨૦૨૭ માં બાકીની ૨ જી-૪૦૦ સિસ્ટમ ભારતને આપશે. ખાસ વાત એ છે કે મે મહિનામાં પાકિસ્તાન સાથેના સંઘર્ષ દરમિયાન જી૪૦૦ મિસાઈલ સિસ્ટમે મોટી ભૂમિકા ભજવી હતી. જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી, ભારતીય સેના ૭ મેના રોજ પાકિસ્તાનમાં ઘૂસી ગઈ અને આતંકવાદીઓના ઠેકાણાઓને નિશાન બનાવ્યા.

આ દરમિયાન રશિયાએ ભારતને ઓઈલ ખરીદી પર પહેલા કરતાં વધુ મોટું ડિસ્કાઉન્ટ આપવાની તૈયારી કરી છે. એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે રશિયાનું ઓઈ ભારત માટે પ્રતિ બેરલ ૩-૪ ડોલર સસ્તું થઈ શકે છે. બ્રેન્ટની તુલનામાં રશિયાના યુરાલ ક્રૂડ ઓઈલ પર પ્રતિ બેરલ ૩ થી ૪ ડોલરનું ડિસ્કાઉન્ટ આપવામાં આવી રહ્યું છે. આ દરમિયાન રશિયાએ ભારતને ઓઈલ ખરીદી પર પહેલા કરતાં વધુ મોટું ડિસ્કાઉન્ટ આપવાની તૈયારી કરી છે. એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે રશિયાનું ઓઈ ભારત માટે પ્રતિ બેરલ ૩-૪ ડોલર સસ્તું થઈ શકે છે. બ્રેન્ટની તુલનામાં રશિયાના યુરાલ ક્રૂડ ઓઈલ પર પ્રતિ બેરલ ૩ થી ૪ ડોલરનું ડિસ્કાઉન્ટ આપવામાં આવી રહ્યું છે.

## અમદાવાદના એક ઘરનું શૌચાલય બન્યું જીવનના અણધારેલા આગમનનું સ્થળ, મહિલાની થઈ આશ્ચર્યજનક પ્રસૂતિ



। (માહિતી) અમદાવાદ, તા.૦૪ ।

અમદાવાદના સાબરમતી વિસ્તારમાં એક અસામાન્ય અને આશ્ચર્યજનક ઘટના ઘટી. બપોરે ૧૨ વાગ્યાનો સમય, ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાને એક કૉલ મળ્યો. આ કૉલમાં એક સોસાયટીમાં મહિલાની પ્રસૂતિ માટે ઈમરજન્સી સેવા માટેના સમાચાર હતા.

સાબરમતી ૧૦૮ના કર્તવ્યનિષ્ઠ સ્ટાફ, જેમાં ઈએમટી સુશ્રી પિંકી ઠાકોર અને પાઈલટ શ્રી વિષ્ણુ રાવળનો સમાવેશ થાય છે, તેઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા. ઈએમટી પિંકીબહેન ૧૦૮ની વાનમાં હંમેશાં ઉપલબ્ધ રહેતી ડિલિવરી કિટ સાથે મહિલાની પ્રસૂતિ કરાવવા માટે તૈયાર હતાં, પરંતુ ત્યાં પહોંચતાં જ તેમને અચરજ પમાડે તેવી પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો. દર્દી મહિલાને તો ખ્યાલ પણ નહોતો કે તે ગર્ભવતી છે!

આ પરિસ્થિતિમાં જ્યારે ૧૦૮ની ટીમ સ્થળ પર પહોંચી, ત્યારે મહિલાની પ્રસૂતિ શૌચાલયમાં જ થઈ ગઈ હતી. બાળક અને માતાની પરિસ્થિતિ તે સમયે ખૂબ જ જટિલ હતી. અચાનક આવી પડેલી કપરી સ્થિતિમાં થયેલી પ્રસૂતિના કારણે મહિલા ખૂબ જ ડઘાયેલી અને ગભરાયેલી હતી. મહિલા પોતે એનિમિયા અને લોહીની કમીથી ગ્રસિત હોવાથી પ્રસૂતિ સમયે તેની હાલત વધારે નાજુક બની ગઈ હતી.

ઘટના સમયે મહિલાનો પરિવાર ૧૦૮ના પાઈલટને અંદર જવાની અનુમતિ નહોતો આપી રહ્યો, જેથી ઈએમટી પિંકીબહેને પ્રાથમિક સારવારનું સમગ્ર કામ જાતે જ કર્યું. પિંકીબહેને આ કપરા સંજોગોમાં પણ પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવી અને માતા તેમજ બાળકને એકલા હાથે સંભાળી લીધાં. પિંકીબહેને તુરંત શૌચાલયમાં જઈને નવજાત શિશુને બહાર કાઢ્યું, તેને સાફ કર્યું અને શિશુની ગર્ભનાળ કાપીને તેને પ્રાથમિક સારવાર પણ આપી. દર્દી મહિલાને ૨ કિલો ૭૦૦ ગ્રામ વજન સાથે તંદુરસ્ત બાળકનો જન્મ થયો હતો. મયસરની અને સચોટ કામગીરીને કારણે માતા અને બાળક બંનેનો જીવ બચી ગયો. ત્યાર બાદ બંનેને વધુ સારવાર માટે નજીકના સાબરમતી ઝઉંઝ (કોમ્યુનિટી હેલ્થ સેન્ટર) ખાતે સુરક્ષિત રીતે ખસેડવામાં આવ્યાં હતાં.

અંદાજિત ત્રણ મિનિટના સમયમાં ઘટેલી આ આખી ઘટનામાં જાણવા મળ્યું કે, દર્દી મહિલાને છેલ્લા ત્રણ મહિનાથી માસિક ન આવવાની સમસ્યા હતી અને મહિલાના કહેવા પ્રમાણે તેને લોહીની ગાંઠ હોવાનું સ્થાનિક ડોક્ટર દ્વારા જણાવવામાં આવ્યું હતું. ઘટનાના દિવસે મહિલાને ડાયરિયા હોવાનો ભ્રમ હતો અને તેથી જ મહિલા શૌચાલયમાં ગઈ હતી જ્યાં આ સમગ્ર ઘટના ઘટી હતી.

૧૦૮ના સ્ટાફની તત્પરતા અને સમયસૂચકતા બદલ દર્દી અને તેના પરિવારજનોએ તેમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. આ ઘટના ફરી એકવાર દર્શાવે છે કે ૧૦૮ સેવા ગુજરાતના નાગરિકો માટે કેવી રીતે જીવનરક્ષક સાબિત થઈ રહી છે.

**માટીમાં જન્મેલા શરીરને એક દિવસ માટીમાં મળી જવાનું છે. ગણેશની પ્રતિમા માટીની બનેલી છે, અને પૂજા બાદ તે માટીમાં ભળી જવાની છે.**

# તત્વત : જેનું સર્જન છે તેનું વિસર્જન નિશ્ચિત છે, એ પ્રકૃતિનો અકાટ્ય નિયમ છે.



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**સૌથી મહત્વની શીખ આપણને ગણેશ વિસર્જન શીખવે છે કે, માટીમાં જન્મેલા શરીરને એક દિવસ માટીમાં મળી જવાનું છે. ગણેશની પ્રતિમા માટીની બનેલી છે, અને પૂજા બાદ તે માટીમાં ભળી જવાની છે. ગણપતિને મૂર્તિરૂપે આવવા માટે માટીનો સહારો લેવો પડે છે, માટી પ્રકૃતિની દેન છે, પણ જ્યારે ગણેશ પાણીમાં વિલિન થાય છે, ત્યારે તે ફરી પ્રકૃતિમાં ભળી જાય છે. એનો અર્થ એ છે કે જે લીધુ છે તે પાછુ આપવાનું છે,**



એક પછી એક તહેવાર પૂરાં થતાં જાય છે! સમય એક નિશ્ચિત ગતિથી ચાલી રહ્યો છે. શ્રાવણ ગયો, અને પછી ગણેશોત્સવ શરૂ થયો, અને કાલે અનંત ચૌદસનો દિવસ આવી જશે. આપણાં સૌના લોકલાડીલા ભગવાન ગણેશનો વૈકુંઠ ધામ તરફ પ્રયાણ કરશે એટલે કે સૌ એનું વિસર્જન કરશે! પરંતુ આ ઉપરાંત ભગવાન વિષ્ણુને પ્રસન્ન કરવાનો દિવસ છે, અને ત્યારે એ શેષનાગ પર બિરાજમાન થયા હતાં અને ભગવાન વિષ્ણુએ ચૌદ બ્રહ્માંડના ઉદ્ધાર માટે આ અનંત અવતાર ધારણ કર્યો હતો. પણ અમને આ દિવસ મમ્મીનાં જન્મ દિવસ તરીકે યાદ રહે! સૌનો સહજ સ્વીકાર કરવો, અને બંને ત્યાં સુધી યથાશક્તિ મદદ કરવી,સૌને ક્ષમા કરવી, એવી હતી મમ્મી! આજે એ હોત તો એને ૮૫ વર્ષ પુરાં થાત. મમ્મીને ગાવાનો ખૂબ શોખ હતો,અને એનો રાગ પણ ઘણો કેળવાયેલો હતો, એટલે અમને સૌને આપણાં સંસ્કૃતિગત અને વૈદિક શાસ્ત્રોક્ત સ્તુતિ સ્તવન, તેમજ પૌરાણિક કથા સાથે જોડતું અનોખું વ્યક્તિત્વ હતી મમ્મી.

ભાદરવા સુદ ચોથના દિવસે ગણપતિનું સ્થાપન થાય છે, અને અનંત ચૌદસના દિવસે લોકો ''અગલે બરસ તું જલ્દી આનાં'' નારા સાથે ગણપતિની મૂર્તિનું પાણીમાં વિસર્જન કરે છે. આમ તો યુગ પ્રમાણે દરેક પરંપરાઓમાં સંશોધન થવાં જોઈએ, અને એમાં પણ જેમાં પ્રકૃતિ સાથે ચેડા થવાની શક્યતા હોય, એ વિશે તો ખાસ સંશોધન થવાં જોઈએ. ધાર્મિક ઉત્સવો તો ભારતીય સંસ્કૃતિની એક આગવી પહેચાન છે, અને ધર્મને નામે બધાં મળતાં રહેવું જોઈએ. ગણપતિની સ્થાપના કરનારનો અનુભવ હશે, કે એક અલૌકિક શક્તિ એમને આ બધું કરાવે છે. સારા કાર્યનો સંકલ્પ જ્યારે શુભ મંગલની ભાવનાથી થાય, ત્યારે અસ્તિત્વ મદદ કરે છે. તત્વતઃ વિસર્જન એટલે શું?

ગણેશ ચોથથી શરૂ કરીને અનંત ચૌદશ સુધી તત્વતઃ ગણેશની આપણે આરાધનાના કરી. ભગવાન શંકરે પાર્વતીએ ઉત્પન્ન કરેલા બાળકનું મસ્તક ધડથી જુદું કરી નાખ્યું, અને પાર્વતીના સંતાપ કે વિકરાળ સ્વરૂપથી બચવા એમણે હાથીનું મસ્તક આ બાળકના ધડ પર મૂકી દીધું, અને આ રીતે ગણેશ પુનર્જીવિત થયા. પરંતુ ગણેશ તો આદિદેવ છે, અને વેદ વ્યાસ એ તેમને વિનંતી કરી કે, મહાભારતનું કાવ્ય લખવામાં એ તેમને મદદ કરે. એટલે ગણેશજીએ વેદવ્યાસના કહેવાથી મહાભારત લખ્યું, દસ દિવસ સુધી તેઓ સ્થિર બેસીને લખતા રહ્યાં, અને એને કારણે એમના શરીર પર ધૂળ જામી ગઈ હોવાથી, આમ ચોથથી અનંત ચૌદસના દિવસે જ્યારે મહાભારત લખવાનું કાર્ય પૂર્ણ થયું, ત્યારે ભગવાન ગણેશ સરસ્વતી નદીમાં સ્નાન કરે છે, અને તેથી આ પર્વ ઉજવવામાં આવે છે, અને ગણેશની મૂર્તિનું પાણીમાં વિસર્જન કરવામાં આવે છે, એવી એક વાત પૌરાણિક કથાઓ માંથી જાણવા મળે છે.

તો બીજી રીતે જોઈએ તો સદીઓથી ભગવાન ગણેશ સ્થાપન પછી અંનત ચૌદસનાં દિવસે એનું વિસર્જન કરવામાં આવે છે. આપણને પ્રશ્ન થાય કે આવું શું કામ? શ્રાવણ આખો શંકરની કે શિવલિંગની આરાધના કરીએ છીએ, પણ એનું વિસર્જન આપણે પાણીમાં કરતા નથી. નવરાત્રી દરમિયાન માતાજીનું પણ સ્થાપન કરવામાં આવે છે, તો ગરબો પણ આપણે પાણીમાં વિસર્જિત કરતાં નથી. તો પછી ભગવાન ગણેશનું વિસર્જન આ રીતે શું કામ? એવો પ્રશ્ન થવો જોઈએ! સૌપ્રથમ ગણેશ એ આદિદેવ છે, એટલે કે શંકર સુવન, ગૌરીનંદન તો તેની પહેચાન છે જ! પરંતુ એ પહેલાં પણ એનું અસ્તિત્વ વેદમાં બતાવાયું છે. આપણે ત્યાં પંચદેવની પૂજા સ્વીકારાયેલી છે, અને આપણે સૌ જાણીએ છીએ કે પંચમહાભૂતથી બનેલ માનવી જેમ એક જ છે,એ જ રીતે પ્રકૃતિ સ્વરૂપે જે પંચમહાભૂત છે, એ પણ એક જ ઈશ્વરની શુભ સંકલ્પના છે. જળ,વાયું, પૃથ્વી, અગ્નિ, આકાશ, એ પંચમહાભૂતમાં જળ તત્વના અધિષ્ઠાતા દેવ ભગવાન ગણેશ છે, અને તેથી ભગવાન ગણેશનું વિસર્જન પાણીમાં કરવામાં આવે છે, એટલે કે તત્વતઃ જે છે એમાં એને સમાહિત કરવામાં આવે છે.

ભગવાન ગણેશને સૌથી શ્રેષ્ઠ અને મંગલકારી કહેવાયા છે. વિવેકનાં દેવતા પણ છે, અને તેમની ઉપાસના કરનારમાં તે વિવેક સ્વરૂપે વાસ કરે છે. એટલે આ અગિયાર દિવસ આપણે ગણેશની આરાધના, કે ઉપાસના કરીને વિવેક અર્જીત કરવાનો હોય છે. મૂર્તિ સ્વરૂપે ગણેશનું વિસર્જન ભલે થાય, પણ વિવેકનું વિસર્જન કરવાનું નથી, અને વિસર્જનમાં પણ વિવેકને મહત્વ આપવાનું છે. એટલે કે પ્રકૃતિનાં પાણીના મૂળ સ્રોત જેવા કે નદી, દરિયો,કે તળાવમાં જ્યારે આપણે ગણેશ વિસર્જન કરવાં જઈએ, ત્યારે એ પાણી મલિન થાય નહીં, એનું ખાસ ધ્યાન રાખવાનું છે. બજારમાં મળતી ઈકો ફ્રેન્ડલી મૂર્તિનું વિસર્જન કરવું, બાકીની મૂર્તિ એક જગ્યાએથી ઉપાડી બીજી જગ્યાએ મૂકી દેવાથી, અથવા ઘરમાં પાણીનાં ટબ વગેરેમાં પણ હવે લોકો વિસર્જન કરે છે. એટલે આટલા મોટા જળ સ્રોતને મલિન કરવાથી જેટલું બચાય એટલું બચવું. વિસર્જનમા વિવેક રાખી પાણીને મલીન થતાં બચાવવું. બાપુ કહે છે એમ સમય પ્રમાણે પરંપરાઓમાં બાંધછોડ કરી પ્રવાહી પરંપરા અપનાવી એ સૌથી વધુ અગત્યનું છે. પાણીને મલિન થતું બચાવવા આ રીતે વિસર્જન કરનારનો દોષ ગણાતો નથી.

આ ઉપરાંત સૌથી મહત્વની શીખ આપણને ગણેશ વિસર્જન શીખવે છે કે, માટીમાં જન્મેલા શરીરને એક દિવસ માટીમાં મળી જવાનું છે. ગણેશની પ્રતિમા માટીની બનેલી છે, અને પૂજા બાદ તે માટીમાં ભળી જવાની છે. ગણપતિને મૂર્તિરૂપે આવવા માટે માટીનો સહારો લેવો પડે છે, માટી પ્રકૃતિની દેન છે, પણ જ્યારે ગણેશ પાણીમાં વિલિન થાય છે, ત્યારે તે ફરી પ્રકૃતિમાં ભળી જાય છે. એનો અર્થ એ છે કે જે લીધુ છે તે પાછુ આપવાનું છે, ખાલી હાથે આવ્યા છીએ, અને ખાલી હાથે જ જવાનું છે. ગણેશ સ્થાપન અને વિસર્જન એ ધર્મ અને વિશ્વાસની વસ્તુ છે કે, આપણે ગણપતિને આકાર આપીએ છીએ, પણ ઈશ્વર તો નિરાકાર છે, અને બધે જ વ્યાપેલા છે. જે પણ આકાર લે છે, તેને સમાપ્ત થવું પડે છે, નિરાકાર થઈ અસ્તિત્વમાં એકાકાર થઈ જાય, પરિણામે વિસર્જનની પ્રથા છે. વિસર્જન શીખવે છે કે, જે વ્યક્તિ જન્મ લે છે, તેણે આગલો જન્મ લેવા માટે પોતાનાં આ શરીરનો ત્યાગ કરવો પડે છે. ગણપતિની મૂર્તિ બને છે, તેની પૂજા થાય છે, પણ ફરી તેને આવતા વર્ષે પાછુ આવવા માટે વિસર્જિત થવું પડે છે. જીવનું પણ આવું જ છે, પોતાની જવાબદારીઓને પૂરી કરો, અને સમય પૂરો થતા નવા જન્મ માટે શરીરનો રાગદ્વેષ કે મોહમાયા વગર ત્યાગ કરો, એટલે કે ઉંમર વધતાં જીજીવિષા ઓછી કરતાં જાવ, જેથી મૃત્યુ સમયે આ ન થયું! પેલું તો રહી જ ગયું!! એવો રંજ ન રહે. તો યેન કેન પ્રકારે આપણે આ વિસર્જનનું મહત્વ સમજ્યાં, અને તત્વતઃ ગણેશ શું છે! એ પણ ગણેશની આરાધના કરીને જાણ્યું!; મન મંદિરમાં સ્થાપિત કરેલી ગણેશની મૂર્તિ ખંડિત ન થાય તેમ તેનું નિત્ય પૂજન કરતાં રહીએ, અને મૂળ સ્વરૂપે વિવેકનું જતન કરી નીતિમત્તા ભર્યું જીવન જીવી શકીએ તો એ ઉત્તમ ગણેશ વંદના છે.

**ચંચળ લક્ષ્મીજી ઠાકોરજીના ચરણમાં સ્થિર થાય છે. તુલસીજી રાધાજીનું સ્વરૂપ છે. જીવાત્મા પરમાત્માનું લગ્ન એ તુલસી વિવાહનું તાત્પર્ય છે.**

# શ્રેષ્ઠ કર્મ કરો એટલે દિવસ શ્રેષ્ઠ બનશે જે કાર્યથી પ્રભુ પ્રસન્ન થાય એ સત્કર્મ છે. સત્કર્મને યજ્ઞ કહે છે.



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**સનકાદિક વિચારે છે કે, અમારાં વખાણ કરે છે, પણ ધામમાં તો બોલાવતા નથી કે લઈ જતા નથી માટે અમારે હજુ તપશ્ચર્યા કરવાની જરૂર છે. હજુ ક્રોધ અમારામાંથી ગયો નથી, એટલે સનકાદિક બ્રહ્મલોકમાં પધારે છે. પછી જય-વિજયને સાંત્વના આપી નારાયણ ભગવાને કહ્યું, તમારા ત્રણ અવતારો થશે પણ તમારો ઉદ્ધાર કરવા હું ચાર અવતારો ધારણ કરીશ!**

ભગવાન કહે છે,હમ સબ સમજતે હૈ. મેં પણ તારા માટે લંગોટી પહેરવાના કંદોરાનું નાડું તૈયાર રાખ્યું છે. આવું ન કરો. ભગવાનને સારામાં સારી વસ્તુ અર્પણ કરો.'૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓ'માં જમનાદાસ ભક્તનું એક દૃષ્ટાંત આવે છે. જમનાદાસ ભક્ત એક વખત ઠાકોરજીને માટે બજારમાં ફૂલ લેવા નીકળ્યા. ફૂલવાળાની દુકાને એક સારું કમળ જોયું. જમનાદાસજીએ વિચાર્યું કે, આજ તો મારા ઠાકોરજીને માટે હું આ સુંદર કમળ લઈ જઈશ. તે જ વખતે તે દુકાને એક યવનરાજા ફૂલ લેવા આવી પહોંચે છે. યવનરાજાને પોતાની રખાત વેશ્યા માટે ફૂલ જોઈતું હતું. જમનાદાસ ભક્ત માળીને કમળના ફૂલની કિંમત પૂછે છે. માળી પાંચ રૂપિયા કિંમત જણાવે છે,તેજ વખતે યવનરાજા વચમાં કૂદી પડે છે કે, એ ફૂલના હું દસ રૂપિયા આપવા તૈયાર છું.બંને વચ્ચે ફૂલ લેવા હરીફાઈ ચાલે છે.

યવનરાજા તે ફૂલની કિંમત દસ હજાર રૂપિયા બોલે છે. જમના દાસ ભક્ત કહે, મારા એક લાખ! યવનરાજાને વેશ્યા તરફ સાચો પ્રેમ ન હતો, મોહ હતો. તે વિચારે છે કે, એક લાખ હશે તો બીજી સ્ત્રી મળશે ત્યારે જમનાદાસજી ભક્તને મન તેના ઠાકોરજી સર્વ સ્વ હતા.તેનો સાચો શુદ્ધપ્રેમ હતો જમનાદાસ પોતાની સર્વ મિલકત વેચીને એક લાખ રૂપિયા કિંમત આપી ફૂલ ખરીદી લાવે છે અને શ્રીનાથજીની સેવામાં અર્પણ કરે છે. શ્રીનાથજીના માથા ઉપરથી મુગટ આજે નીચે પડી જાય છે. ભગવાન તે દ્વારા બતાવે છે, જમનાદાસ ભક્તના કમળનું વજન મારાથી સહન થતું નથી.

સનતકુમારોને ક્રોધ આવ્યો એટલે પતન થયું. પ્રભુના દ્વારે ગયેલા પાછા આવ્યા. કામ, ક્રોધ અંદરના વિકાર છે. તક મળતાં એ બહાર આવે છે.તેથી મન ઉપરસત્સંગનો ભક્તિનો અંકુશ રાખો. ઈશ્વરનું સતત ચિંતન કરે તેના અંદરના વિકારો શાંત થાય છે. સનતકુમારોનો ક્રોધ હજી શમ્યો નથી.તેમણે ક્રોધમાં જય-વિજયને શ્રાપ આપ્યો કે,રાક્ષસોમાંવિષમતા હોય છે.તમે એવી વિષમતા દેખાડી, માટે તમે રાક્ષસો થાઓ! મંદિરમાં થોડું પાપ કરેએ મહાપાપ છે. સનતકુમારોએ વૈકુંઠમાં ક્રોધ કર્યો. તેથી ભગવાને વિચાર્યું કે, મારા દ્વારે પાપ કર્યું એટલે મારા ઘરમાં આવવા હવે એ લાયક નથી. આ લોકોએ ક્રોધ ઉપર હજુ વિજય મેળવ્યો નથી. સનકાદિકને અંદર પ્રવેશ મળ્યો નહીં.અંદર ગયાહોત પછી બહાર આવવાપણું ન હતું. કારણ ભગવાનનું પરમધામ તો એવું છે, જ્યાં ગયા પછી આવવા પણું હોતું નથી.એટલે નારાયણ લક્ષ્મીજી બહાર આવે છે. ઠાકોરજી સનતકુમારોની સામે જોતા નથી. આજે નજર ધરતી ઉપર છે. જીવને કરેલાં પાપ માટે હૃદયથી પસ્તાવો ન થાય ત્યાંસુધી ઠાકોરજી દર્શન આપતાં નથી.

સ્વદોષ દર્શનએ ઈશ્વર દર્શનનું ફળ છે.સનતકુમારો વંદન કરે છે. પણ ઠાકોરજી સામું જોતા નથી. સનકાદિક ઋષિઓ ભગવાનપાસે ક્ષમા માગે છે.

બ્રાહ્મણો ભગવાનને વહાલા છે. ભગવાન સનતકુમારોને કહે છે કે, તમે મારી ભક્તિ અને જ્ઞાનનો પ્રચાર કર્યો છે. મને મારા ભક્તો અતિ પ્રિય છે. અનન્ય ભક્તિ ન હોય તો મને લક્ષ્મીજી પણ પ્રિય નથી.નિષ્કામ ભક્તિ મનેઅતિશય પ્રિય છે.લક્ષ્મીજીમાં પણ નિષ્કામ ભક્તિ ન હોય તો લક્ષ્મીજી પણ પ્રિય લાગતી નથી.

ચંચળ લક્ષ્મીજી ઠાકોરજીના ચરણમાં સ્થિર થાય છે. તુલસીજી રાધાજીનું સ્વરૂપ છે. જીવાત્મા પરમાત્માનું લગ્ન એ તુલસી વિવાહનું તાત્પર્ય છે.

સનકાદિક વિચારે છે કે, અમારાં વખાણ કરે છે, પણ ધામમાં તો બોલાવતા નથી કે લઈ જતા નથી માટે અમારે હજુ તપશ્ચર્યા કરવાની જરૂર છે. હજુ ક્રોધ અમારામાંથી ગયો નથી, એટલે સનકાદિક બ્રહ્મલોકમાં પધારે છે.

પછી જય-વિજયને સાંત્વના આપી નારાયણ ભગવાને કહ્યું, તમારા ત્રણ અવતારો થશે પણ તમારો ઉદ્ધાર કરવા હું ચાર અવતારો ધારણ કરીશ!

**સનકાદિકના શાપથી જય અને વિજય અનુક્રમે હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ તરીકે અવતર્યા છે. એજ દિતિના બે પુત્રો.**

મહાપ્રભુજીએ આ ચરિત્રની સમાપ્તિ કરતાં કશ્યપ ઉપર ત્રણ દોષો નાખેલા છેઃકર્મત્યાગ, મૌન ત્યાગ અને સ્થાનત્યાગ. હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુના રોજ ચાર-ચાર હાથ વધતા. જો આમ ખરેખર બને તોમાતાપિતાની શું સ્થિતિ થાય તે કલ્પી શકો છો! બીજી મુશ્કેલી એક બાજુ મૂકીએ તો પણ એક દિવસનાં કપડાંબીજે દિવસે ટૂંકા પડે.પણ ભાગવતની આ સમાધિ ભાષા છે.ભાગવતમાં સમાધિ ભાષા મુખ્ય છે. લૌકિકભાષા ગૌણ છે.આમકહીને લોભનું સ્વરૂપ બતાવ્યું છે.ચાર- ચાર હાથ રોજ વધતા એટલે કે લોભ રોજને રોજ વધતો જાય છે લાભથી લોભ વધે છે.લોભનો અંત પ્રભુકૃપા વગર થતો જ નથી. શરીર જીર્ણ થવાથી કામ મરે છે, પણ લોભનો નાશ થતો નથી. લાભથી લોભ વધે એટલે પાપ વધે.પાપ વધે એટલે ધરતી રસા તળમાં જાય છે. ધરતી એટલે માનવસમાજ દુઃખરૂપી રસાતળ માં ડૂબે છે.હિરણ્યાક્ષે ખૂબ ભેગું કર્યું છે. હિરણ્યકશિપુએ ખૂબ ભોગવ્યું છે લોભ વધે એટલેભોગ વધે,ભોગ વધે એટલે પાપ વધે. જયારથી લોકો માનવા લાગ્યા કે, પૈસાથી જ સુખ મળે છે.ત્યારથી જગતમાં પાપ બહુ વધી ગયું છે.

**હિરણ્યાક્ષને મારવા વરાહાવતાર થયો. હિરણ્યકશિપુને મારવા**

નૃસિંહ અવતાર થયો. હિરણ્યાક્ષ ભોગના લોભનો અને હિરણ્યક શિપુએ લોભના ભોગનો અવતાર છે.

કામને મારવા એક જ અવતાર લીધો છે.રાવણ-કુંભકર્ણને મારવા રામચંદ્રજીનો અવતાર. ક્રોધને મારવા પણ એક જ અવતાર શિશુપાળને મારવા શ્રી કૃષ્ણા વતાર. પરંતુ લોભને મારવા માટે બે અવતાર લેવા પડ્યા છે. વરાહાવતાર અને નૃસિંહાવતાર.તે બતાવે છે કે લોભને જીતવો બહુ જ મુશ્કેલ છે. વૃદ્ધાવસ્થામાં ડહાપણ ઘણાને આવે છે,પણ જુવાનીમાં જે ડાહ્યો થયો તે સાચો ડાહ્યો થયો કહેવાય શક્તિ ક્ષીણ થાય ત્યારે કામ જાય તેમાં શું ગઢ જીત્યો? કોઈ ગણકારે નહીંત્યારે ડોસાનો ક્રોધ જાય તેમાં શું નવાઈ? પણ આ લોભ છેવટે વૃદ્ધાવસ્થામાં પણ છૂટતો નથી. લોભ વગેરેના ફેલાવાથી પૃથ્વી દુઃખરૂપી સાગરમાં ડૂબી હતી. સત્કર્મમાં વિઘ્ન કરનાર લોભ છે માટે લોભને સંતોષથી મારજો. લોભ સંતોષથી મરે, માટે સંતોષ કેળવો.વરાહ ભગવાનએ સંતોષનો અવતાર છે.

વરાહાવતાર એ યજ્ઞાવતાર છે. વર=અહ એટલે શ્રેષ્ઠ દિવસ. શ્રેષ્ઠ દિવસ કયો? જે દિવસે તમારા હાથે સત્કર્મ થાય તે. શ્રેષ્ઠ કર્મ કરો એટલે દિવસ શ્રેષ્ઠ બનશે જે કાર્યથી પ્રભુ પ્રસન્ન થાય એ સત્કર્મ છે. સત્કર્મને યજ્ઞ કહે છે. સત્કર્મમાં વિઘ્ન કરનારો હિરણ્યાક્ષ છે એટલે કે લોભ છે.

વરાહ ભગવાને પૃથ્વી જે સમુદ્રમાં ડૂબેલી હતી તેને સમુદ્રમાંથીબહાર કાઢી પરંતુ પૃથ્વીને પોતાની પાસે રાખી નથી. પૃથ્વી મનુને એટલે મનુષ્યોને સોંપી.જે પોતાની પાસે આવ્યું તે બીજાને આપી દીધું આ સંતોષ છે.વરાહ ભગવાન યજ્ઞના દૃષ્ટાંતરૂપ છે. યજ્ઞ કરવાથી ચિત્ત શુદ્ધિ થાય છે.લોભ વગેરેનો નાશ કરી ચિત્તશુદ્ધિ કરવાની છે.

### પોસ્ટ શેર કરીને આપી માહિતી

# શિલ્પા શેટ્ટીની બાંદ્રા ખાતે આવેલી રેસ્ટોરાં બેસ્ટિયન બંધ થશે

**૬૦ કરોડના કૌભાંડના વિવાદ વચ્ચે બાસ્ટિયન બંધ કરવી પડી, શિલ્પાએ ઇન્સ્ટાગ્રામ પોસ્ટમાં જાણકારી આપી**

શિલ્પા શેટ્ટીએ જાહેરાત કરી છે કે તેનું રેસ્ટોરન્ટ બાસ્ટિયન બાન્દ્રા બંધ થઈ રહ્યું છે. તેણે ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ લખીને આ જાહેરાત કરી છે. પોસ્ટમાં તેણે લખ્યું, ''આ ગુરુવારે એક યુગનો અંત આવે છે કારણ કે આપણે મુંબઈના સૌથી પ્રતિષ્ઠિત સ્થળોમાંના એક - બાસ્ટિયન બાન્દ્રાને વિદાય આપી રહ્યાં છીએ. એક એવું સ્થળ જેણે અમને અસંખ્ય યાદો, અવિસ્મરણીય રાતો અને ક્ષણો આપી હતી જેણે શહેરની નાઈટલાઈફને આકાર આપ્યો હતો, હવે તેનો અંતિમ દિવસ છે.''તેણે ઉમેર્યું કે શહેરમાં તેમનું બીજું રેસ્ટોરન્ટ, બેસ્ટિયન એટ ધ ટોપ હજુ પણ કાર્યરત રહેશે. ''આ સુપ્રસિદ્ધ જગ્યાને માન આપવા માટે, અમે અમારા નજીકના ગ્રાહકો માટે એક ખૂબ જ ખાસ સાંજનું આયોજન કરી રહ્યા છીએ - એક રાત જે યાદો, ઉર્જા અને જાદુથી ભરેલી હશે, જે બાસ્ટિયન દ્વારા છેલ્લી વખત તેમાં રહેલી દરેક બાબતની ઉજવણી કરાશે. જ્યારે અમે બાસ્ટિયન બાંદ્રાને અલવિદા કહીએ છીએ, ત્યારે ગુરુવાર રાતના અમારા જાણીતા આર્કેન અફેર આવતા અઠવાડિયે બાસ્ટિયન એટ ધ ટોપ ખાતે ચાલુ રહેશે, જે નવા અનુભવો સાથે એક નવા પ્રકરણ સાથે અમારા વારસાને આગળ ધપાવશે.''બાસ્ટિયન બાંદ્રા થોડાં વર્ષો પહેલા સુધી મુંબઈમાં સેલિબ્રિટીઓ માટે એક સામાન્ય સ્થળ હતું. પાપારાઝી સ્ટાર્સની એક ઝલક મેળવવાની આશામાં રેસ્ટોરન્ટમાં રહેતાં હતાં.તાજેતરમાં, લોટસ કેપિટલ ફાઈનાન્શિયલ સર્વિસીસ લિમિટેડના ડિરેક્ટર ઉદ્યોગપતિ દીપક કોઠારી દ્વારા શિલ્પા શેટ્ટી અને તેના પતિ રાજ કુંન્દ્રા પર ૬૦ કરોડના છેતરપિંડીના આરોપો લગાવવામાં આવ્યા બાદ શિલ્પા શેટ્ટી અને પતિ રાજ કુંદ્રા ફરી એકવાર વિવાદમાં ફસાયેલા જોવા મળ્યા છે.



### ઇમરાને કહ્યું 'મારો કૂક એક અઠવાડિયાનું બધું જ એક સાથે બનાવી દે છે'

# ઇમરાન હાશ્મી ૨ વર્ષથી એક જ ડાયેટ ફોલો કરે છે

તાજેતરના એક ઈન્ટરવ્યુ દરમિયાન, ઈમરાન હાશ્મીએ પોતાનાં રોજિંદા ડાયેટ વિશે ખુલાસો કર્યો. તેણે કહ્યું, ''હું દિવસની શરૂઆત સલાડની પ્લેટથી કરું છું. ત્યારબાદ ચિકન કીમા આવે છે, કારણ કે તે પચવામાં સરળ છે. હું નિયમિત ચિકન ખાઈ શકતો નથી, કારણ કે તેમને ચિકનનો સ્વાદ ગમતો નથી. તેના વિકલ્પમાં મારી પાસે બાફેલા શક્કરિયાનો બાઉલ પણ છે.''આ અંગે વિગતે વાત કરતા ઈમરાને કહ્યું, ''આ ખાસ ડાયેટ હું ૨ વર્ષથી ફોલો કરી રહ્યો છું. મારા રસોઈયા લગભગ એક અઠવાડિયા સુધીનું બધું એકસાથે જ બનાવે છે, અમે તેનો સ્ટોક કરીએ છીએ. પછી અમે ફક્ત દિવસોમાં તેને વહેંચી દઈએ છીએ.'' જ્યારે તેને પૂછવામાં આવ્યું કે શું તેમના પરિવારને પણ આવું જ ભોજન ખાવું પડે છે, ત્યારે તેમણે મજાકમાં જવાબ આપ્યો: ''મારી પત્ની મને છોડીને જવાનું વિચારી રહી છે.''આ પ્રકારના ડાયેટની એક ખાસ રીત અને નિયમ હોય છે, જેના કારણે બ્લડ સુગર લેવલને નિયંત્રણમાં રાખી શકાય છે. ખાસ કરીને ડાયાબિટીસના દર્દીઓ માટે, કાર્બોહાઈડ્રેટ્સ ખાતા પહેલા એક વાટકી સલાડ ખાવું એ માત્ર એક સ્વસ્થ આદત નથી પરંતુ એક સ્માર્ટ બ્લડ સુગર મેનેજમેન્ટની રીત છે.ઈમરાન હાશ્મીની ખાવાની રીતને મોનોટ્રોફિક રીત તરીકે ઓળખવામાં છે. નિષ્ણાતોના મતે મોનો ડાયેટમાં ૨૪થી ૭૨ કલાક માટે માત્ર એક જ ખોરાક ખાવાનો સમાવેશ થાય છે, જે મિનિમલ લાઈફસ્ટાઈલ અને ઓછામાં ઓછા ભોજનની ફિલોસોફી પર આધારિત છે.નિષ્ણાતો કહે છે કે, ફક્ત એક જ પ્રકારનો ખોરાક ખાવાથી, પાચનતંત્ર પર જટિલ સંયોજનોથી બનતા વિવિધ પ્રકારના ભોજનનો વધુ પડતો બોજ પડતો નથી, જે ક્યારેક પેટનું ફૂલવું, અપચો અથવા અન્ય પાચન સમસ્યાઓ તરફ દોરી શકે છે, આ બધાથી બચી શકાય છે.



### 'હું તમારા નામ બોલાવવાનું શરૂ કરું તે પહેલાં મારી તસવીરો દૂર કરો'

# સંમતિ વિના ફોટોગ્રાફનો ઉપયોગ કરતી ઈ-કોમર્સ સાઈટ્સને સોનાક્ષીની ચીમકી



**સોનાક્ષી છેલ્લે તેના ભાઈ કુશ એસ સિંહા દ્વારા ડિરેક્ટ થયેલી સુપરનેચરલ ફિલ્મ 'નિકિતા રોય'માં જોવા મળી હતી**

બોલીવુડ એક્ટ્રેસ સોનાક્ષી સિંહાએ ઓનલાઈન બ્રાન્ડ્સ સામે કડક વલણ અપનાવ્યું છે, જે તેની તસવીરોનો દુરુપયોગ કરે છે. એક ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પોસ્ટમાં, તેણીએ ઘણી બ્રાન્ડ્સને તેની પરવાનગી લીધા વિના અથવા ઉપયોગના અધિકારો ખરીદ્યા વિના તેમની સત્તાવાર વેબસાઈટ્સ પર તેના ફોટોગ્રાફ્સનો ઉપયોગ કરવા બદલ ચેતાવણી આપી છે.સોનાક્ષીએ ખુલાસો કર્યો કે તેને તેના પોતાના ફોટો - મૂળ રૂપે તેના અંગત સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવ્યા હતાં – તે વિવિધ ઈ-કોમર્સ સાઈટ્સ પર દેખાતા જોઈને આઘાત લાગ્યો હતો. તેણે ઉલ્લેખ કર્યો કે આ તસવીરોનો ઉપયોગ તેનાં પ્રોપર્ટી રાઈટ્સ અથવા પરવાનગી માટે પણ વિનંતી વિના પણ થઈ રહ્યો છે.સોનાક્ષીએ લખ્યું, ''ઘણી વાર ઓનલાઈન ખરીદી કરતી વ્યક્તિ તરીકે, મેં મારી તસવીરો ઘણી બ્રાન્ડની વેબસાઈટ્સ પર દેખાતી જોઈ - ઉપયોગ, અધિકારો અથવા પરવાનગી માટે વિનંતી વિના. તે કેવી રીતે સ્વીકાર્ય છે? જ્યારે કોઈ કલાકાર તમારા પોશાક અથવા ઘરેણાં પહેરે છે, ત્યારે તમારા બ્રાન્ડને યોગ્ય શ્રેય આપતી પોસ્ટ બનાવવામાં આવે છે, પરંતુ તે જ છબીઓને તમારી સત્તાવાર વેબસાઈટ પર દર્શાવવામાં આવે છે? તે તમે તેનો વધુ પડતો લાભ ઉઠાવી રહ્યા છો. ચાલો આપણે નૈતિકતા રાખીએ, શું આપણે રાખી શકીશું? મૂળભૂત રીતે, હું એવું કહેવા માગું છું કે, હું તમારા નામ બોલવાનું શરૂ કરું તે પહેલાં મારી તસવીરો દૂર કરવી.''

# સન્ની સંસ્કારી કી તુલસી કુમારીનું બિજુરિયા ગીત રિલીઝ

**બિજુરિયા ગીતની મૂળ રચના રવિ પવાર દ્વારા કરવામાં આવી હતી, અને તેના શબ્દો સોનુ અને અજય ઝિંગરાણે લખ્યા હતા**

બોલિવૂડમાં ફરી એકવાર ભૂતકાળનો સમયની યાદ અપાવે છે. અને આ વખતે ફિલ્મ સન્ની સંસ્કારી કી તુલસી કુમારી ના નિર્માતાઓએ સોનુ નિગમના ૧૯૯૯ ના આલ્બમ 'મૌસમ' માંથી જૂનું ટ્રેક 'બિજુરિયા'પાછું લાવ્યું છે. ફિલ્મના મ્યુઝિક પાર્ટનર સોની મ્યુઝિક ઈન્ડિયાએ તેનો મ્યુઝિક વિડિયો રિલીઝ કર્યો છે.બિજુરિયા ગીતમાં વરુણ ધવન અને જાન્હવી કપૂર છે તે મ્યુઝિક તનિષ્ક બાગચી દ્વારા ફરીથી તૈયાર કરાયેલ ટ્રેકના નવા વરઝ્ન પર ડાન્સ કરતા જોવા મળ્યા છે.બિજુરિયા ગીતની મૂળ રચના રવિ પવાર દ્વારા કરવામાં આવી હતી, અને તેના શબ્દો સોનુ અને અજય ઝિંગરાણે લખ્યા હતા. ગીતમાં એક સ્ત્રી પાર્ટ ઉમેરવામાં આવ્યો છે, અને તે 'રાતાન લંબિયા' ફેમ આસીસ કૌર દ્વારા રજૂ કરવામાં આવ્યું છે. વધારાના શબ્દો તનિષ્કે પોતે લખ્યા છે, અને જ્યારે ગીતનો ટેમ્પો મૂળ ગીત જેવો જ છે, ત્યારે અન્ય શણગાર પણ છે જે ટ્રેકને વર્તમાન સમય સાથે ઝડપી અને વધુ સમકાલીન બનાવે છે. ચાહકોનો ફક્ત એક જ પ્રતિસાદ હતો, તેઓ ગીતમાં સોનુ નિગમનો કેમિયો ઈચ્છતા હતા, જે ઈન્સ્ટાગ્રામ રીલમાં વરુણ સાથે ડાન્સ કરતો જોવા મળ્યો હતો.મ્યુઝિક



વિડીયોમાં અન્ય કલાકારો મનીષ પોલ, સાન્યા મલ્હોત્રા, રોહિત સરાફ અને અક્ષય ઓબેરોય છે. ફિલ્મનું ટીઝર તાજેતરમાં જ બહાર આવ્યું છે, જેમાં વરુણ અને જાન્હવી (સની અને તુલસી) કોઈ પ્લાન બનાવી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે, પરંતુ કંઈ નક્કર જાહેર કરવામાં આવ્યું નથી. વરુણ તેની ફિલ્મ બેબી જોનના બોક્સ ઓફિસ પર નિરાશાજનક પ્રદર્શન પછીથી મુવીમાં જોવા મળ્યો નથી. જ્યારે જાન્હવી કપૂર હાલમાં થિયેટરોમાં તેની ફિલ્મ પરમ સુંદરી જોઈ રહી છે. આ ફિલ્મ, જેમાં સિદ્ધાર્થ મલ્હોત્રા પણ છે , તે પહેલાથી જ નુકસાનમાં હતી જ્યારે લોકોએ તેની સરખામણી ચેન્નાઈ એક્સપ્રેસ સાથે કરવાનું શરૂ કર્યું અને નિર્દેશ કર્યો કે જાન્હવી કપૂર નું અર્ધ-મલયાલી, અર્ધ-તમિલિયન પાત્ર પ્રિય કરતાં વધુ આક્રમક હતું. જ્યારે આંકડા બરાબર આસમાને નથી પહોંચ્યા, ત્યારે ફિલ્મે અત્યાર સુધીમાં ૩૦ કરોડ રૂપિયાનો આંકડો પાર કરી લીધો છે.સન્ની સંસ્કારી કી તુલસી કુમારીની વાત કરીએ તો, આ ફિલ્મનું દિગ્દર્શન શશાંક ખૈતાન દ્વારા કરવામાં આવ્યું છે, જેમણે વરુણ સાથે હમ્પ્ટી શર્મા કી દુલ્હનિયા (૨૦૧૪) અને બદ્રીનાથ કી દુલ્હનિયા (૨૦૧૭) માં કામ કર્યું છે. સન્ની સંસ્કારી કી તુલસી કુમારી મુવી ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ રિલીઝ થશે.

### 'સ્મેશિંગ મશીન'ની ભૂમિકા માટે ડ્વેને ૨૭ કિલો વજન ઘટાડ્યું

# 'ધ રોક' ડ્વેન જોહ્નસનનું ઘટેલું વજન જોઇ ફેન્સમાં આશ્ચર્ય ને ચિંતા

ડ્વેન જોહ્નસનના તાજેતરના દેખાવે તેના બધા ચાહકોને આશ્ચર્યમાં મુકી દીધા છે. તેનું શરીર એકદમ ઘટી ગયેલું જોઈને ઘણા ફેન્સ ચિંતામાં પણ પડી ગયાં હતાં.ડ્વેન જોહ્નસન તેના કદાવર શરીર અને લાર્જર ધેન લાઈફ વ્યક્તિત્વ માટે દુનિયાભરમાં જાણીતો છે. તેણે તાજેતરમાં વેનિસ ફિલ્મ ફેસ્ટિવલમાં હાજરી આપી હતીઅને તેના વજનમાં નોંધપાત્ર ઘટાડા અને ડ્રામેટિક પાતળી ળેમના ચશ્માએ ચાહકો અને વિવેચકો સ્તબ્ધ કરી દીધાં હતાં, જેના કારણે દરેકને તેની વજન ઘટાડવાની સફર વિશે આશ્ચર્ય થયું હતું. કેટલાંકે તેને 'ધ રોક'ને બદલે 'ધ પેબલ' પણ કહ્યું હતું.કોઈપણ ટ્રાન્સફોર્મેશન પાછળ શિસ્ત, હેતુ રહેલો હોય છે. તેવી જ રીતે, ડ્વેનનું પરિવર્તન વ્યક્તિગત સ્વાસ્થ્ય અને વ્યાવસાયિક મહત્વાકાંક્ષા બંને દ્વારા પ્રેરિત હતું. તેણે 'ધ સ્મેશિંગ મશીન'માં લિજેન્ડ માર્ક કેરની ભૂમિકા માટે વજન ઘટાડ્યું હતું. અહેવાલો મુજબ, તેણે લગભગ ૬૦ પાઉન્ડ (લગભગ ૨૭ કિલો) વજન ઘટાડ્યું છે.પોતાના ટ્રેન્સફોર્મેશન માટે, જોહ્નસનને પરંપરાગત માસ-બિલ્ડિંગ વર્કઆઉટ્સથી કાર્ડિયો, ગતિશીલતા અને તાકાત પર ભાર મૂકતી ખાસ કસરતો પર ધ્યાન આપ્યું હતું. તેણે પોતાના ડાયેટમાં પણ મોટો ફેરફાર કર્યો હતો, ઓછું પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ્સ, શાકભાજી અનેઆખા ખોરાક પર ધ્યાન કેન્દ્રિત કરીને પ્રોસેસ્ડ ખાંડ, ભારે વજન ઉપાડવા અને બલ્કિંગ સાઈકલને ફાસ્ટેડ કાર્ડિયો, હાઈ ઈન્ટેન્સિટી ટ્રેઈનિંગ અને શરીરને પૌષ્ટિક રહે તેવા ભોજન પર ધ્યાન આપ્યું હતું.જોહ્નસનને લાંબા સમયથી પાચનની તકલીફોનો પણ સામનો કરી રહ્યો હતો. જેણે તેને તેમના ફિટનેસ ગોલમાં ફેરફાર લાવવા માટે વધુ પ્રેરણા આપી. તેના નવા ડાયેટ અને કસરતે તેને શીખવ્યું કે સાચી ફિટનેસ ફક્ત સ્નાયુઓ અને જીમ નથી, પરંતુ આંતરિક સ્વાસ્થ્ય, સ્પષ્ટતા અને ટકાઉપણું વધુ જરૂરી છે. શરૂઆતમાં, ડ્વેન જોહ્નસનના પાતળા દેખાવથી ચાહકો આશ્ચર્યચકિત થયા હતા. કેટલાક લોકોએ તેમના કુસ્તી અને એક્શન ફિલ્મ પર તેમના વજન ઘટાડવાની અસર પર પણ પ્રશ્ન ઉઠાવ્યો હતો. જો કે, વિવેચકોએ ધ સ્મેશિંગ મશીનની પ્રશંસા કરી હતીઅને જોહ્નસનને તેના વેનિસ પ્રીમિયરમાં ૧૫ મિનિટ સુધી સ્ટેન્ડિંગ અવેશનથી વધાવી લેવામાં આવ્યા હોવાના અહેવાલ છે. શરૂઆતમાં, ડ્વેન જોહ્નસનના પાતળા દેખાવથી ચાહકો આશ્ચર્યચકિત થયા હતા. કેટલાક લોકોએ તેમના કુસ્તી અને એક્શન ફિલ્મ પર તેમના વજન ઘટાડવાની અસર પર પણ પ્રશ્ન ઉઠાવ્યો હતો. જો કે, વિવેચકોએ ધ સ્મેશિંગ મશીનની પ્રશંસા કરી હતીઅને જોહ્નસનને તેના વેનિસ પ્રીમિયરમાં ૧૫ મિનિટ સુધી સ્ટેન્ડિંગ અવેશનથી વધાવી લેવામાં આવ્યા હોવાના અહેવાલ છે.



### જ્હોન હાલમાં રાકેશ મારિયા પરની બાયોપિકનું શૂટિંગ કરી રહ્યો છે

# અભિનેતા જોને ફિલ્મ 'ફોર્સ ૩'ની તૈયારીઓ શરૂ કરી



**૨૦૧૧ માંજોન અબ્રાહમે નિશિકાંત કામત દ્વારા નિર્દેશિત ફોર્સમાં એસીપી યશવર્ધન સિંહ તરીકે કામ કર્યું હતું**

૨૦૧૧ માંજોન અબ્રાહમે નિશિકાંત કામત દ્વારા નિર્દેશિત ફોર્સમાં એસીપી યશવર્ધન સિંહ તરીકે કામ કર્યું હતું, જે બોક્સ ઓફિસ પર સ્લીપર હિટ સાબિત થઈ હતી. એ વખતે તેણે આ ફિલ્મમાં એક ભારેભરખમ બાઈક ઉઠાવીને ફેંકવાનો સીન જાતે કરેલો અને તેના માટે ખાસ ટ્રેનિંગ લીધી હતી, તેની ઘણી ચર્ચા હતી. જોહ્ને ફરી૨૦૧૬માં સોનાક્ષી સિંહા સાથે 'ફોર્સ ૨' કરી હતી. સાત વર્ષ પછી, જોન અબ્રાહમે ફ્રેન્ચાઈઝીને રીબૂટ કરવાનું પ્લાનિંગ કરી લીધું છે, પ્રોડ્યુસર વિપુલ શાહ પાસેથી ફ્રેન્ચાઈઝના અધિકારો પાછા ખરીદી લીધાં છે. જોહ્ન છેલ્લા ૨ વર્ષથી 'ફોર્સ ૩'પર ચૂપચાપ કામ કરી રહ્યો છે, ત્યારે હવે એવા અહેવાલો છે કે જોન અબ્રાહમ 'ફોર્સ ૩'નું શૂટિંગ શરૂ કરવા માટે તૈયાર છે.આ ફિલ્મના નજીકના સૂત્રોના જણાવ્યા અનુસાર, ''જોન અબ્રાહમે 'ફોર્સ ૩'નું ડિરેક્શન કરવા માટે ભવ ધુલિયાને પસંદ કર્યા છે. જોન અબ્રાહમ ફોર્સ ફ્રેન્ચાઈઝને ફરીથી શરૂ કરી રહ્યો છે, કારણ કે તે એસીપી યશવર્ધન સિંહના પાત્રમાં ખૂબ વિશ્વાસ રાખે છે. તેમણે એક એવી ફિલ્મ બનાવી છે જે ફોર્સ ફ્રેન્ચાઈઝની દેશીએક્શન સાથે તૈયાર થઈ રહી છે અને દિગ્દર્શનની જવાબદારીઓ ભવ ધુલિયાને સોંપી છે.''સૂત્રએ વધુમાં જણાવ્યું કે,''ભવે સ્ક્રિપ્ટમાં પોતાનો સ્પર્શ લાવ્યો છે અને જોન અબ્રાહમ સાથે આ એક્શનથી ભરપૂર સફર શરૂ કરવા માટે ઉત્સાહિત છે. ફોર્સ ૩ ૨૦૨૫ના અંતમાં ફ્લોર પર જવાની અપેક્ષા છે. જોન ઉપરાંત, નિર્માતાઓ ફિલ્મના નકારાત્મક પાત્ર ભજવવા માટે એક મજબૂત નામ પસંદ કરવા માંગે છે. આ વિચાર બે મજબુત એક્ટર્સ વચ્ચે એક્શન ક્લેશ બનાવવાનો છે, જેમ કે 'ફોર્સ'માં જોન અબ્રાહમ અને વિદ્યુત જામવાલ.''જ્હોન અબ્રાહમ હાલમાં રાકેશ મારિયા પરની બાયોપિકનું શૂટિંગ કરી રહ્યો છે, જે ૨૦૨૬ના પહેલા ભાગમાં મોટા પડદે આવવાની છે. તે આગામી વર્ષના બીજા ભાગમાં ફોર્સ ૩નું કામ શરૂ કરશે. આ વિચાર બે મજબુત એક્ટર્સ વચ્ચે એક્શન ક્લેશ બનાવવાનો છે, જેમ કે 'ફોર્સ'માં જોન અબ્રાહમ અને વિદ્યુત જામવાલ.''જ્હોન અબ્રાહમ હાલમાં રાકેશ મારિયા પરની બાયોપિકનું શૂટિંગ કરી રહ્યો છે, જે ૨૦૨૬ના પહેલા ભાગમાં મોટા પડદે આવવાની છે. તે આગામી વર્ષના બીજા ભાગમાં ફોર્સ ૩નું કામ શરૂ કરશે.

# 'ધ ગ્રેટ ઇન્ડિયન કપિલ શો'માં બની વિચિત્ર ઘટના

**લાંબા સમય પછી કપિલ શર્માના શોમાં પાછા ફર્યા બાદ સુનીલ ગ્રોવર ફરી એકવાર હેડલાઇન્સમાં છે**

લાંબા સમય પછી કપિલ શર્માના શોમાં પાછા ફર્યા બાદ સુનીલ ગ્રોવર ફરી એકવાર હેડલાઈન્સમાં છે. સુનીલ અને કપિલ વચ્ચે ચાલી રહેલા મતભેદોને કારણે તે ૭ વર્ષ સુધી શોથી દૂર રહ્યો. ૨૦૨૪ માં બંનેએ સમાધાન કર્યું અને સુનીલ શોમાં પાછો ફર્યો. તે પોતાની પ્રતિભાથી દર્શકોનું ખૂબ મનોરંજન કરી રહ્યો છે, દરેક એપિસોડમાં તેનો અલગ અવતાર ખૂબ પસંદ કરવામાં આવી રહ્યો છે. કપિલના શોમાં છોકરાઓ છોકરીઓ બનીને બધાનું મનોરંજન કરે છે, તે દરમિયાન સુનીલ ગ્રોવર ઉપ્સ મોમેન્ટનો શિકાર બન્યો.તાજેતરમાં ફિલ્મ 'પરમ સુંદરી' ની ટીમ શોમાં આવી હતી અને તેમની સામે એક એક્ટ દરમિયાન, સુનીલ ગ્રોવરનો ડ્રેસ ખુલી ગયો અને તે સ્ટેજ છોડીને ભાગી ગયો હતો. તેનો વીડિયો ટીમ કપિલ શર્માના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર શેર કરવામાં આવ્યો છે, જેના કેપ્શનમાં લખ્યું છે, ''જ્યારે તમે લાઈવ પરફોર્મ કરી રહ્યા છોપ કંઈ પણ થઈ શકે છે. બ્લૂપર ચેતવણી, પરંતુ હાસ્ય ક્યારેય અટકતું નથી!''વીડિયોમાં 'પરમ સુંદરી' સ્ટાર સિદ્ધાર્થ મલ્હોત્રા, જાહ્નવી કપૂર, સંજય દત્ત અને મનજોત સિંહ બેઠા હોય છે અને તેમની સામે બાથરૂમ સેટઅપ હોય છે. સુનીલ



ગ્રોવર છોકરીના પોશાક પહેરીને બાથરૂમમાં સ્નાન કરે છે. આ જોઈને મનજોત શરમાઈ જાય છે અને સંજય તેના માટે સીટી વગાડે છે. બાકીના લોકો તેમને જોઈ રહ્યા હોય છે, સુનીલ સ્નાન કરીને બહાર આવે છે અને કપડાં બદલે છે અને પછી તેનો ડ્રેસ ખુલે છે અને સુનીલ પોતાને કાબૂમાં રાખીને ત્યાંથી ભાગી જાય છે. આ દરમિયાન, સિદ્ધુ કહે છે કે જો તે અહીં થોડો વધુ સમય ઉભો રહ્યો હોત તો આ હોલ ખાલી થઈ ગયો હોત.વીડિયોમાં 'પરમ સુંદરી' સ્ટાર સિદ્ધાર્થ મલ્હોત્રા, જાહ્નવી કપૂર, સંજય દત્ત અને મનજોત સિંહ બેઠા હોય છે અને તેમની સામે બાથરૂમ સેટઅપ હોય છે. સુનીલ ગ્રોવર છોકરીના પોશાક પહેરીને બાથરૂમમાં સ્નાન કરે છે. આ જોઈને મનજોત શરમાઈ જાય છે અને સંજય તેના માટે સીટી વગાડે છે. બાકીના લોકો તેમને જોઈ રહ્યા હોય છે, સુનીલ સ્નાન કરીને બહાર આવે છે અને કપડાં બદલે છે અને પછી તેનો ડ્રેસ ખુલે છે અને સુનીલ પોતાને કાબૂમાં રાખીને ત્યાંથી ભાગી જાય છે. આ દરમિયાન, સિદ્ધુ કહે છે કે જો તે અહીં થોડો વધુ સમય ઉભો રહ્યો હોત તો આ હોલ ખાલી થઈ ગયો હોત. અને તેમની સામે બાથરૂમ સેટઅપ હોય છે. સુનીલ ગ્રોવર છોકરીના પોશાક પહેરીને બાથરૂમમાં સ્નાન કરે છે. આ જોઈને મનજોત શરમાઈ જાય છે અને સંજય તેના માટે સીટી વગાડે છે. બાકીના લોકો તેમને જોઈ રહ્યા હોય છે, સુનીલ સ્નાન કરીને બહાર આવે છે અને કપડાં બદલે છે અને પછી તેનો ડ્રેસ ખુલે છે અને સુનીલ પોતાને કાબૂમાં રાખીને ત્યાંથી ભાગી જાય છે. આ દરમિયાન, સિદ્ધુ કહે છે કે જો તે અહીં થોડો વધુ સમય ઉભો રહ્યો હોત તો આ હોલ ખાલી થઈ ગયો હોત.

# ધારાસભ્ય શ્રી અમૂલભાઇ ભટ્ટે મણિનગર ખાતે પિકલબોલ એકેડમીનું ઉદ્ઘાટન કરાવ્યું





। (માહિતી) અમદાવાદ, તા.૪ ।

મણિનગરના ધારાસભ્ય શ્રી અમૂલભાઈ ભટ્ટે SAG AMC મણિનગર પિકલબોલ એકેડમીનું ઉદ્ઘાટન કર્યું હતું. મણિનગર વિસ્તારમાં આ પ્રથમ પિકલબોલ કોર્ટ છે. આ ઉદ્ઘાટન સમારોહમાં મણિનગર વોર્ડના કાઉન્સિલર અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના દંડક શ્રી શીતલબેન ડાગા, શ્રીમતી ઈલાક્ષીબેન શાહ, શ્રી કરણ ભટ્ટ, ડો. ચંદ્રકાંત ચૌહાણ તથા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દક્ષિણ ઝોનના હોદ્દેદારો તથા ડિસ્ટ્રિક્ટ સ્પોર્ટ્સ ડેવલપમેન્ટ ઓફિસર શ્રી સમીર પંચાલ તથા SAG AMC મણિનગર ટેનિસ એકેડમીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# ઝાલોદ નગરપાલિકા વિસ્તારના દાઢીયા ખાતે સ્મશાન બનાવવા સ્થાનિકોની માંગ

## હાલ દાઢીયા ખાતે જે સ્મશાન છે તેની હાલત દયનીય



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૪ ।

ઝાલોદ નગરપાલિકા વિસ્તારના વોર્ડ નંબર ૧ મા આવેલ દાઢીયા મુકામે રહેતા સ્થાનિકો દ્વારા સ્મશાન બનાવવા માટે લોકમાંગ ઉભી થયેલ છે. હાલ નગરપાલિકા વિસ્તારમાં આવેલ દાઢીયા મુકામે ત્યાં રહેતા સ્થાનિકોના કહેવા મુજબ અહીંયા વર્ષો થઈ ગયા પણ સ્મશાન છે જ નહીં અને જે સ્મશાન છે તેની હાલત જોતા લાગે છે કે આઝાદીના ૭૭ વર્ષ ઉપરાંત થઈ ગયા છતા-ય આ વિસ્તારની પ્રથમ સુવિધા એવું સ્મશાન તેની હાલત ગુલામી કાળની યાદ અપાવે છે. સરકાર દ્વારા નગરપાલિકા વિસ્તારોના સ્થાનિક વિકાસ અને પ્રાથમિક તેમજ પાયાની સુવિધાઓ માટે કરોડો ખર્ચવામા આવે છે પરંતુ અહીં રહેતા સ્થાનિકોનું કહેવું છે કે કેટલીય વાર સ્મશાન બનાવવા માટે માંગ કરવામાં આવેલ છે પરંતુ આજ સુધી કોઈ પાલિકા તંત્ર દ્વારા અહીંયા રહેતા સ્થાનિકોની પાયાની સુવિધાને અવગણતા આવેલ છે.

ઝાલોદ નગરપાલિકા વિસ્તારના દાઢીયા મુકામે આ-જરોજ એક સ્થાનિક વ્યક્તિનું અવસાન થતાં ત્યાં થી પસાર થતા જોવા મળ્યું કે સ્કૂલની સામે સ્મશાન તરફ જતો રસ્તો કાચો છે તેમજ ઉબડ ખાબડ રસ્તો છે સ્મશાન જવા માટે આ એક માત્ર રસ્તો છે વરસાદમાં સ્થાનિક કોઈ વ્યક્તિનુ અવસાન થાય તો ભારે દુવિધાનો સામનો કરવો પડતો હોય છે. આ કાચા રસ્તા પછી સ્મશાન જતા એક પગદંડી આવેલ છે જે સ્મશાન જવા માટેનો એક માત્ર રસ્તો છે તેવું સ્થાનિકોનુ કહેવુ છે. આ પગદંડી પર એક વ્યક્તિને ચાલવામાં તકલીફ પડતી હોય તો કોઈનું મૃત્યુ થયું હોય ત્યારે આ રસ્તા પર થી કેવી રીતે નીકળવુ એવો પ્રશ્ન સ્થાનિકોને સતાવી રહ્યો છે. પગદંડીની બંને બાજુ વરસાદના સિઝનમાં જંગલી ઘાસ ઉગી ગયેલ જોવા મળેલ છે તેમજ પાણીની નહેર વચ્ચે થી ચાલતા લોકોને પસાર થવું પડે છે. સ્મશાન જોતા એવું લાગે છે કે અહીંયા સ્મશાન ફક્ત નામનું છે. સ્મશાનમાં કોઈ મૃતક વ્યક્તિની નનામીને ફેરી આપવામાં પણ તકલીફ પડે છે. સ્થાનિકોના કહેવા મુજબ નગરપાલિકા દ્વારા સ્મશાનના નામ પર એક રૂપિયો અહીંયા ખર્ચ કરેલ નથી. સ્થાનિકો નિયમિત વેરા ભરે છે છતાંય કેમ આવી પ્રાથમિક સુવિધા આપવામાં આવી રહેલ નથી. નગરપાલિકા સંચાલકો આ સ્થાનિક પ્રશ્નને ગંભીરતાથી લે અને સ્થાનિકોના આ સમસ્યાનુ કાયમી નિરાકરણ લાવે તેવું સ્થાનિકોનુ કહેવુ છે.

સ્થાનિકોના આ જટિલ પ્રશ્ન જે પ્રાથમિક સુવિધા ઓમા ગણાય છે તેનું નિરાકરણ લાવવા વર્ષો થી પ્રયત્ન કરી રહેલ છે પરંતુ આ સમસ્યાનુ નિદાન ન આવતા એવું લાગે છે તેઓ હજુ ગુલામીમા જીવી રહેલ છે. સ્થાનિક ચૂંટાયેલ પ્રતિનિધિ ઓ પણ આ અંગે ધ્યાન આપે તેવું સ્થાનિકોનુ માનવુ છે.

# દેવગઢ બારીઆ સરકારી હોસ્પિટલમા ગાયનેક ડોક્ટરનો અભાવ સગર્ભા માતાઓને ભોગવવી પડતી તકલીફ




તસ્વીર : સોહિલ દિવાન, દેવગઢ બારીઆ

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૪ ।

પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ બારીઆ સરકારી હોસ્પિટલ મા સરકાર દ્વારા અધતન સુવિધા સાથે સરકારે તમામ પ્રકાર ની સુવિધાઓ આપી છે પ્રજા ની સારવાર માટે આ હોસ્પિટલ મા દેવગઢ બારીઆ તાલુકા ધાનપુર તાલુકા તથા બીજા જિલ્લા ના આસપાસ ના લોકો સારવાર માટે આવતા હોય છે પરંતુ આ સરકારી હોસ્પિટલ મા કાયમી ગાયનેક ડોક્ટર નથી જેના કારણે સગર્ભા માતા ને જ્યારે પ્રસૂતિ માટે લાવવા માં આવે છે તો સારવાર કરવા ના બદલે ઝાયડસ હોસ્પિટલ મા બારોબાર રિફર કરી દેવા માં આવે છે રેસિડન્ટ ડોક્ટર દ્વારા આ બાબત મા હોસ્પિટલ ના સુપ્રિટેન્ડેન્ટ પોતે ગાયનેક ડોક્ટર છે પરંતુ તેઓ પણ આ બાબત કઈ બોલવા કે કહેવા તૈયાર નથી જો પ્રસૂતિ અને રિફર નો આંકડો તપાસવા માં આવે તો સૌથી ઓછી પ્રસૂતિ આ હોસ્પિટલ મા થઈ હોય તેવું અનુમાન છે માટે કાયમી ગાયનેક ડોક્ટર ની નિમણૂક થાય અને સગર્ભા માતા ને રિફર ના કરે સારી રીતે સારવાર મળે તે માટે કોશીસ કરી આગળ કામ કરવું જોઈએ....

# ઠાસરા ખેડૂત તાલીમ કેન્દ્ર ખાતે “ ગ્રો મોર ફ્રુટ ક્રોપ” અભિયાન હેઠળ ખેડૂત તાલીમ યોજાઈ

। (માહિતી) નડિયાદ, તા.૪ ।

નાયબબાગાયતનિયામકશ્રીની કચેરી દ્વારા ઠાસરા તાલુકાના ખેડૂત તાલીમ કેન્દ્ર ખાતે “ ગ્રો મોર ફ્રુટ ક્રોપ” અભિયાન હેઠળ બાગાયત ખાતાની યોજનાઓના અને પ્રાકૃતિક ખેતીના પ્રચાર પ્રસાર અંગે ખેડૂત તાલીમ આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં ખેડા જીલ્લાના ઠાસરા અને ગળતેશ્વર તાલુકા ૮૦ થી વધુ ખેડૂતો હાજર રહ્યા હતા. આ તાલીમમાં બાગાયત ખાતાની વિવિધ યોજનાઓ જેવી કે લણણીના સાધનો (NMEO-OP), મહિલા તાલીમાર્થીઓને વૃતીકા (સ્ટાઈપેંડ), બાગાયતી પાકના કલ્સ્ટરોને કાપણી પછીની વ્યવસ્થા અને બજાર સાથે સાંકળવા વ્યક્તિગત/ખાનગી સંસ્થા / ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન (FPO/FPC)/સહકારી સંસ્થાને માળખાકીય સુવિધા પૂરી પાડવા બાબત, કાચા મંડપ ટામેટા/મરચાં અને અન્ય શાકભાજીના ટ્રેલીઝ, પાકા મંડપ-વેલાવાળા શાકભાજીના પેડલ, અર્ધ પાકા મંડપ-વેલાવાળા શાકભાજીના પડલ ,આંબા તથા લીંબુ ફળપાકના જુના બગીચાઓને નવસર્જન માટે સહાય, સ્વરોજગારલક્ષી બાગાયતી નર્સરી વિકાસ કાર્યક્રમ તેમજ ઓઈલ પામ, પ્રાકૃતિક ખેતી, PMFME-પ્રધાનમંત્રી ફોર્મલાઈઝેશન ઓફ માઈક્રો ફૂડ પ્રોસેસિંગ એન્ટરપ્રાઇઝ યોજના વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ તાલીમમાં નાયબ બાગાયત નિયામકશ્રી, ડૉ સિમ્તા પિલ્લાઇ દ્વારા વધુમાં જણાવ્યું કે PMFME યોજના જેમાં વિવિધ ઘટકો અનાજ પ્રોસેસિંગ (ઘઉં, ચોખા, કઠોળ, જુવાર, મકાઈ વગેરે), ડેરી પ્રોસેસિંગ, ફળો અને શાકભાજી પ્રોસેસિંગ, બેકરી અને મિષ્ઠાન ઉત્પાદનો, મસાલા અને રોપણી પાક પ્રોસેસિંગ, ચરબી અને તેલબીયા પ્રોસેસિંગ, માંસ અને મરીન ઉત્પાદનો પ્રોસેસિંગ, પશુ દાણ, મરઘા દાણ અને લઘુવન ઉત્પન્ન વગેરે જેવા તમામ એગ્રો ફૂડ પ્રોસેસિંગ યુનિટ્સનો સમાવેશ થાય છે. આ યોજનામાં ૩૫% અથવા વધુમાં વધુ દસલાખ સુધીની સહાય સરકારશ્રી દ્વારા આપવામાં આવે છે. આ તાલીમમાં મદદનીશ બાગાયત નિયામકશ્રી જૈમીન પટેલ, બાગાયત અધિકારી હરેશ ચોધરી, બાગાયત મદદનીશ મહેશ ચૌહાણ અને આત્મા કચેરીમાંથી પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી જગદીશભાઈ પટેલ અને ખેડૂતો હાજર રહ્યા હતા એમ નાયબ બાગાયત નિયામકશ્રીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# સી.એમ.એમ ભારત દ્વારા વિરમગામ ખાતે ગણપતિ દાદાના પ્રસાદરૂપે સગર્ભા બહેનોને સુખડી વિતરણ કરાયું

## તાલુકા હેલ્થ ઓફિસ ખાતે આયોજિત કાર્યક્રમમાં વિચરતી અને વિમુક્ત જાતિના બાંધવોના હસ્તે સુખડી વિતરણ કરવામાં આવ્યું



। (વંદના નીલકંઠ વાસુકિયા) તા.૪ ।

વિરમગામ : તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ ખાતે ગણેશોત્સવ દરમ્યાન ગણપતિ દાદાને સુખડીનો પ્રસાદ ધરાવવામાં આવ્યો હતો. સી.એમ.એમ ભારત દ્વારા વિરમગામના ૧૦૦થી વધુ સગર્ભા બહેનોને ગણપતિ દાદાના પ્રસાદ રૂપે સુખડી આપવામાં આવી હતી. વિચરતી અને વિમુક્ત જાતિના બાંધવો તથા ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે તાલુકા હેલ્થ ઓફિસ ખાતે ૧૫ સગર્ભા બહેનોને સુખડી આપવામાં આવી હતી અને બાકીના ૮૫ થી વધુ સગર્ભા બહેનોને આશા બહેનો, આરોગ્ય કર્મચારીઓ દ્વારા ઘરે સુખડી પહોંચાડવામાં આવી હતી. ઉપસ્થિત તમામ લોકો દ્વારા વિઘ્નહર્તા ભગવાન ગણેશજીની આરતી ઉતારવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સહકાર આપનાર તમામ લોકોનો સી.એમ.એમ ભારતના વંદના નીલકંઠ વાસુકીયા દ્વારા આભાર માનવામાં આવ્યો હતો. સગર્ભાવસ્થા દરમ્યાન સાકર, વરીયાળી વાળુ દુધ, જેઠી મધ વાળુ દુધ, માખણ, ઘી, મધ, જુના ચોખા, સંચળ યોગ્ય માત્રામાં લેવુ જોઇએ. છઠ્ઠા માસે ગોખરૂવાળુ દુધ લેવુ જોઇએ. મગ, મગનું પાણી, કઠોળ, સિંગ, સુખડી, લીલા શાકભાજી વધારે પ્રમાણમાં લેવા જોઇએ. જે ધાત્રી માતાને ધાવણ ન આવતુ હોય તો શતાવરી યુક્ત દુધ લેવાથી ધાવણ યોગ્ય માત્રામાં આવે છે. સગર્ભાવસ્થા દરમ્યાન યોગ્ય માત્રામાં આયર્ન, ફોલીક એસીડ તથા કેલ્શીયમની ટેબલેટ લેવી જોઇએ. અત્રે ઉલ્લેખનીય છે કે, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોમાં સમાવિષ્ટ ૧૪૬ જ્ઞાતિઓમાં ૨૮ વિચરતી અને ૧૨ વિમુક્ત જાતિઓ મળી કુલ ૪૦ જાતિઓ અતિ પછાત અને નબળી જાતિઓ છે. વિચરતી જાતિઓ રખડતું ભટકતુ જીવન ગુજારવાના કારણે તેમજ વિમુક્ત જાતિઓનું બ્રિટિશ સરકારે ૧૮૭૧માં ગુનેગાર જાતિઓ જાહેર કરતાં અને ત્યારબાદ તેમને આઝાદ ભારત સરકારે સન ૧૯૫૨માં વિમુક્ત જાહેર કરતાં તેમની પણ રખડતી ભટકતી જીવન શૈલીને કારણે તેઓ સામાજીક અને શૈક્ષણિક અને આર્થિક રીતે વધારે પછાત છે. સી.એમ.એમ ભારત દ્વારા ગણપતિદાદાના પ્રસાદ રૂપે વિચરતી અને વિમુક્ત જાતિના બાંધવોના વરદ હસ્તે સુખડી વિતરણ કરાવવામાં આવ્યું હતું.

# ઝાલોદ નગરપાલિકાની સરાહનીય કામગીરી રખડતા પશુઓને પાંજરાપોળ મોકલવામાં આવ્યા



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૪ ।

ઝાલોદ નગરપાલિકામા રહેતા રહીશો તેમજ નગરમાં કામગીરી માટે આવતા વ્યક્તિઓને ઘણા સમયથી એક મોટો પ્રશ્ન સતાવી રહેલ હતો કે રસ્તામાં જ્યાં ત્યાં રખડતા પશુઓ અડીંગો જમાવી બેસી જતાં જેને લઈ નગરમાં અવારનવાર ટ્રાફિક સમસ્યાનો સામનો કરવો પડતો હતો. ઘણી વાર રખડતા પશુઓ રસ્તા પર બેસી રહેતા હોવાથી પશુઓના અકસ્માતમા ગંભીર ઈજાઓ થઈ હોય તેવું પણ જાણવા મળેલ હતું. ઝાલોદ નગરપાલિકા વિસ્તારમાં પાલિકા દ્વારા રખડતા ઢોરના માલિકોને રસ્તાઓ પર જ્યા ત્યાં ન છોડવા નગરમાં માઈક ફેરવી તેમજ સોશિયલ મીડિયાઓમા મેસેજ છોડી ચેતવણી આપવામાં આવી હતી. પાલિકા દ્વારા પશુ માલિકોને ચેતવણી આપતાં કહ્યું હતું કે જો પશુ માલિકો તેઓના પશુઓની કાળજી નહીં રાખે અને રસ્તા પર ખુલ્લા છોડી મુકશે તો રસ્તા પર રખડતા પશુઓને પાંજરાપોળમા મોકલાવી દેવામાં આવશે અને પાંજરાપોળ ખાતે જો પશુ માલિક પોતાના પશુ લેવા જશે તો પશુ તેનું જ છે તેની ખાતરી આપી દંડ ભરી પશુ તેના માલિકને સોપવામાં આવનાર છે. પાલિકા દ્વારા ૦૩-૦૯-૨૦૨૫ ના રોજ રાત્રી દરમિયાન રખડતા પશુઓને પશુવાનમા ભરવાની કામગીરી આરંભી હતી. રાત્રિ દરમ્યાન અંદાજીત સાત જેટલા ગૌવંશને જાહેર રસ્તા પર રખડતા પકડી લેવામાં આવ્યા હતા. જાણવા મળેલ સૂત્રો મુજબ આ પશુવાનમા પકડવામાં આવેલ ગૌવંશને માંડલીખૂંટા મુકામે આવેલ પાંજરાપોળમા મોકલી આપવામાં આવેલ છે. નગરપાલિકાની આ સુંદર અને સરાહનીય કામગીરીને નગરજનોએ સરાહી હતી.

# મહેમદાવાદ તાલુકાના જરાવત ગામે જાતીય પશુ આરોગ્ય કેમ્પ (FIP) યોજાયો

। (માહિતી) નડિયાદ, તા.૪ ।

ખેડા જીલ્લાના મહેમદાવાદ તાલુકાના જરાવત (બાર મુવાડા) ખાતે ખેડા જિલ્લા પંચાયત,નડિયાદ સંચાલિત પશુદવાખાના, મહેમદાવાદ દ્વારા જાતીય પશુ આરોગ્ય કેમ્પ (FIP) નું આયોજન કરવામાં આવ્યું હતુ. આ કેમ્પનું ઉદઘાટન ગુજરાત રાજ્યના કૃષિ અને સહકાર, પશુપાલન, ગૌસંવર્ધન અને મત્સ્યઉધોગના સચિવશ્રી, સંદીપ કુમાર દ્વારા કરવામાં આવ્યું હતુ. સચિવશ્રી દ્વારા કેમ્પનું ગૌપૂજન વિધિ દ્વારા ઉદઘાટન કરવામાં આવ્યું હતુ.

આ પ્રસંગે માનનીય આ પ્રસંગે સચિવશ્રી, દ્વારા પશુપાલકો સાથે વાર્તાલાપ કરવામાં આવ્યો હતો. તેઓશ્રી અને પશુપાલકો વચ્ચે સેક્સ સોર્ટેડ સીમેન, માઈક્રો ATM, પશુઓની દેખરેખ, કિસાનકેડિટ કાર્ડ (પશુપાલન), સ્વચ્છ દૂધઉત્પાદન, આદર્શ પશુપાલન, સરકારશ્રીની વિવિધ સહાયકારી યોજનાઓ વિશે વિચારોની આપ-લે કરવામાં આવી હતી.

જાતીય પશુ આરોગ્ય કેમ્પ માં ૪૫ ગાયનેક સારવાર, ૩૪ મેડીસીન સારવાર અને ૬૭ ડીવોર્મિંગ સારવાર એમ કુલ ૧૪૬ ની સારવાર કરવામાં આવી. માનનીય સચિવશ્રી એ પશુપાલકો સાથેના વર્તાલાપના કાર્યક્મમાં કુલ ૩૦ પશુપાલકો એ લાભ લીધો. જેમાં તેમના પ્રશ્નોના સુખાકારી નિવારણ થાય તે અંગે પ્રયત્નો કરવામાં આવશે તેની ખાતરી આપવામાં આવી હતી....

આ પ્રસંગે અમદાવાદ વિભાગના વિભાગીય સંયુક્ત પશુપાલન નિયામકશ્રી ડૉ.કે.જી. બ્રહ્મક્ષત્રિય અને ખેડા જિલ્લા પંચાયત, નડિયાદના નાયબ પશુપાલન નિયામકશ્રી ગામના સરપંચશ્રી, દૂધઉત્પાદક સહકારી મંડળીના ચેરમેનશ્રી, સેક્રેટરી તથા અન્ય ગ્રામ્ય આગેવાનો, પશુપાલકો હાજર રહ્યા હતા.

# ખેડા જિલ્લાના કઠલાલ અને કપડવંજ ખાતે પ્રાકૃતિક કૃષિ હાટ ભરાયા હતા

। (માહિતી) નડિયાદ, તા.૪ ।

એગ્રીકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી ‘‘આત્મા’’ના ઉપક્રમે આજરોજ ખેડા જિલ્લાના વિવિધ તાલુકામાં પ્રાકૃતિક ખેડૂત હાટ યોજાયો હતો. જે અંતર્ગત આજરોજ જિલ્લાના કઠલાલ અને કપડવંજ ખાતે પ્રાકૃતિક કૃષિ હાટ ભરાયા હતા. જેમાં કપડવંજ તાલુકામાં તાલુકા પ્રોજેક્ટ મેનેજર ભૂમિકાબેન પટેલ અને કઠલાલ તાલુકાના અગ્રીકલચર આસિસ્ટન્ટ કલ્પેશભાઈ ડાભી ખેડુતો સાથે હાજર રહ્યાં હતા.આજે પ્રાકૃતિક રીતે ઉછેરેલા શાકભાજી, ફળો, અનાજ, કઠોળ અને મરી મસાલાનું વેચાણ કરવામાં આવ્યું હતુ. સવારે ૧૦ થી ૧૨ વાગ્યા દરમિયાન યોજાએલા આ પ્રાકૃતિક ખેડૂત હાટ વેચાણ કેન્દ્રમાં પ્રાકૃતિક કૃષિ પ્રેમીઓએ વિવિધ શાકભાજી અને કઠોળ તેમજ અનાજનું અનાજની ખરીદી કરી હતી. ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના માર્કેટિંગ સંયોજક શ્રી કિંજલભાઈ પટેલ જણાવે છે એમ,’’ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી જગદીશભાઈ પટેલના માર્ગદર્શનમાં જિલ્લાના તાલુકા સ્તરે પ્રાકૃતિક ખેડૂત હાટ વેચાણ કેન્દ્રમાં પ્રાકૃતિક કૃષિના ઉત્પાદનો વેચાઈ રહયા છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. રહેવાના સ્થળમાં પરિવર્તન ખાસ્સું મંગલકારી પુરવાર થશે. પ્રેમ પ્રકરણમાં બળપૂર્વક કામ લેવાનું ટાળો. આજે તમે નવા વિચારોથી તરબતર હશો તથા પ્રવૃત્તિની તમારી પસંદગી તમારી અપેક્ષા કરતાં અનેક ગણો વધારે લાભ અપાવશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારા મગજને પ્રેમ, આશા, વિશ્વાસ, કરૂણા, આશાવાદ તથા વફાદારી જેવી હકારાત્મક લાગણીઓને ગ્રહણ કરે તેવું બનાવો. એકવાર આ લાગણીઓ સંપૂર્ણ અંકુશ લઈ લે- એપછી મગજ દરેક પરિસ્થિતિને હકારાત્મક પ્રતિસાદ આપશે. પ્રૉપર્ટીને લગતા સોદા સાકાર થશે તથા અકલ્પ્ય લાભ લાવશે. પરિવારના સભ્યોની લાગણીને દુભાવવી ન હોય તો તમારા ગુસ્સા પર કાબૂ રાખજો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે. આગળ જતાં જેનું મૂલ્ય વધવાનું છે એવી ચીજ ખરીદવા માટે શ્રેષ્ઠ દિવસ. પાડોશી સાથેનો ઝઘડો તમારો મૂડ બગાડી નાખશે. પણ તમારો મિજાજ ગુમાવતા નહીં કારણ કે આ બાબત બળતામાં ઘી ઉમેરશે. તમે સહકાર ન આપો તો કોઈ તમારી સાથે ઝઘડી જ શકે નહીં.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો? આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે? આજનો જ વિચાર કરીને જીવનના તમારા અભિગમને તથા મનોરંજન પાછળ વધુ પડતો સમય અને નાણાં ખર્ચવાના તમારા વલણ પર અંકુશ રાખો. તમે ઉજવણીના મૂડમાં હશો તથા પરિવારના સભ્યો તથા મિત્રો પાછળ નાણાં ખર્ચવા તમને ગમશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારી નફરતને મારવા માટે સૌહાર્દપૂર્ણ સ્વભાવ કેળવો કેમ કે તે પ્રેમ કરતાં વધુ બળવાન છે અને તેની તમારા શરીર પર વ્યાપક અસર થાય છે. યાદ રાખો બૂરાઈનો વહેલો મોડો અંત થાય જ છે. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. મિત્રો સાથે સાંજ આનંદદાયક રહેશે. આજે તમને જાણ થશે કે તમારા સાથીનો પ્રેમ તમારી માટે સદાય ઊંડી ભાવના ધરાવતી લાગણી છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારા ઉચ્ચ આત્મવિશ્વાસને આજે સારા ઉપયોગમાં લેવાનો પ્રયાસ કરો. દોડધામભર્યો દિવસ હોવા છતાં તમે તમારી શક્તિ પાછી મેળવી શકશો. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે. આજે તમને પૈસા ની જરૂર હશે પરંતુ તે તમને નહિ મળી શકે. પરિવારના સભ્યો તરફથી મળેલી સારી સલાહ તમારી માટે આજે લાભ થશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે વાહન ચલાવતી વખતે તકેદારી રાખો. આ વાત સારી રીતે સમજી લો કે દુઃખ ના સમય માં સંચિત ધન જ કામ માં આવશે તેથી આજ ના દિવસ થી પોતાનો ધન સંચય કરવા નો વિચાર બનાવો? મિત્રો સાથે સાંજ અત્યંત મનોરંજક તથા આનંદસભર રહેશે. તમારૂં પ્રિયપાત્ર આજે તમારી માટે જીવંત દેવદૂત બનીને આવશે, દરેક ક્ષણને માણો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમે નવરાશની લહેજત માણવાના છો. બીજા દિવસો ની સરખામણી માં આજ નું દિવસ સારું રહેશે અને પર્યાપ્ત ધન ની પ્રાપ્તિ થશે. પરિવારના સભ્યો તરફથી મળેલી સારી સલાહ તમારી માનસિક તાણ ઘટાડશે. તમારા મિત્રો સાથે તમે વિતાવેલા સારા સમયને યાદ કરી મિત્રતાને નવપલ્લવિત કરવાનો સમય. સમય ની નાજુકતા ને સમજી ને, આજે તમે બધા થી અંતર રાખી ને એકાંત માં સમય પસાર કરવા નું પસંદ કરશો.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. તમારા ધન સંચિત કરવા ના પ્રયાસ આજે અસફળ થયી શકે છે. પરંતુ ઘબરાવાની જરૂર નથી કેમકે પરિસ્થિતિ જલ્દી સુધરશે? કોઈક ધાર્મિક સ્થળ અથવા સંતપુરૂષની મુલાકાત લો અને તમારા મગજને આશ્વાસન અને શાંતિ મળશે. પ્રેમ હકારાત્મક કંપનો દેખાડશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે હળવા થવા માટે નિકટના મિત્રો સાથે સમય વિતાવજો. આજે તમારા ઓફિસે માં તમારો કોઈ સહકર્મી તમારી વસ્તુ ચોરી કરી શકે છે તેથી આજે તમારે પોતાના સમાન નું ધ્યાન રાખવું જરૂરી છે. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. કેટલાક બાકી રહેલા મુદ્દા વધુ ઘેરા બનશે તથા ખર્ચનો મુદ્દો તમારા મગજમાં ઘુમરાયા કરશે. કેટલાક લોકો પોતે કરી શકે તેનાથી વધુ કામરી બડાઈ ફૂંકશે-જેઓ માત્ર વાતો જ કરે છે અને કોઈ પરિણામ આપતા નથી એવા લોકો વિશે ભૂલી જવામાં જ સાર છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે ખૂલ્લામાં રાખેલું ખાણું ખાતી વખતે ખાસ કરીને તકેદારી રાખવી. પણ બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટૅન્શનમાં ઓર વધારો થશે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. તમારા મિત્રો તથા સંબંધીઓને તમારી આર્થિક બાબતોનું સંચાલન ન સોંપતા, નહીંતર તમારૂં બજૅટ વેરવિખેર થઈ જશે.

### જો રુટ અંગે ફાસ્ટ બોલર પ્રસિદ્ધ કૃષ્ણાનો ખુલાસો

# મેં તો બસ પ્રશંસા કરી હતી, તેણે ગાળ સમજી

### હવે પ્રસિદ્ધ કૃષ્ણાએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું કે, મેં તો માત્ર એટલું જ કહ્યું હતું કે તમે સારા લાગી રહ્યા છો



**। (એજન્સી) લંડન, તા.૪ ।**

ઈંગ્લેન્ડ સામે તાજેતરની ટેસ્ટ સીરીઝમાં પોતાની બોલિંગથી પ્રભાવિત કરનાર ફાસ્ટ બોલર પ્રસિદ્ધ કૃષ્ણાએ ઓવલમાં રમાયેલી પાંચમી ટેસ્ટ દરમિયાન જો રૂટ સાથે મેદાન પર થયેલા વિવાદ અંગે ખુલાસો કર્યો છે. તેણે જણાવ્યું કે, મને એ ન સમજાયું કે આ દિગ્ગજ બેટ્સમેને આટલા ગુસ્સા સાથે પ્રતિક્રિયા કેમ આપી? ભારતે પાંચમી ટેસ્ટ મેચ છ રનથી જીતીને સીરિઝને બે-બેથી બરાબર કરી લીધી હતી. આ મેચના બીજા દિવસે જો રૂટ અને પ્રસિદ્ધ કૃષ્ણા વચ્ચે તીખી દલીલ થઈ હતી. હવે પ્રસિદ્ધ કૃષ્ણાએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું કે, મને નથી ખબર કે, રૂટે કેમ આ પ્રકારની પ્રતિક્રિયા આપી. મેં તો માત્ર એટલું જ કહ્યું હતું કે તમે સારા લાગી રહ્યા છો, મેં તો બસ પ્રશંસા કરી હતી અને તેણે તેને ગાળ સમજી લીધી. મેં ઘણા ખેલાડીઓ સાથે વાત કરી. મેં રૂટ સાથે પણ વાત કરી. મેં તેને પૂછ્યું કે શું થયું હતું, તો તેણે કહ્યું કે મને લાગ્યું કે તે મને ગાળ આપી. મેં કહ્યું ના, મેં ગાળો નહોતી આપી. રૂટે ફરી કહ્યું કે, વાસ્તવમાં હું ખુદને પણ પ્રેરિત કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો, તેથી વાત થોડી આગળ વધી ગઈ. પ્રસિદ્ધ કૃષ્ણાએ આગળ કહ્યું કે, મને આ ખેલમાં આ જ સૌથી વધુ પસંદ છે. હું હંમેશાથી આ જ રીતે રમતો આવ્યો છું. દરેક ખેલાડીઓને અને ખાસ કરીને તેમના જેવા દિગ્ગજને આજે પણ પોતાનું બધું સમર્પણ કરીને અને ટીમ માટે સંઘર્ષ કરતા જોવું એ દરેક માટે શીખવા લાયક છે. તમે મેચ જીતવા માટે મેદાનમાં જાઓ છો. તેના માટે ક્યારેક-ક્યારેક તમને સ્કિલથી વધુની જરૂર પડે છે. તે સફરનો હિસ્સો બનવા માટે ખૂબ જ માનસિક દ્રઢતાની જરૂર હોય છે. આ ૨૯ વર્ષીય પેશરે ઈંગ્લેન્ડમાં ત્રણ ટેસ્ટ મેચ રમી અને તેમાં કુલ ૧૪ વિકેટ ખેરવી, જેમાં સિરીઝના પાંચમી ટેસ્ટમાં આઠ વિકેટ ઝડપીને ટીમની જીતમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. તેણે ભારત માટે ૬ ટેસ્ટ મેચમાં ૨૨ વિકેટ ઝડપી છે. તે સફરનો હિસ્સો બનવા માટે ખૂબ જ માનસિક દ્રઢતાની જરૂર હોય છે. આ ૨૯ વર્ષીય પેશરે ઈંગ્લેન્ડમાં ત્રણ ટેસ્ટ મેચ રમી અને તેમાં કુલ ૧૪ વિકેટ ખેરવી, જેમાં સિરીઝના પાંચમી ટેસ્ટમાં આઠ વિકેટ ઝડપીને ટીમની જીતમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. તેણે ભારત માટે ૬ ટેસ્ટ મેચમાં ૨૨ વિકેટ ઝડપી છે.

### BCCIના નિર્ણયને કારણે થયો વિવાદ

# વિરાટ કોહલીએ લંડનમાં ફિટનેસ ટેસ્ટ પાસ કરી

### મોટાભાગના ભારતીય ખેલાડીઓએ બેંગ્લુરૂ સ્થિત નેશનલ ક્રિકેટ એકેડમી ખાતે ફિટનેસ ટેસ્ટ આપી હતી

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।**

ભારતના દિગ્ગજ ખેલાડી વિરાટ કોહલીએ પોતાની ફિટનેસ ટેસ્ટ પાસ કરી લીધી છે, પરંતુ કોહલીની ફિટનેસ ટેસ્ટ અન્ય ખેલાડીઓની જેમ બેંગ્લુરૂમાં લેવાના બદલે લંડનમાં થતાં વિવાદ સર્જાયો છે. મોટાભાગના ભારતીય ખેલાડીઓએ બેંગ્લુરૂ સ્થિત નેશનલ ક્રિકેટ એકેડમી ખાતે ફિટનેસ ટેસ્ટ આપી હતી. જ્યારે વિરાટ કોહલીએ લંડનમાં ફિટનેસ ટેસ્ટ આપી હતી. તમને જણાવી દઈએ કે, વિરાટ કોહલી હાલ પોતાના પરિવાર સાથે લંડનમાં રહે છે.

મીડિયા રિપોર્ટ અનુસાર, કોહલીએ યુકેમાં પોતાની ફિટનેસ ટેસ્ટ આપવા ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)ની વિશેષ પરવાનગી લીધી હતી. જ્યારે ટીમના મોટાભાગના ખેલાડીઓની ફિટનેસ ટેસ્ટ બેંગ્લુરૂમાં થઈ હતી. કોહલીએ આ ટેસ્ટ પાસ તો કરી લીધી છે, પણ લંડનમાં ફિટનેસ ટેસ્ટ માટે મળેલી



ખાસ છૂટના કારણે વિવાદ સર્જાયો છે. વિરાટ કોહલી એકમાત્ર એવો ખેલાડી હતો, જેણે પોતાની ફિટનેસ ટેસ્ટ દેશની બહાર આપી. રિપોર્ટમાં અન્ય કોઈ ખેલાડીએ આ પ્રકારની છૂટ માગી ન હોવાનું જાણવા મળ્યું છે. જો કે, આ પ્રકારની છૂટ મળી શકે કે કેમ તેના પર ચર્ચા છેડાઈ છે. આ મામલે બીસીસીઆઈના એક અધિકારીને પૂછવામાં આવતાં તેમણે જણાવ્યું કે, કોહલીએ આ પ્રકારની છૂટ માટે બીસીસીઆઈ પાસે મંજૂરી માગવામાં આવી હશે. જો કે, હજી જાણવા મળ્યું નથી કે, કયા નિયમ હેઠળ આ પ્રકારની છૂટ આપવામાં આવે છે, તેમજ અન્ય કોઈ ખેલાડીને પણ છૂટ મળી શકે કે કેમ. મીડિયા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, જે ખેલાડીઓએ પોતાની ફિટનેસ ટેસ્ટ આપી છે, તેમાં રોહિત શર્મા, મોહમ્મદ સિરાજ, શુભમન ગિલ, જિતેશ શર્મા, પ્રસિદ્ધ કૃષ્ણા, ઋતુરાજ ગાયકવાડ, અભિનવ મનોહર, રિંકૂ સિંહ, આવેશ ખાન, અક્ષર પટેલ, સૂર્યકુમાર યાદવ, રવિ બિશ્નોઈ, સંજૂ સેમસન, શિવમ દુબે, મોહમ્મદ શમી, વરૂણ ચક્રવર્તી, મુકેશ કુમાર, હાર્દિક પંડ્યા, સરફરાજ ખાન, તિલક વર્મા, ઉમરાન મલિક, અર્શદીપ સિંહ, કુલદીપ યાદવ, ધ્રુવ જુરેલ, શાર્દૂલ ઠાકુર, વોશિંગ્ટન સુંદર અને યશસ્વી જયસ્વાલ સામેલ હતા. ફિટનેસ ટેસ્ટમાં ખેલાડીઓને યો-યો સ્કોર અને બેઝિસ સ્ટ્રેન્થ ટેસ્ટનું આંકલન સામેલ હતી. રિપોર્ટ મુજબ, ઋષભ પંત, અને રવિન્દ્ર જાડેજા સહિતના અમુક દિગ્ગજ ખેલાડીઓની ફિઝિકલ ટેસ્ટ આ મહિને થશે. ફિટનેસ ટેસ્ટનું બીજુ ચરણ હજુ બાકી છે.

### આ ટુર્નામેન્ટ ૯ સપ્ટેમ્બરથી શરૂ થશે અને ૧૦ તારીખે ભારતીય ક્રિકેટ ટીમ UAE સામે પોતાની પહેલી મેચ રમશે

# કુલદીપ યાદવને તેની અનોખી બોલિંગ સ્ટાઈલને કારણે ટીમમાં સામેલ કરવો જોઈએ



**। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।**

એશિયા કપ ૨૦૨૫ ૯ સપ્ટેમ્બરથી શરૂ થવા જઈ રહ્યો છે, ત્યારે સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળની ૧૫ સભ્યોની ટીમમાં એક કરતાં વધુ મેચ વિનર ખેલાડી છે. કોઈપણ ખેલાડીને બહાર રાખવો સરળ રહેશે નહીં. ટીમ પસંદગી દરમિયાન પણ પસંદગીકારોએ ઘણી વિચારણા કરવી પડી હતી. હવે લોકો પ્લેઈંગ-૧૧ વિશે અલગ અલગ ભવિષ્યવાણીઓ કરી રહ્યા છે. ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર માને છે કે સ્પિનર કુલદીપ યાદવને પ્લેઈંગ-૧૧માં રાખવો જોઈએ. તે મેચ વિનર સાબિત થઈ શકે છે. મદન લાલે કુલદીપ વિશે કહ્યું, ‘‘કુલદીપ યાદવને તેની અનોખી બોલિંગ સ્ટાઈલને કારણે ટીમમાં સામેલ કરવો જોઈએ. T20 ક્રિકેટમાં તેની સાથે સ્પર્ધા કરવી મુશ્કેલ છે. જોકે, અંતિમ નિર્ણય વિકેટની સ્થિતિ અને ટીમ કોમ્બિનેશન પર આધાર રાખે છે.’’ કુલદીપને ઈંગ્લેન્ડ પ્રવાસ પર ટેસ્ટ શ્રેણીમાં બેન્ચ પર રાખવામાં આવ્યો હતો. તેને એક પણ મેચમાં મોકો આપવામાં આવ્યો નહોતો. હવે એ જોવાનું બાકી છે કે તે એશિયા કપમાં રમી શકશે કે નહીં. મદન લાલે ભારતીય ટીમને ટુર્નામેન્ટ માટે મજબૂત દાવેદાર ગણાવી.

### મેનેજરના કૌભાંડની કહાની જાણીને હેરાન રહી જશો

# એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયામાં ૨૩૨ કરોડ રૂપિયાનું મોટું કૌભાંડ

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।**

એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયામાં એક ચોંકાવનારો કૌભાંડ પ્રકાશમાં આવ્યો છે, જેમાં એક સિનિયર મેનેજર રાહુલ વિજય પર ૨૩૨ કરોડ રૂપિયાનો દુરુપયોગ કરવાનો આરોપ છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ મેનેજર શૂન્ય ઉમેરીને ૨૩૨ કરોડ રૂપિયાનો માલિક બન્યો. આ મામલાની તપાસ કરતી વખતે, CBI એ આરોપીઓના ઠેકાણાઓ પર દરોડા પાડ્યા હતા, જ્યાંથી કૌભાંડના




પૈસાથી ખરીદેલી સ્થાવર અને જંગમ મિલકતો સંબંધિત ઘણા દસ્તાવેજો મળી આવ્યા છે. આ ખુલાસા બાદ એરપોર્ટ ઓથોરિટીમાં ખળભળાટ મચી ગયો છે. એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI) માં પોસ્ટ કરાયેલા સિનિયર મેનેજર રાહુલ વિજયની CBI દ્વારા ૨૩૨ કરોડ રૂપિયાની છેતરપિંડી સામે આવી છે અને તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે. આ કૌભાંડ દેહરાદૂન એરપોર્ટ પર તેમની પોસ્ટિંગ દરમિયાન થયું હતું, જ્યાં આરોપીએ સરકારી ભંડોળ તેમના પોતાના ખાતામાં ટ્રાન્સફર કર્યું હતું. CBI અનુસાર, આ ગેરરીતિ ૨૦૧૯-૨૦ થી ૨૦૨૨-૨૩ દરમિયાન કરવામાં આવી હતી જેમાં આરોપીએ ઈલેક્ટ્રોનિક રેકોર્ડ સાથે ચેડા કર્યા હતા. તેણે નકલી સંપત્તિ બતાવી, ડુપ્લિકેટ એન્ટ્રીઓ પણ બનાવી અને સંપત્તિના મૂલ્યને અતિશયોક્તિપૂર્ણ કરવા માટે એન્ટ્રીઓમાં શૂન્ય ઉમેર્યા. આ યુક્તિ દ્વારા, લગભગ ૨૩૨ કરોડ રૂપિયા આરોપીના વ્યક્તિગત બેંક ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા. બાદમાં, આરોપીએ આ રકમ અલગ અલગ ટ્રેડિંગ ખાતામાં ડાયવર્ટ કરી. આ કેસમાં, CBI એ ૨૮ ઓગસ્ટના રોજ જયપુરમાં આરોપીના ઘર અને ઓફિસ પર દરોડા પાડ્યા હતા, જ્યાંથી મિલકત સંબંધિત દસ્તાવેજો અને ઘણા મૂલ્યવાન કાગળો પણ મળી આવ્યા હતા.


**પશ્ચિમ રેલવે - વડોદરા મંડળ**

ઈ-ટેન્ડર સૂચના નંબર-DYCE-BR-BRC-15R-2025-26

રોબનું પુનર્વસન

ટેન્ડર નંબર DYCE-BR-BRC-15R-2025-26

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ઈ-ટેન્ડર ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બ્રિજ-લાઇન) વડોદરા, પશ્ચિમ રેલ્વે, પ્રતાપનગર, વડોદરા-૩૯૦૦૦૪ દ્વારા નીચેના કામો માટે મંગાવવામાં આવે છે.

કાર્યનું નામઃ ‘‘નાગડા ઉજ્જૈન ભોપાલ વિભાગઃ-રતલામ વિભાગના SSE BRUJN ના અધિકારક્ષેત્રમાં ROB 104 C અને અન્ય વિવિધ ROB નું પુનર્વસન (ફરીથી આમંત્રણ-૧).’’

કામનો અંદાજિત ખર્ચ (રૂ.માં): રૂ. ૨,૦૫,૪૭,૭૩૯.૨૩

બિડ સિક્યોરિટી જમા કરાવવાની રહેશે (રૂ.માં): રૂ. ૨,૫૨,૭૦૦.૦૦

ઈ-ટેન્ડર સબમિટ કરવાની તારીખ અને સમય અને ઈ-ટેન્ડર ખોલવાનુંઃ ઓનલાઈન ટેન્ડર ૨૬.૦૯.૨૦૨૫ ના રોજ ૧૫.૦૦ કલાક પહેલા સબમિટ કરવાના છે, અને તે જ તારીખે ૧૫.૩૦ કલાકે ખોલવાના છે.

વેબસાઈટની વિગતો અને સંપૂર્ણ વિગતો જોઈ શકાય તેવા સ્થાન માટેની સૂચના વગેરેઃ ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બ્રિજ લાઇન) વડોદરા પશ્ચિમ રેલ્વે, પ્રતાપનગર, વડોદરા-૪

વેબસાઈટ @ www.ireps.gov.in BRC169

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly


# ચીને લશ્કરી પરેડ દ્વારા પોતાની શક્તિનું પ્રદર્શન કર્યું

**। (એજન્સી) બેઈજીંગ, તા.૪ ।**

વિજય દિવસ પર ચીને બુધવારે આખી દુનિયાને પોતાની શક્તિ બતાવી હતી. બીજા વિશ્વયુદ્ધમાં પોતાની જીતની ૮૦મી વર્ષગાંઠ પર તેણે અત્યાર સુધીની સૌથી મોટી લશ્કરી પરેડનું આયોજન કર્યું હતું. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉન જેવા વિશ્વ નેતાઓ સહિત ૫૦,૦૦૦ થી વધુ દર્શકો મધ્ય બેઈજિંગના તિયાનમેન સ્ક્વેર પર લશ્કરી શક્તિનું



પ્રદર્શન જોવા માટે એકઠા થયા હતા. આ સાથે ચીને માનવરહિત ઓપરેશંસ ગ્રુપે બેઈજિંગમાં આયોજિત લશ્કરી પરેડમાં જહાજ-આધારિત માનવરહિત હેલિકોપ્ટરનું પ્રદર્શન કર્યું હતું. જેને જોઈને અમેરિકા પણ ટેન્શનમાં આવી જશે. બેઈજિંગ પરેડનું મુખ્ય આકર્ષણ ડોંગફેંગ-5C (DF-5C) હતું, જે ચીનનું નવીનતમ ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઈલ (ICBM) છે. આ મિસાઈલ સાયલો-આધારિત સિસ્ટમથી લોન્ચ થાય છે અને તે પરમાણુ હથિયારને સજ્જ કરી શકે છે. નિષ્ણાતોના મતે, DF-5C ની વિસ્ફોટક ક્ષમતા 3-4 મેગાટન TNT જેટલી છે, એટલે કે, હિરોશિમા પર ફેંકવામાં આવેલા અણુ બોમ્બ કરતાં લગભગ 200 ગણી વધુ શક્તિશાળી છે. તેની રેન્જ 13,000 કિલોમીટરથી વધુ હોવાનું કહેવાય છે, એટલે કે, સમગ્ર અમેરિકા અને પશ્ચિમ યુરોપ પણ તેના લક્ષ્ય હેઠળ આવી શકે છે. લશ્કરી પરેડ પહેલા પણ, ચીનની રૂત્ન એન્ટી-શિપ મિસાઈલો વિશે ઘણી અટકળો ચાલી રહી હતી. પરેડમાં YJ-17 મિસાઈલનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું, જે એક મધ્યમ-અંતરની બેલિસ્ટિક મિસાઈલ છે અને તેમાં હાઈપરસોનિક ગ્લાઈડ વાહન લગાવેલું છે.

# પંજાબના ૧૨ જિલ્લા પૂરથી ખરાબ રીતે પ્રભાવિત થયા

**। (એજન્સી) ચંદીગઢ, તા.૪ ।**

સમગ્ર ઉત્તર ભારતમાં ઘણી જગ્યાએ પૂરની સ્થિતિ સર્જાઈ છે. ખાસ કરીને છેલ્લા દિવસથી પંજાબમાં સ્થિતિ ચિંતાજનક છે. પંજાબની સતલજ, બિયાસ, રાવી અને ઘગ્ગર નદીઓ પૂરના નિશાનથી ઉપર વહી રહી છે. જેના કારણે પંજાબમાં હાહાકાર મચી ગયો છે. આના કારણે પંજાબના ૧ હજારથી વધુ ગામો પૂરથી પ્રભાવિત થયા છે. પરિસ્થિતિ ખૂબ જ ખરાબ છે. આપત્તિ વ્યવસ્થાપન સાથે સંકળાયેલા લોકો યુદ્ધના



ધોરણે કાર્યરત છે. અસરગ્રસ્ત લોકોને સલામત સ્થળોએ લઈ જવાના પ્રયાસો ચાલુ છે. આ કારણોસર ચીનમાં યોજાયેલી જીર્ઝ બેઠકમાંથી પાછા ફર્યા પછી તરત જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન સાથે વાત કરી હતી અને પૂરની સ્થિતિ વિશે માહિતી મેળવી હતી. પંજાબના ૨૩ માંથી ૧૨ જિલ્લાઓ પૂરથી ખરાબ રીતે પ્રભાવિત થયા છે. પૂરને કારણે અત્યાર સુધીમાં ૩૦ લોકોના મોત થયાના અહેવાલ છે. આનાથી લગભગ ૧૫ લાખ લોકો પ્રભાવિત થયા છે અને અત્યાર સુધીમાં લગભગ ૩ લાખ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. પૂરને કારણે પંજાબમાં ખેતીને પણ અસર થઈ છે. લગભગ ૩ લાખ એકર ખેતીલાયક જમીનને અસર થઈ છે. જેના કારણે ડાંગર, કપાસ અને મકાઈના પાક સંપૂર્ણપણે નાશ પામ્યા છે. હવામાન વિભાગે પંજાબ માટે વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. એટલે કે ભારે વરસાદની શક્યતા છે. તેથી જ આ પૂરની પરિસ્થિતિમાંથી ટૂંક સમયમાં રાહત મળવાની આશા ઓછી છે. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને મંગળવારે પૂરગ્રસ્ત વિસ્તારોનો સર્વે કર્યો હતો. જ્યારે તેમને આ સંબંધિત પ્રશ્નો પૂછવામાં આવ્યા ત્યારે તેમણે કહ્યું કે કુદરત સામે તેઓ શું કરી શકે છે.

### ‘આઉટ ઓફ બોક્સ‘ શિક્ષણના અભિગમથી કામગીરી કરતા મિરોલી પે સેન્ટર શાળાના આચાર્ય શ્રી આરતીબેનને એનાયત થશે રાજ્યકક્ષાનો શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક

# વિદ્યાર્થીઓને વર્ગખંડની ચાર દીવાલોમાંથી બહાર લઈ જઈને કૌશલ્યવર્ધિત સર્વાંગી શિક્ષણ માટે સતત પ્રયાસરત શિક્ષક શ્રી આરતીબેન શર્મા

**। (માહિતી) અમદાવાદ ।**

કહેવાય છે કે શિક્ષક એ સમાજનો ઘડવૈયો હોય છે. સમાજની આગામી પેઢીને તૈયાર કરીને શિક્ષક સામાજિક ઉત્થાન અને રાષ્ટ્રનિર્માણ ક્ષેત્રે ચાવીરૂપ ભૂમિકા ભજવતો હોય છે. આજે ડિજિટલાઈઝેશન અને ટેકનોલોજીના આધુનિક સમયમાં બાળકોને પરંપરાગત શિક્ષણની સાથોસાથ ટેક્નોલોજી આધારિત અને કૌશલ્યવર્ધિત શિક્ષણ આપવું અત્યંત જરૂરી છે.

અમદાવાદ જિલ્લાના દસ્ક્રોઈ તાલુકાની મિરોલી પે સેન્ટર શાળાના આચાર્ય શ્રી આરતીબેન આ બાબતને સુપેરે સમજે છે. આથી જ તેઓ ‘આઉટ ઓફ બોક્સ‘ શિક્ષણના અભિગમથી વિદ્યાર્થીઓને વર્ગખંડની ચાર દીવાલોમાંથી બહાર લઈ જઈને કૌશલ્ય આધારિત અને પ્રેક્ટિકલ એપ્રોચ સાથેના શિક્ષણ માટે સતત









પ્રયાસરત રહે છે.

‘હર બચ્ચા હૈ ખાસ‘ના સૂત્ર સાથે છેલ્લા ૨૬ વર્ષથી શિક્ષણ ક્ષેત્રે નવીન અભિગમ સાથે અનેકવિધ ક્ષેત્રે અમૂલ્ય યોગદાન બદલ આરતીબેનને રાજ્યકક્ષાનો શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક ૨૦૨૫ એનાયત કરવામાં આવશે.

**શાળાકીય શિક્ષણ અને શૈક્ષણેત્તર પ્રવૃતિઓમાં નવીન અભિગમ સાથે શ્રી આરતીબેનની કામગીરી**

શાળાનું કેન્દ્રસ્થાન બાળક છે ત્યારે તેને સ્પર્શતા તમામ પાસા જેવા કે ઉત્તમ પર્યાવરણ, બાળઆરોગ્ય, ગુણવત્તાયુક્ત શિક્ષણ, સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ, નિયમિત એક્સપોઝર વિઝિટ્સ સહિત તમામ ભૌતિક સુવિધાઓથી સજ્જ શાળા નિર્માણ માટે સતત મથતા રહી છેલ્લાં સાત વર્ષમાં આરતીબેને શાળાની કાયાપલટ કરી છે.

બાળકો ફક્ત ચોક/ટોક પૂરતા સીમિત ન રહે અને વર્ગખંડની ચાર દીવાલથી બહાર જઈને નવું-નવું જોઈ જાણી અનુભવથી શીખે તથા જ્ઞાન વિજ્ઞાન, ટેક્નોલોજી અને સાંપ્રત પ્રવાહોથી માહિતગાર થાય તે હેતુસર આરતીબેન દ્વારા સમાજના સહકારથી નિયમિતપણે બાળકોને અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશન, ઈસરો, સાયન્સ સીટી, વિક્રમ સારાભાઈ કમ્યુનીટી સાયન્સ સેન્ટર, ખોજ મ્યુઝિયમ, ગ્રામ ભારતી, બોટનીકલ ગાર્ડન સહિતના શૈક્ષણિક પ્રવાસો તથા હવાઈ માર્ગે મુસાફરી(દિલ્હી,વાઘાબોર્ડર,અમૃતસર, મુંબઈ) થકી નેશનલ ગણિત વિજ્ઞાન પ્રદર્શન, નેશનલ બૂક ફેર મુલાકાત, નિરમા યુનિવર્સિટી, સત્યમમેવ જયતે અંગ્રેજી શાળાની મુલાકાતો કરાવામાં આવે છે.

શાળામાં જ્ઞાનવર્ધક પુસ્તકો અને મેગેઝિન સાથેના અદ્યતન પુસ્તકાલય અને દરરોજ ૩૦ મિનિટ ઈતર વાંચનની પહેલના લીધે બાળકોમાં ખૂબ સારું પરિણામ જોવા મળ્યું. વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓની મહત્તમ ભાગીદારી સુનિશ્ચિત થાય અને તેઓ સારું પરિણામ મેળવે તે માટે શ્રી આરતીબેન સતત આયોજન સાથે કામગીરી કરી રહ્યા છે.

નબળી આર્થિક પરિસ્થિતિ ધરાવતા અને ભણવામાં હોશિયાર હોય તેવા બાળકોના ઉચ્ચ અભ્યાસનો ખર્ચ સમાજિક સંસ્થાઓના સહકારથી કાઢી શકાય એ માટે આરતીબેન સતત પ્રયાસરત રહે છે. છેલ્લા ૬ વર્ષથી શાળાના બાળકો ખેલમહાકુંભમાં શ્રેષ્ઠ દેખાવ કરી રહ્યા છે. રમતગમત, કલા, વિજ્ઞાન સહિતના ક્ષેત્રે બાળકની જે ક્ષમતા હોય તે મુજબ તેને પ્લેટફોર્મ પૂરું પાડીને આગળ વધારવા આરતીબેન સતત કટિબદ્ધ રહે છે.

**આરતીબેનના નેતૃત્વમાં શાળામાં ઉપલબ્ધ કરાવાયેલી શ્રેષ્ઠ અત્યાધુનિક સુવિધાઓ**

શાળાના ધોરણ ૩ થી ૮ના તમામ વર્ગોમાં સ્માર્ટ ક્લાસ, અદ્યતન લાયબ્રેરી, ૪૦ કોમ્પ્યુટરથી સજ્જ કમ્પ્યુટર લેબ અનલિમિટેડ, ઈન્ટરનેટ સુવિધા, સ્ટેમ લેબ, સ્ફૂર શેડ, પ્રાર્થનાખંડ, બોલતી દીવાલો, ક્લાઈમેટ ક્લાસ, દરેક વર્ગખંડોમાં એજ્યુકેશનલ પેઈન્ટિંગસ, ઈકોગાર્ડન ઠાકોરભાઈ ઉદ્યાન, ઈ પ્લાન્ટ સહ ૩ પરબ, લેટેસ્ટ કુમાર/કન્યા શૌચાલય, અદ્યતન કીચન, ૧૮ ઝઝૂફ કેમેરા, છઈફઈ કીટ, ટેલિસ્કોપ, દરેક વર્ગખંડની બહાર જૂતા સ્ટેન્ડ, ટાયર પ્લાન્ટર્સ, કીડ્સ પ્લેટિંગ એરિયા, ચાણક્ય કાર્યાલય, રમતગમત માટે તમામ સાધનો તેમજ પ્રયોગ/પ્રોજેક્ટ્સ માટે જરૂરી તમામ રો-મટેરિયલ્સ ઉપલબ્ધ છે.

બાળકોને શાળા ગમતીલી/પોતીકી લાગે અને મસ્તીથી ભણવું ગમે એ માટે આરતીબેન દ્વારા શાળામાં સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

## ન્યૂઝ બ્રિફ

### વડોદરામાં બંધ મકાનમાં માત્ર એક કલાકના ગાળામાં સોનાના ૧૨ તોલા દાગીના લઈને ચોર ફરાર

। (એજન્સી) વડોદરા, તા.૦૪ ।

વડોદરાના તરસાલી રોડ પર નારાયણ પાર્ક સોસાયટીમાં રહેતા હર્ષલ સંજયભાઈ પંચાલ બોરવેલનું કામ કરે છે. ગઈકાલે રાત્રે એક વાગે તેમના પ ત્ની સોનાલીબેન સાથે કાર લઈને ગેડા સર્કલ જમવા માટે નીકળ્યા હતા અને ઘરના મેન ગેટનું ઈન્ટરલોક માર્યું હતું. તેમના પિતા ગ્રાઉન્ડ ફ્લોર પર સુઈ ગયા હતા અને માતા અને પુત્રી ઉપરના માળ બેડ રૂમમાં સુઈ ગયા હતા રાત્રે બે વાગ્યે તેઓ ઘરે પરત આવ્યા ત્યારે મકાનનો ગેટ ખુલ્લો હતો અને બહાર ખુલ્લી જગ્યામાં કપડા વેર વિખેર પડ્યા હતા. બારીના સળિયા તોડીને અંદર ઘૂસેલી ચોર ટોળકી અંદાજે ૧૨ તોલા વજનના સોનાના દાગીના તથા ચાંદીના દાગીના મળી ૩.૧૫ લાખની ચોરીને ફરાર થઈ ગઈ હતી. જ્યારે અન્ય એક બનાવમાં માંજલપુર વડસર રોડ પર રોયલ વિલામાં રહેતા રાજીવભાઈ નરેન્દ્રભાઈ પંડ્યા જંબુસરની કંપનીમાં નોકરી કરે છે

### બનાસકાંઠાના થરાદમાં હિટ એન્ડ રનની ઘટનામાં બેના દર્દનાક મોત

। (એજન્સી) બનાસકાંઠા, તા.૦૪ ।

બનાસકાંઠાના થરાદ તાલુકામાં હિટ એન્ડ રનની એક દર્દનાક ઘટનામાં બે લોકોના મોત થયા છે. થરાદના માણકા-ભાલચી રોડ પર આ ઘટના બની હતી, જ્યાં એક બેફામ કાર ચાલકે રોડની સાઈડમાં ઉભેલા લોકોને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત બાદ કાર ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, થરાદ તાલુકાના માણકા ગામ નજીક ભાલચી રોડ પર માણજી અસલ અને રાણાભાઈ ગણેશા નામના બે યુવકો રસ્તાની બાજુમાં ઉભા હતા. તે સમયે પૂરપાટ ઝડપે આવી રહેલી એક કારના ચાલકે તેમને ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે બંને યુવકોને ગંભીર ઈજાઓ થઈ અને ઘટનાસ્થળે જ તેમનું મોત થયું હતું. અકસ્માત બાદ કાર ચાલક પ ોતાની કાર લઈને ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો.

### મહેસાણાના કડીમાં પાંજરાપોળમાં વધુ સાત ગાયના મોત થયા

। (એજન્સી) મહેસાણા, તા.૦૪ ।

કડીના થોળમાં આવેલી રાધાકૃષ્ણ પાંજરાળોમાં વધુ ૭ ગાયના મોત થયા છે, પાંજરાપોળમાં અપૂરતુ પાણી અને ઘાસચારો ગાયોને મળતો નથી અને મોત થયા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે, અગાઉ એટલે કે બે દિવસ પહેલા ૨૦ ગાયના મોત થયા હતા. સુરજ ફેક્ટરીની પાછળ આવેલી આ ખાનગી પાંજરાપોળમાં મહેસાણા મહાનગરપાલિકા દ્વારા પકડાયેલી ગાયોને રાખવામાં આવતી હતી. પાંજરાપોળમાં એક ફૂટ જેટલો કાદવ-કીચડ અને ગંદકી જોવા મળી હતી. કડીના થોળમાં પાંજરાપોળમાં ૨૦થી વધુ ગાયના મોત થયાની ઘટના સામે આવી હતી. પાંજરોપોળમાં પાણી અને ઘાસચારાની અપૂરતી વ્યવસ્થાના આક્ષેપ કરવામાં આવ્યો છે. કાદવ કીચડમાં ગાયને રખાતી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ૨૦થી વધુ ગાયના મોત થતા ગૌરક્ષકોમાં ભારે રોષ જોવા મળ્યો છે.

### જીએસએફસીના કર્મચારીઓનું આંદોલન જારી : પોલીસનો જાપ્તો

। (એજન્સી) વડોદરા, તા.૦૪ ।

જી.એસ.એફ.સીમાં કોન્ટ્રાક્ટ બેઝ પર નોકરી કરતા મહિલાઓ સહિત ૧૦૦થી વધુ કર્મીઓ છેલ્લા આઠ મહિનાથી પગારથી વંચિત રહ્યા છે. જેથી તમામ કોન્ટ્રાક્ટ કર્મીઓ જીએસએફસી બહાર છેલ્લા ૧૬ દિવસથી ધરણા સૂત્રોચારનો કાર્યક્રમ યોજી રહ્યા છે. જોકે કર્મીઓ પાસે કોર્ટનો હુકમ પણ છે કે તેમને આડકતરી રીતે છુટા કરવા નહીં અને પગાર પણ બંધ કરવો નહીં છતાં પણ મેનેજમેન્ટ એક તરફી નિર્ણય લઈને અન્યાય કર્યો છે. ઉલ્લેખનીય છે કે શહેરના ઉત્તર છેવાડે આવેલી જીએસએફસી કંપની બહાર કોન્ટ્રાક્ટના કર્મીઓ પગારની માગણી અંગે છેલ્લા ૧૬ દિવસથી ધારણા સુત્રોચારનું કાર્યક્રમ યોજી રહ્યા છે. ઘરમાં નાના બાળકોને એકલા મૂકીને મહિલા કર્મીઓ પણ આ ધરણા-સૂત્રોચાર કાર્યક્રમમાં જોડાયા છે.

# ૮ સપ્ટેમ્બરથી ૩ દિવસ માટે યોજાશે વિધાનસભાનું સાતમું સત્ર

## ૧૫મી ગુજરાત વિધાનસભાનું સાતમું સત્ર યોજાશે

### તારીખ ૯ અને ૧૦ ના રોજ વિધાનસભામાં પ્રશ્નોતરી અને અન્ય કામકાજ ઉપરાંત ૫ વિધેયક રજૂ કરાશે




। ગાંધીનગર તા.૦૪ ।

રાજ્યમાં આગામી ૮ થી ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ દરમિયાન ૧૫મી ગુજરાત વિધાનસભાનું સાતમું સત્ર યોજાશે. ૮મી સપ્ટેમ્બરના રોજ સત્રની શરૂઆત પ્રશ્નોતરીથી થશે ત્યારબાદ સમગ્ર દિવસ દરમિયાન શોકદર્શક પ્રસ્તાવો પર ચર્ચા થશે. ત્યારબાદ ગૃ હ મુલતવી રાખવામાં આવશે. તારીખ ૯ અને ૧૦ ના રોજ વિધાનસભામાં પ્રશ્નોતરી અને અન્ય કામકાજ ઉપરાંત ૫ વિધેયક રજૂ કરાશે. સત્ર દરમિયાન શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગનું 'કારખાના (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૫', નાણા વિભાગનું 'ગુજરાત માલ અને સેવા કર (દ્વીતિય સુધારા) વિધેયક, ૨૦૨૫', ઉદ્યોગ અને ખાણ વિભાગનું 'ગુજરાત જનવિશ્વાસ (જોગવાઈઓના સુધારા) વિધેયક', ૨૦૨૫ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનું 'ગુજરાત વૈદ્યક વ્યવસાયીઓનું (સુધારા) વિધેયક, ૨૦૨૫' અને 'ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) (સુધારા) વિધેયક, ૨૦૨૫' રજૂ કરવામાં આવશે. વિધેયકની વિગતો આપતા ઋષિકેશ પટેલે જણાવ્યું હતુ કે, 'રાજ્યમાં ઔદ્યોગિક રોકાણ અને ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા તેમજ રોજગારની વધુ તકો ઊભી કરવા માટે રાજ્ય સરકારે કામદારો માટે ખાસ કરીને મહિલા કર્મચારીઓ માટે આવશ્યક લાભો-સુરક્ષાના પગલાંઓ સબંધી કાયદાકીય જોગવાઈઓ કરીને કામના કલાકોમાં સુધારા લાવવા માટે પગલાં લેવા જરૂરી હોઈ વટહુકમ લાવવામાં આવ્યો હતો. જેના સંદર્ભે વટહુકમને અધિનિયમમાં રૂપાંતરીત કરવા 'કારખાના (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૫' રજૂ કરવામાં આવશે.' ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ કાઉન્સિલની ભલામણોને શક્ય તેટલી વહેલી તકે લાગુ કરવા અને કેન્દ્રીય ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ અધિનિયમ, ૨૦૧૭ (CGST Act) અને ગુજરાત ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ અધિનિયમ, ૨૦૧૭ (GGST Act) ની જોગવાઈઓની એકરૂપતા જાળવવા માટે ગુજરાત ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ અધિનિયમ ૨૦૧૭માં સુધારો કરવો જરૂરી હોઈ વટહુકમ કરવામાં આવ્યો છે. જેના સંદર્ભે વટહુકમને અધિનિયમમાં રૂપાંતરીત કરવા આ વિધેયક લાવવામાં આવશે. આ ઉપરાંત ઉદ્યોગોમાં વ્યવસાય પ્રક્રિયાના પુનઃનિર્માણને પ્રોત્સાહન મળે અને લોકોના જીવનની સરળતામાં સુધારો થાય તે હેતુથી રાજ્ય સરકાર કાનુની નિયમનોને સરળ બનાવવા, ડિજિટાઈઝેશન અને તર્કસંગત બનાવવા જેવા શ્રેણીબદ્ધ પગલાં લેવા માટે તત્પર છે. જે અંતર્ગત સરકાર સરકાર જીવન અને વ્યવસાયોને સરળ બનાવવા અને કોર્ટ પરનો કેસોનો ભારણ ઘટાડવા માટે 'ગુજરાત જનવિશ્વાસ (જોગવાઈઓના સુધારા) વિધેયક, ૨૦૨૫' રજૂ કરશે.

### સુપ્રીમ કોર્ટે જામીન મંજૂર કર્યા છતાં સાગઠિયાને જેલમાંથી મુકિત નહી મળે

## રાજકોટ ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં સાગઠિયાને સુપ્રીમની રાહત : જામીન મંજૂર

। (એજન્સી) રાજકોટ, તા.૦૪ ।

રાજકોટ સહિત સમગ્ર દેશમાં ચકચાર જગાવનારા ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં જેલ હવાલે રહેલા રાજકોટ મનપાના પૂર્વ ટીપીઓ મનસુખ સાગઠિયાની જામીન અરજી સેશન્સ અને હાઈકોર્ટે નામંજુર કરતા પૂર્વ ટીપીઓ મનસુખ સાગઠિયાએ સુપ્રીમ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. જે ચાલી જતા સુપ્રીમ કોર્ટ દ્વારા પૂર્વ ટીપીઓ મનસુખ સાગઠિયાની જામીન અરજી મંજુર કરવામાં આવી છે. પરંતુ અપ્રમાણસર મિલકત અને ડુપ્લીકેટ મિનિટ્સ બુક બનાવવાના કેસમાં સાગઠિયાને હજુ જેલમાં રહેવું પડશે.રાજકોટમાં કાલાવડ રોડ ઉપર આવેલા ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં નાના બાળકો અને ગેમઝોનના કર્મચારીઓ સહિત ૨૭ લોકો ભડથું થઈ ગયા હતા. આ બનાવને ગંભીરતાથી લઈ રાજ્ય સરકાર દ્વારા નિમવામાં આવેલી એસ.આઈ.ટી.ની તપાસમાં આ બનાવવાળી જગ્યાનું ફાયર એનઓસી, બાંધકામ સહિતની અનેક બાબતોમાં મહાપાલિકા સહિતના તંત્રો દ્વારા ગેમઝોનના ભાગીદારો અને તંત્રના જવાબદાર અધિકારીની સાંઠગાંઠના કારણે આ દુઃખદ ઘટના બની હતી. તેથી ટીઆરપી ગેમઝોનના ભાગીદારો, સંચાલકો અને મહાનગરપાલિકા અધિકારીઓ સહિતનાની ધરપકડ કરી જેલ હવાલે કર્યા હતા.આ કેસમાં રાજકોટ મનપાના પૂર્વ ટીપીઓ મનસુખ સાગઠિયાએ રેગ્યુલર જામીન મેળવવા હાઈકોર્ટમાં અરજી કરી હતી. જે જામીન અરજી હાઈકોર્ટ દ્વારા રદ કરાતા સુપ્રીમ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. જેમાં બંને પક્ષના વકીલોની રજૂઆત બાદ પૂર્વ ટીપીઓ મનસુખ સાગઠિયાના વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા વિવિધ ચુકાદાઓ ધ્યાને લઈ સુપ્રીમ કોર્ટ દ્વારા પૂર્વ ટીપીઓ મનસુખ સાગઠિયાની જામીન અરજી મંજુર કરતો હુકમ કર્યો છે. પરંતુ અપ્રમાણસર મિલ્કત અને ડુપ્લીકેટ મિનિટ્સ બુક બનાવવાના કેસમાં સાગઠિયાને હજુ જેલમાં રહેવું પડશે.

## મહાનગરપાલિકા કક્ષાનો ૭૬મો વન મહોત્સવ યોજાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૦૪ ।

સુરેન્દ્રનગર જિલ્લામાં આ મહોત્સવના અનુસંધાને મહાનગર પાલિકા કક્ષાનો ૭૬મો વન મહોત્સવ યોજાયો છે. વૃક્ષો આપણને ઓક્સિજન આપે છે અને જીવનનો આધારસ્તંભ પણ છે. પરંતુ આજે આપણે વૃક્ષોના અવિવેકી નાશને કારણે આફતોનું નિર્માણ કરી રહ્યા છીએ. જો વૃક્ષો નહીં સચવાય તો આપ ણું અસ્તિત્વ પણ જોખમમાં મુકાઈ જશે એમ કહેતાં વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, જિલ્લાને હરિયાળો બનાવવા માટે વૃક્ષ વાવેતર અત્યંત જરૂરી છે. સુરેન્દ્રનગર જિલ્લામાં મોટા પ્રમાણમાં વૃક્ષો વાવવા અને તેમનું જતન કરવું એ આપણા સૌની સહિયારી જવાબદારી છે. વન વિભાગને સહયોગ આપીને દરેક વ્યક્તિએ આ અભિયાનમાં સક્રિય પણે ભાગ લેવો જોઈએ. આ ઉપરાંત, કેન્સર જેવી ગંભીર બીમારીઓને નાથવા માટે આજના સમયમાં દરેક ખેડૂત મિત્રોએ પ્રાકૃતિક કૃ ષિ પદ્ધતિ અપનાવી જોઈએ.

### એબીવીપી દ્વારા ૭ દિવસનું અલ્ટીમેટમ

## ગોધરાની કોલેજમાં પ્રાથમિક સુવિધાઓને અભાવે વિદ્યાર્થીનીઓ પરેશાન

। (એજન્સી) ગોધરા, તા.૦૪ ।

પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરમાં ૬૬ વર્ષથી કાર્યરત શેઠ પી.ટી. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજમાં પ્રાથમિક સુવિધાઓના અભાવથી વિદ્યાર્થીઓ ભારે હાલાકી ભોગવી રહ્યા છે. આ કોલેજમાં ૧૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા હોવા છતાં પીવાના પાણી, શૌચાલય, અને સ્વચ્છતા જેવી પાયાની સુવિધાઓનો અભાવ જોવા મળી રહ્યો છે.

વિદ્યાર્થીઓ દ્વારા આ અંગે વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ નક્કર કાર્યવાહી ન થતાં, અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) દ્વારા કોલેજ સત્તાધીશોને રજૂઆત કરવામાં આવી છે. ABVPએ જણાવ્યું છે કે પીવાના પાણીની યોગ્ય સુવિધા નથી અને કોલેજ પરિસરમાં સ્વચ્છતાનો પણ અભાવ જોવા મળી રહ્યો છે. ટ્રસ્ટીઓ સાથે વાત કરી હતી પરંતુ હજુ સુધી નિકાલ આવ્યો નથી. વારંવાર આવેદનપત્ર આપવા છતાં કોઈ નિકાલ આવ્યો નથી.

ABVPએ આ મામલે કોલેજ સત્તાધીશોને સાત દિવસનું અલ્ટીમેટમ આપ્યું છે. જો આ સમયગાળામાં પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. વિદ્યાર્થીઓ અને ABVP ની માગ છે કે કોલેજ સત્તાધીશો તાત્કાલિક આ ગંભીર મુદ્દાને ધ્યાનમાં લઈ, વિદ્યાર્થીઓને યોગ્ય સુવિધાઓ પૂરી પાડે જેથી તેમને અભ્યાસમાં કોઈ મુશ્કેલી ન પડે. કોલેજના પ્રશાસન દ્વારા આ મામલે હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપવામાં આવી નથી. જોકે, વિદ્યાર્થીઓમાં આ મુદ્દે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

## થરા રામજી મંદિરથી જલ ઝીલણી અગિયારસે ઠાકોરજીની શોભાયાત્રા નીકળી

। (પ્રતિનિધી) થરા, તા.૦૪ ।

કાંકરેજ તાલુકાના થરા જૂનાગામ તળમાં દરબારગઢ પાસે આવેલ શ્રી રામચંદ્ર ભગવાનના મંદિરેથી વર્ષોની પરંપરા મુજબ ઠાકોરજીની શોભાયાત્રા નીકળે છે.વર્ષોની પરંપરા મુજબ ચાલુ વર્ષે રામજી મંદિરેથી જલ-ઝીલણી એકાદશી એ ઠાકોર ભગવાનની વિશાળ સંખ્યામાં શોભાયાત્રા નીકળેલ.જે નિજમંદિરેથી નીકળી,મેઈન બજાર થઈ દરબારગઢ ખાતે પહોંચતા સ્ટેટ માજી રાજવી પરિવાર ચંદ્રસિંહજી વી.વાઘેલા, હેતકરણ સિંહ વાઘેલા,પૃથ્વીરાજ સિંહ વાઘેલા,દેવુભા વાઘેલા, યશપાલસિંહ ટી.વાઘેલા, સિદ્ધરાજસિંહ વાઘેલા, દિગ્વિજયસિંહ વાઘેલા, રવિપ્રતાપસિંહ વાઘેલા, બ્રીજરાજસિંહ વાઘેલા, મયુરસિંહ વાઘેલા સહિત સ્ટેટમાજી રાજવી પરિવાર દ્વારા ભવ્યાતિભવ્ય સ્વાગત કરેલ દરબારગઢમાં વિસામો કરેલ. માજીરાજવી પરિવારે આરતી ઉતારી પ્રસાદ પીરસેલ ત્યાંથી શોભાયાત્રા તેરવાડિયાવાસ,જૈન દાદાવાડી,હાઈસ્કૂલ રોડ,માર્કેટ ગરનાળા,હાઈવે સ્થિત બહુચર માતાજી મંદિર,તાણા રોડ થઈ ઠક્કર બ્રિજેશકુમાર સુરેશભાઈ ,ઠક્કર ટેચંદભાઈ હરજીવનભાઈ શાંતિનગર સોસાયટી ફરશુરામભાઈ અખાણી, સંદીપકુમાર ઠક્કર અને જનકકુમાર ઠક્કર દ્વારા ઠાકોરજીની પધરામણી કરી આરતી પુજન કરી જામપુર ટોટાણા રોડ ગરનાળા, ઝાઝાવડા ગ્વાલીનાથ મહાદેવ મંદિર, સદુભા પાટી,પટેલ,રાવળ,પ્રજાપ તિ વાસ, જૂનાગંજબજાર,જૂનાગામતળમાં બિરાજેલ રાજ-રાજેશ્વરી શ્રી બહુચર માતાજી મંદિર થઈ નિજ મંદિરે પહોંચેલ ભગવાનઠાકોરજી ની મહાઆરતી ઉતારેલ આશુતોષભાઈ જોષી, રામજી મંદિરના પૂજારી દિલીપભારથી ગોસ્વામી , નિરંજનભાઈ સોની, વહેપારી અગ્રણી કિરીટભાઈ અખાણી ,રાજુભાઈ સોની, જયાંતીભાઈ ઠક્કર,હરિભાઈ સોની,દિનેશભાઈ સોની, રમેશભાઈ દરજી,મેહુલભાઈ ઠક્કર, સહિત વિશાળ સંખ્યામાં ભાવિક ભક્તો શોભાયાત્રામાં જોડાયા હતા .




। (એજન્સી) મહેમદાવાદ, તા.૦૪ ।

તાજેતરમાં આમ શરણ રાયફલ એન્ડ એડવેન્ચર સ્પોર્ટ્સ એકટીવીટી મહેમદાવાદ (ખેડા)ખાતે, ૪૪ મી ગુજરાત સ્ટેટ શોટગન શૂટિંગ ચેમ્પિયન્સીપ કૉપિટિશન ૨૦૨૫ યોજાયી ગયી એમાં ISSF સિંગલ ટ્રેપ મેન ટીમ ઈવેન્ટ માં કેતન ભીમજીભાઈ પટેલ, આર્યન સિંઘ, મૌલીક ગોહેલ એ ગોલ્ડ મેડલ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને મેળવેલો છે. તંદુપરાંત કેતન પટેલ એ નિઝ્ઝામુદીન જાફરૂલ્લાહ ખાન મલિક, ગુબુ શંકર મેહરા એ ટીમ ઈવેન્ટ માં ISSF ડબલ ટ્રેપ મેન ટીમ ઈવેન્ટમાં પણ ગોલ્ડ મેડલ મેળવેલો છે...અને કેતન પટલે ડબલ ટ્રેપ issfની ઈન્ડિવિડયુઅલ ઈવેન્ટમાં સિલ્વર મેડલ મેળવી ઉત્કૃષ્ટ પ્રદર્શન કરેલ છે. અને તેઓ સપ્ટેમ્બરમાં યોજાનાર પેરાઝી કપમાં પણ ગુજરાતનું પતિનિધિત્વ કરશે.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર





રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત સપ્ટેમ્બર – ૨૦૨૫ માસના વિનામૂલ્યે અનાજ વિતરણની જાણકારી

| કોષ્ટક | ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|---|
| કોષ્ટક-૧ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ-૨૯ જિલ્લાઓ (છોટાઉદેપુર, વડોદરા, અરવલ્લી, મહીસાગર તથા પંચમહાલ સિવાય તમામ) |
| | ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૧૦ કિ.ગ્રા. | |
| | ૩ | | બાજરી | કાર્ડ દીઠ ૧૦ કિ.ગ્રા. | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | કુલ-૩૨ જિલ્લાઓ (છોટાઉદેપુર તથા વડોદરા સિવાય તમામ) |
| | ૫ | | ચોખા | વ્યક્તિ દીઠ ૧ કિ.ગ્રા. | |
| | ૬ | | બાજરી | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| કોષ્ટક-૨ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ - ૦૨ જિલ્લાઓ છોટાઉદેપુર તથા વડોદરા માટેનું વિતરણ પ્રમાણ |
| | ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૧૦ કિ.ગ્રા. | |
| | ૩ | | જુવાર | કાર્ડ દીઠ ૧૦ કિ.ગ્રા. | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિ દીઠ ૧ કિ.ગ્રા. | |
| | ૬ | | જુવાર | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| કોષ્ટક-૩ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ - ૦૩ જિલ્લાઓ અરવલ્લી, મહીસાગર તથા પંચમહાલ માટેનું વિતરણ પ્રમાણ<br>નોંધ - અંત્યોદય કુટુંબો માટે ઘઉં, ચોખા તથા મકાઈનું વિતરણ અને જ્યાં મકાઈનો ઉપલબ્ધ જથ્થો પૂર્ણ થાય ત્યાં મકાઈની અવેજમાં બાજરીનું વિતરણ કરવામાં આવશે. |
| | ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૧૦ કિ.ગ્રા. | |
| | ૩ | | મકાઈ/બાજરી | કાર્ડ દીઠ ૧૦ કિ.ગ્રા. | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિ દીઠ ૧ કિ.ગ્રા. | |
| | ૬ | | બાજરી | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |

સપ્ટેમ્બર –૨૦૨૫ માસમાં રાજ્ય સરકારની તુવેર દાળ, ચણા, ખાંડ, અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./ લિટર (₹) |
|---|---|---|---|---|
| ૧ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૫૦ |
| ૨ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૩૦ |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા.<br>૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૧૫ |
| | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૪ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

ઈ-શ્રમ પોર્ટલ પર નોંધાયેલા શ્રમિકો પૈકી "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા" હેઠળ પાત્રતા ધરાવતા શ્રમિકો નજીકની ઝોનલ / મામલતદાર કચેરીનો સંપર્ક કરી, આ યોજનાનો લાભ મેળવી શકે છે.

આપના રેશનકાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પર થી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

શ્રી કુંવરજીભાઈ બાવળીયા
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકાશે